મેસર કુમારી

સૌ. ભાનુમતી દલપતરામ ત્રિવેદી.

મિસર કુમારી

(બંગાળી ઉપરથી લખનાર)

સૌ. ભાનુમતી દલપતરામ ત્રિવેદી.

પ્રથમાવૃત્તિ,
વિ. સં. ૧૯૭૮.

પ્રકાશક,
પુરૂષોત્તમ પાઠક.
સાંતાક્રુઝ.

[illegible] ૧૦૦૦] ૧-૦-૦ [સને ૧૯૨૨.

શ્રીકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં, રતિલાલ હરજીવન પટેલે છાપ્યું
નં. ૯ અનંતવાડી, મુંબઇ ૨.

વિશ્વબંધુ
ગાંધીજીને
ચરણે.

ભાનુમતી.

મૂળગ્રંથનાં વાચનમાં મળેલા આનંદે આ પ્રયાસ કરાવ્યો. અને નિજાનંદને માટે કરેલું ભાષાંતર સ્નેહીઓનાં દબાણે છપાવી પ્રજા આગળ મૂકું છું. અભ્યાસની ખામી, અવકાશનો અભાવ, લેખનકળાનું અજ્ઞાન અને જીવનના વિવિધ સંયોગો વચ્ચે કામ કર્યું છે.

પ્રુફો સુધારવાનું કામ એક ભાઇએ સ્નેહથી ઉપાડેલું. મ્હારે પોતાને કંઇ કામ ન કરી શકાય તેવી સ્થિતિ આવી અને સુધારનાર ભાઇ બિમાર થઇ ગયા. તેથી તેમાં પણ ન ગમે તેવું કંઇ કંઇ રહી ગયું. આમ છતાં મ્હને મૂળગ્રંથમાંથી જે આનંદ મળ્યો છે તે જોતાં આશા રહે છે કે તે ઘણાંને ગમશે.

ગુજરાતના વયોવૃદ્ધ સાક્ષર શ્રી નરસિંહરાવે પિતા ભાવે સ્નેહથી આ પુસ્તકનું હાથનું લખાણ તપાસી જઇ પ્રસ્તાવના લખી આપી છે. મમતા ભર્યાં ઉત્સાહ વચનો ત્હેમના તરફથી ન સાંભળ્યાં હોત તો આને પ્રકાશમાં લાવવાનું સાહસ કદાચ હું નજ કરી શકત માટે તેમનો ઉપકાર માનું છું.

હવે જે પ્રયાસો થાય છે અને થશે તેમાં આ અનુભવ કામ લાગશે અને આશા છે કે ગુજરાતને ફરીઆદ કરવાનું કંઇ કારણ ન મળે તેવું લખાણ લખવાનું બળ ઇશ્વર આપશે.

વિલેપાર્લા-સાન્તાક્રુઝ, માઘ પૂર્ણિમા સંવત્ ૧૯૭૮	ભાનુમતી દલપતરામ ત્રિવેદી.

પ્રવેશક લેખ.

આ નાટક ગુર્જર વાચક વર્ગ આગળ રજૂ થતાં બે બોલ પ્રવેશક લેખ રૂપે લખવાની મ્હને સૌ. બ્હેન ભાનુમતીએ આગ્રહપૂર્વક માગણી કરી અને મ્હારાથી ના પાડી શકાઇ નહિં, ત્હેનાં મુખ્ય કારણ બે હતાંઃ નાટકના મૂળ ગ્રન્થના અસાધારણ કલાનૈપુણ્યાદિક ગુણ; અને (બીજું) ભાષાન્તર કરનાર તરફ કાંઇંક પક્ષપાત; એ પક્ષપાત અંગત કારણ ઉપરાંત ભાષાન્તરની સફલતા બહુ અંશે થઈ તેથી ઉત્પન્ન થયોછે.

બંગાળીમાંથી ગુજરાતીમાં ભાષાન્તરો કરવાનો પ્રઘાત હવે તો એટલો થયોછે કે એ પ્રવૃત્તિનો ઇતિહાસ, આરમ્ભકાળથી માંડીને, ઘણા જણ ભૂલી પણ ગયા હશે. બંગાળીમાંથી ગુજરાતીમાં ગ્રન્થો ઉતારવાનો આરમ્ભ આજથી ત્રણ દસકા કરતાં પણ વધારે લાંબા સમયથી સદ્‌ગત નારાયણ હેમચન્દ્રે કર્યો હતો. ત્હેની સાહિત્ય-પ્રવૃત્તિ અસાધારણ વેગવાળી હતી અને ત્હેના ગ્રન્થોની સંખ્યા બહુ મ્હોટી હતી. ત્હેની ભાષામાં બંગાળી ભાષાનાં વિલક્ષણ સ્વરૂપોને પ્રવેશ મળ્યાથી અનેકવાર અરુચિ ઉત્પન્ન થતી હતી; તેમ છતાં ત્હેની સાહિત્યસેવા અમૂલ્ય હતી. એ ગુજરી ગયા પછી ક્રમે ક્રમે અનેક જણે બંગાળી સાહિત્યના નમૂના ગુજરાતી વાચક વર્ગના લાભ માટે રજૂ કર્યાછે; અને હવે તો બંગાળી ભાષા જાણવી એ એક જાત્યનું ભૂષણ ગણાવા લાગ્યુંછે. છતાં અત્યાર સૂધી થયેલાં એ ભાષાના ગ્રન્થોનાં ભાષાન્તરોમાં બંગાળી ભાષા ઉપર પ્રભુત્વનાં ચિહ્‌ન જણાયાં નથી. ત્હેનું કારણ કાંઇંક કળી સકાય એમ છે; બંગાળીનું ઉપરટપકિયું જ્ઞાન, ભાષાન્તર માટે જોઇતા ગુણની ઊનતા, એક ભાષાનો મરોડ બીજી ભાષામાં લાવવામાં જે આવશ્યક કળા છે તે કળામાં ખામી; ઇત્યાદિને પરિણામે આ અનિષ્ટ સ્થિતિ નજરે પડેછે; આ સ્થિતિ સુધારવા માટે મુખ્ય ઉપાય એ જ છે કે સારા ભાષાભક્ત અને

વિદ્વાનોએ હાવાં ભાષાન્તરનું કામ હાથ લેવું જોઇયે, અથવા ભાષાન્તરો ઉપર હેવા વિદ્વાનોની દેખરેખ સફળ રૂપે રહેવી જોઇયે.*

પ્રસ્તુત નાટકનું ભાષાન્તર કરવામાં સૌ. બ્હેન ભાનુમતીએ બને તેટલી સંભાળ રાખીને, ઘટતી સહાયતા મેળવીને, ઉપર કહેલાં દૂષણો ટાળવાનો પ્રયત્ન કર્યોછે તે સંતોષની વાત છે; જો કે કેટલેક સ્થળે બંગાળી વિલક્ષણતાઓ રહી જવાથી ગુજરાતી ભાષાના 'મરોડ' જોડે આઘાત થતો જણાશે ખરો. પરંતુ ત્હેવાં સ્થળો અલ્પ જ રહ્યાં લાગેછે. આ કારણથી આ ભાષાન્તરની સફલતાને હર્ષથી વધાવતાં સંકોચ નથી થતો. બીજું આનન્દનું કારણ એ છે કે બંગાળીમાંથી હિન્દીમાં અને હિન્દીમાંથી ગુજરાતીમાં (અથવા અંગ્રેજીદ્વારા ગુજરાતીમાં) એમ ભાષાન્તરો થયેલાં અનેક છે, અને ત્હેમાં મૂળની ખૂબીઓ ઘસાઈ ભૂસાઈ જવાનાં પરિણામ થયાંછે. પ્રસ્તુત ભાષાન્તરમાં તે સ્થિતિ નથી. મૂળ બંગાળીના જ અભ્યાસનું ફળ આપણી સમક્ષ રજૂ થયુંછે.

મૂળ નાટકગ્રન્થના અસાધારણ ગુણો ચિત્તને આકર્ષક છે. એ નાટકનું વિવેચન કરવાનું આ સ્થળ નથી. પરંતુ રસિક વાચકને આ નાટકકારનામાં અસાધારણ ઉત્તમ પ્રતિનું કલાવિધાન જણાયા વિના નહિં રહે. વસ્તુસંકલનામાં ચાતુર્ય, પાત્રસ્વરૂપના ઉદ્દઘાટનમાં સામર્થ્ય, પ્રાચીન ઈજિપ્તના રાજા. પ્રજા, વગેરેનું સુરેખ પ્રતિબિમ્બ આપતું ચિત્રાલેખન,–આ સર્વ અંશો આ નાટકના ઉપર સામર્થ્યની છાપ પાડેછે. નાટકની કથાનો વિષય આપણા દેશથી ભિન્ન દેશના વૃત્તાન્તમાંથી લીધોછે તેથી એ વિશે થોડાક શબ્દોમાં વાચકને પરિચય આપવો અસ્થાને નહિં ગણાય.

ઈજિપ્ત દેશમાં ફારાઓ નામના બાદશાહના સમયમાંથી એક કાલાંશમાં કથા યોજીછે. સમ્રાટ્ હારેમહેબના રાજ્યનો એ સમય છે. રૉલિનસનના પ્રમાણે એ સમ્રાટ્ આશરે ઈ. સ. પૂર્વે

*રવીન્દ્રનાથ ટાગોરની "ચિત્રાઙ્ગદા" નું ભાષાન્તર ઉચિત રૂપે થયું છે તે હાવા જ કારણથી. બંકિમચંદ્ર ચટરજીકૃત 'રજની'નું ભાષાન્તર પણ સફળ થવાનું કારણ રા. બ. ક. ઠાકોર જેવા વિદ્વાનની દેખરેખ તે જ જણાયછે.

૧૪૧૦-૧૩૯૦ માં રાજ્ય કરતો હતો. Historian's History of Egypt ને આધારે હોરમહેબનો સમય ઈ. પૂ. ૧૩૬૮ છે. આ ફરક મહત્વનો નથી. એટલું સ્પષ્ટ છે કે ઈ. સ. પૂર્વે લગભગ દોઢ હજાર વર્ષના સમયની જનસમાજ અને રાજતન્ત્રની સ્થિતિનું ચિત્ર આ નાટકકારે રજૂ કર્યું છે. નાટકનો નાયક રામેસિસ છે; એ કાલક્રમે સમ્રાટ્‌ની પદવીએ આવ્યો હતો. રામેસિસ તે હારેમહેબનો ભત્રીજો હતો એમ નાટકમાં ઇશારો છે. આ માટે ઇતિહાસમાં પ્રમાણ જડતું નથી. પરંતુ તે કાંઇ ભારે દૂષણ ના ગણાય. બીજી પણ કેટલીક હકીકત માટે ઇતિહાસમાં પુષ્ટિ જડતી નથી. ઉદા૦-(૧) ફારાઓ આમિનોફિસે કુલદેવતા આમન દેવના મન્દિરની સાથે સમગ્ર થીબ્સનગરીનો ધ્વંસ કર્યો, ચારે દિશાએ આગ લગાડી; એ કથનમાં કાંઈક અત્યુક્તિ છે. ઇતિહાસ તો માત્ર એટલી જ વાતની સાક્ષી પૂરેછે કે, એ ફારાઓએ થીબ્સ તજ્યું, આમન દેવની પૂજાની મનાઈ કરી; અને ત્હેનું કારણ એ હતું કે, આમિનોફિસની મા અન્ય જાતિની અને અન્ય ધર્મની હતી, અબિસીનિયન હતી એમ સંભવેછે), અને પોતાની મા કનેથી ધર્મભાવના ત્હેણે ગ્રહણ કરી હતી.

(૨) પ્રસ્તુત સમયમાં મિસરમાં રાજ્ય કરનાર જાતિ અને પ્રાચીનતર જાતિ કાફ્રી વચ્ચે કટ્ટો વૈરભાવ આ નાટકમાં સૂચવ્યો છે. પરંતુ ઇતિહાસમાં કાફ્રી નામની પ્રજા જણાતી નથી. રામેસિસના સમયમાં હિટાઇટિસ નામની જાતિ સાથે હેને વિરોધ થયો, એ જાતિયે હુમલો કરવાનો પ્રયાસ કર્યો, ઇત્યાદિ હકીકત છે; એ હિટાઇટિસ જાતિની રાજધાની કાદેશ નામના નગરમાં હતી; એ જાતિનો દેવ, મગરના માથાવાળો દેવ, શેબેક નામનો હતો; ઇત્યાદિ અંશો ઇતિહાસમાં છે, તે આ નાટકમાંના અંશો જોડે મેળવતાં જણાયછે કે, આ હિટાઇટીસનેજ નાટકકારે આફ્રિકાની કાફર જાતિનું નામ સમર્પીને યોજના કરી હશે. કાફ્રી અને મિસરી વચ્ચે લગ્નસંબન્ધ નિષિદ્ધ છતાં ઇતિહાસમાં કવચિત્ દાખલા મળેછે ખરા; ઉદા૦ ૧૮ મા વંશનો સ્થાપક આહ્‌મેસ ઇથિયોપિયન રાજકન્યાને પરણ્યો હતો; અને તે પછી અન્ય ફારાઓએ પણ એ રીતિનું અનુકરણ કર્યું હતું.

આમ ઇતિહાસનો પાયો લઇ નાટકકારે પોતાનો કલાહેતુ સાધવા માટે ઘટતા ફેરફાર કર્યાછે, તે દુષણરૂપ ના જ ગણાય. નાટક કે વાર્તાનો રચનાર તે ઇતિહાસ લખવા નથી બેસતો; ઐતિહાસિક નાટક કે કથા તે નાટક કે કથા પ્રથમ છે, ઇતિહાસ પછી છે; પછી પણ નથી, એ તો માત્ર ઇતિહાસની સામગ્રી ઉપયોગમાં લઇને યોગ્ય ગૂંથણી કરેછે. કલાવિધાન અને ઇતિહાસલેખન એ બે જુદી વાતો છે.

આ નાટકમાંનો એક ગૌણ પણ કાંઇક દ્યોતક અંશ એક છે. ને તે ઇતિહાસના પ્રમાણથી પુષ્ટ છે; ફારાઓના વખતમાં રાજ્યની ઘણી સત્તા તે કાળના બ્રાહ્મણવર્ગમાં હતી અને હેનો લાભ એ લોકો સંપૂર્ણ લેતા. હેનું ચિત્ર આ નાટકમાં સામન્દેશના પાત્રસ્વરૂપમાં જણાશે. (સામન્દેશ એ ઐતિહાસિક વ્યક્તિ ભાગ્યે હશે; જો કે હારમ્હેબના સમયનાં લેખોમાં Osymandyas (ઓસિમેન્દ્યસ) એમ એક નામ છે ખરું).

પ્રસ્તુત નાટકમાંની § નાયિકા નાહરિન કોણ હતી ? કોણ નીકળી ? ઇત્યાદિ બાબતો આ સ્થળે પ્રગટ ના કરતાં રસચમત્કૃતિ જાળવવા માટે વાચકના વાંચનને અંતે પ્રાપ્ત થવા માટેજ રાખવામાં મઝા છે. માટે તે અંશ અત્રે અનુક્ત જ રાખુંછું. તે સાથે કાફ્રી સંઘને હાથમાં લઇને ખારેબે કરેલું હુલ્લડ અને એ પ્રવૃત્તિ જોડે ગૂંથાયલા વૃત્તાન્તો, તે પણ વાર્તાનો રસ સાચવવા માટે વાંચન માટે જ રાખવા વાજબી છે. માત્ર એ હુલ્લડનું સ્વરૂપ અને પરિણામ નાટકકારે કેવી કલાથી યોજ્યાંછે તે જણાવવા માં નાટકનો સમાપ્તિભાગ આ સ્થળે ઊતારવો સપ્રયોજન જાણી ઊતારું છું:—

---

§નાહરિન એ નામનું મૂળ નાહરઇન=બે નદીઓનો પ્રદેશ એ ઉપરથી હશે? યુફ્રેટીસ નદીની પેલીપાર પર્વતોની તળેટીએ આવેલાં ઊંચા નીચાં મેદાનોનું નામ એ હતું. [illegible] સ્થળ ઉપરથી માનવ વ્યક્તિનાં નામ પાડવાનો પ્રચાર પરિચિત છે.

હારેમ્હેબ—હું તમારા કાફ્રી ભાઇઓને સુખી કરવા માટે શું કંઇ કરી શકું?

નાહરિન-કરી શકો,—અતિ સહજ છે. આપના એક માત્ર આદેશની જ અપેક્ષા છે.

હારેમ્હેબ—શું ? કહે નાહરીન કહે. તને ન આપી શકાય એવું મારે કંઇ નથી.

નાહરિન—મહાનુભાવ ફારાઓ, ત્યારે આદેશ આપો કે આજ પછી આ મિસરમાં કાફ્રી અને મિસરીમાં કંઇપણ ભેદ રહેશે નહિ.

હારેમ્હેબ—તેમ થાઓ. આજથી બધાની આંખે બધા વિષયોમાં કાફ્રી અને મિસરી બેય સહોદર ભાઇયોની માફક અભેદ થાઓ. અને આ શુભ મિલન જતે દહાડે સદૈવ અતુટ રહે. તેને માટે આ બે દેવી ભવિષ્યના ફારાઓની બે પાસે સજાગ પહેરેગીર માફક વિરાજમાન થાઓ. (રામેશિસની સાથે સાયા અને નાહરિનનો હાથ મેળવી આપેછે.)

સકલ—શુભમ્ ! શુભમ્ ! સાધુ ! સાધુ !

બારેબ—સમ્રાટ્, હું આપની કાફ્રી પ્રજામાંનો એક; એક દિવસ મેં આપની વિરુદ્ધ અસ્રધારણ કરવાને કમ્મર બાંધી હતી,—અને તેમાં હું મનુષ્યત્વ સમજતો. પરન્તુ આજ હું મારો ભ્રમ સમજી શકયો છું. સમજ્યો છું કે સ્વતંત્રતાનો અર્થ સ્વેચ્છાચાર નથી. તેથી આજ હું દેવતાને નામે શપથ લઉં છું કે, મારા જીવનના શેષ દિવસો હું રાજસેવામાં અતિવાહિત કરીશ. હું પ્રાર્થના કરૂં છું કે મિસરની પ્રજાશક્તિ શાહી છત્રછાયા તળે ચિરકાળ મનુષ્યત્વનાં ગૌરવે ગૌરવાન્વિત થાઓ.

વાંદરા
૫ મી ફેબ્રુઆરી ૧૯૨૨ } **નરસિંહરાવ ભોળાનાથ.**

પાત્રો.

પુરૂષ.

હારેમહેબ—મિસરનો ફારાઓ (શહેનશાહ).

સામન્દેશ—મિસરીઓનો ધર્મગુરૂ.

રામેશિસ—મિસરનો યુવરાજ હારેમહેબનો ભ્રાતુષ્પુત્ર.

આબન—વૃદ્ધ કાફ્રી.

ખારેબ—એનો પોષિત પુત્ર.

જીનો—સામન્દેશનો ભાઇ છદ્મવેશે હકીમ.

દસ્યુગણ સિપાઇઓ વીગેરે.

——:o:——

સ્ત્રીઓ.

સાથા—રાજકુમારી.

નાહરિન—આબનની પાલિતા પુત્રી.

ઝુલા—જીનોની પુત્રી.

પરિચારિકા નાચનારીઓ વીગેરે.

કેટલીક ભૂલોનો સુધારો.

પૃષ્ટ.		લીટી.	ભૂલ	સુધારો.
૮		૮	જોગ	સજોગ
૨૧		૧૪	કહેશે પછી કે	ઉમેરવો
૨૨		૪	લુચ્ચાઢોંગ	લુચ્ચા ઢોંગ
૩૦	ગીત	૭	દિવ્ય	દિન
,,	,,	૧૨	તે	હું
૩૬		૨૪	જન્મની માફક	સદાને માટે
૩૭		૨૦	આનુકૂલ્યે	કૃપાએ
૪૧		૨૩	કું	કે
૪૨		૧૦	બીજું	બીજા
૪૫		૫	આ જીવન	આજીવન
૪૯		૨	તે	ત્હેં
,,		૧૫	દુબાવી	ડુબાવી
,,		૨૬	હાક્ષમાં	હાથમાં
૫૬		૫	તે	ત્હેં
૫૭	ગીત	૨	કરોં	કરે
,,	,,	૬	તુરાર	તિહાર
,,	,,	૭	આંધિયાર	આંધિયા
,,	,,		એં	મેં
,,	,,		માજધાર	મધધાર
૬૬		૧૨	પડકો	પકડો
૭૨		૧૧	પૂજ્યથી	પૂન્યથી
૮૦		૧૫	હંકાર	હુંકાર
૮૪	ગીત	૧	સમરિયા	સાંવરિયા
,,	,,		તોરી	તોરે
,,	,,	૨	બનાયો	બનાઈ
,,	,,	૪	પાખારી	બિખરી
,,	,,	૭	જવાલાય	જલાય
,,	,,	૮	આબો	આવો
,,	,,	૯	મોરિ	મેરા
,,	,,	,,	પુકાર	પુકાર
૮૮	,,	૩	સોહણુ	સોહાગ
,,	,,	૬	જળ	કોઇ
૯૫		૨૪	ખાવે	ખાયે
૧૧૧		૬	સર્તે	શરતે
૧૧૨		૧૩	સન્કુલ	સંકુલ
૧૨૫		૨૧	પ્રજાશક્તિ પછી	શાહી ઉમેરો

જ્યાં જ્યાં હેથિયોપિઆ છે ત્યાં ત્યાં ઇથીઓપિઆ વાંચો.

મિસર—કુમારી.

પ્રથમ અંક.

પ્રથમ દૃશ્ય

કર્નાક નગરને પાદર કાફી—વાડ.

આબન અને નાહરિન.

આબન—નાહરિન, નાહરિન, હું હવે વધારે સહી શકતો નથી. ખારેબ કોઇ રીતે મારી વાત સાંભળતો નથી, કોઇ રીતે સ્વભાવ સુધારવાની ચેષ્ટા કરતો નથી, દુષ્ટ સોબતીઓને કોઇરીતે છોડતો નથી, તેને લીધે હું મોટી વિપદમાં પડયો છું.

નાહરિન—ખારેબ હવે કંઇ બાળક નથી, બાબા, કે પદે પદે તમારા વિધિનિષેધ માની ચાલે. જ્યાં સુધી તે બાળક હતો ત્યાં સુધી તો તમે તેને છાતીએ રાખી, આંગળીએ લઇ ફર્યાં. પણ હવે તે મોટો થયો છે, પોતાનું ભલું બુરૂં સમજતાં શીખ્યો છે. પોતાના પગે ભાર દઈ ઉભતાં શીખ્યોછે. હવે તે સાંભળે શાનો? અને તે જો તમારી વાત સાંભળવા ન ચાહે તો તમને તેને માટે આટલી બધી વ્યથા કેમ?

આબન—કેમ તે તું શું જાણે નાહરિન, તું શું સમજે? હું તેને તેના પિતાની પાસેથી સ્વીકાર કરી બંધાએલો છું. તે વૃદ્ધ મરતી વખતે ખારેબને મારા હાથમાં સોંપી બોલ્યો હતો—'ભાઈ હું તો ચાલ્યો, તમે રહ્યા. તમે આ હતભાગ્ય બાળકડાને સંભાળજો'—તે વાતને આજ દશ વર્ષ તો વિત્યાં નથી. એટલામાંજ

હું એ વાત કેમ કરી ભૂલી જાઉં? આજ કદાચ ખારેબ મારી વાત ન સાંભળે તો પણ હું તેનો કેમ કરી ત્યાગ કરી શકું?

નાહરિન—ત્યાગ નહિ તો બીજું શું કરશો? તે પોતેજ જો તમારો ત્યાગ કરે તો તમે શું કરી શકો?

આબન—બીજું શું કરી શકું? મનુષ્ય કોઇ કાળે કંઇ કરી શકે નહિ. અવસ્થાનો ગુલામ ક્ષુદ્ર મનુષ્ય-નસીબ તેનો કાન પકડી જ્યાં તાણી જાય ત્યાં જવા તે બંધાએલોજ, તોય તે પોતાની અતિ ક્ષુદ્ર શકિતથી ચેષ્ટા કરે, પરંતુ કરી કંઇ શકે નહિ. નાહરિન, હું પણ એકવાર છેલ્લો યત્ન કરી જોઇશ, કે તેની મતિ ગતિ ફેરવી શકું છું કે નહિ.

નાહરિન—હું સમજી શકતી નથી, બાબા, દુનિયામાં આટલાં બધાં લોક છતાં તેનો પિતા તેને તમારા હાથમાં સોંપીને ગયો કેમ. તેને શું કોઇ સ્વજન હતું નહિ.?

આબન—તે હું જાણતો નથી. હું માત્ર એટલુંજ જાણું છું કે ઉપર દેવતા અને પૃથ્વીમાં તેના સિવાય મને પોતાનું કહેનાર કોઇ હતું નહિ. તે હતો તો રકત માંસનો ઘડેલો એક માણસ કે જેના પરને દુઃખે પ્રાણ ગળી જતા, પરની વ્યથા, પરની વિપદ, પરનો હૃદયભાર વહન કરવા માટે જે બેધડક છાતી ધાથરી દેતો. તે જાણતો કે કેમ કરીને પરાયાં પોતાના કરી શકાય. તેથી જે દિવસે મારૂં સર્વસ્વ ઐહિક ખોઇને, તોફાનથી હણાએલો ક્ષુદ્ર જીવ, પૃથ્વીમાં કયાંઇ પણ માથું રાખવાનું ઠેકાણું નહિ પામતાં તેને દ્વારે આવીને ઉભો હતો,-તેણે મને છાતીએ લઇ રક્ષા કરી હતી. નહિતો કયાં હોત તું અને કયાં હોત હું. મારા બહુ દુઃખના તે દિવસો ગયા છે. ધારૂં છું કે તેવું દુઃખ કોઇને પણ કોઇ વખત પડયું નહિ હોય. જાણે પરમ શત્રુ પણ કોઇ વખતે તેવી અવસ્થામાં ન પડે. નાહરિન, તેણે મને પોતાનો કરી લીધો હતો. ધારૂં છું કે તેથી મમતાનું બન્ધન વધારે દૃઢ કરવા માટે મરતી વખતે પુત્રને મારા હાથમાં સોંપી દઇ તે ગયો છે.

નાહરિન—તમારા જીવનમાં આવા દિવસો વિત્યા છે. એ વાત તો પહેલાં કોઇ વખત કયાંઇ પણ બોલ્યા નથી બાબા.

આબન—બોલવાનું પ્રયોજન હતું નહિ, તેથી બોલ્યો નહિ, તો પણ મનમાંને મનમાં કલ્પના હતી કે એક દિવસ તને તે બધું કહીશ. આજ વાત ઉપાડી છે, તો સાંભળ. હું વૃદ્ધ થયો છું નાહરિન, વળી ક્યારે બોલવાનો સુયોગ આવશે તે કોણ જાણે?

નાહરિન—ના બાબા, તમને જો બોલતાં કષ્ટ થતું હોય તો કંઇ પ્રયોજન નથી.

આબન—કંઇ કષ્ટ નથી બેટી, સાંભળ જે દિવસે ફારાઓ આમિનોફિસે તેના પિતૃપિતામહના કુલદેવતા આમનના મન્દિરની સાથે સાથે સમગ્ર થિબ્સ નગરીનો ધ્વંસ કર્યો હતો, ચારે દિશાએ મોટી આગ સળગાવી શહેરને રૂદનના સ્વરોથી ભરી દીધું હતું, તે દિવસે બધાં કરતાં વધારે જુલમ થયો હતો, આ અભિશપ્ત કાફ્રીજાતિ ઉપર; વળી તેમાંય બધાં કરતાં વધારે સહન કરવું પડ્યું હતું તે આબનને. શા માટે ખબર છે?

નાહરિન-શા માટે બાબા?

આબન-એક તો અમે કાફ્રી એ મિસરમાં અમારો મોટો-અપરાધ. તે ઉપરાંત, તારી મા હતી મીસર રમણી. એ વખતમાં કાફ્રીને ઘેર મિસરની તપ્તકાંચન વરણી સુન્દરી—તે અપરાધને શું ક્ષમા હોય? બેટી, બેટી, તું તેની કલ્પનાયે કરી શકીશ નહિ. જે જુએ નહિ તે સમજી શકે નહિ. મારી આંખો આગળ તારી માએ તેના અત્યાચારની આગમાં પ્રાણ દીધો,-હું પુરૂષ, કંઇ પણ નિવારણ કરી શક્યો નહિ. શોકે, અપમાને, ઘૃણાએ, લજ્જાએ મારી છાતી ભાંગી ગઇ. ધાર્યું કે હું મરીશ. પરંતુ કરી શકું કેમ? મારા નસીબે મને કાન પકડી બચાવી રાખ્યો. ત્યાર પછી જેટલાં દુઃખ મારા માટે આવ્યાં, તે બધાં હું ભોગવી ચૂક્યો.

નાહરિન-બાબા, બાબા,.——

આબન-સાંભળ બેટી, ત્યાર પછી દુઃખનાં અનેક તોફાન મારા માથા ઉપર આવી ચાલ્યાં ગયાં છે. વિપદ્ ઉપર વિપદ્‌નાં મોજાંએ આવી મારી છાતા ઉપરથી તને છીનવી લેવાના યત્નો કર્યા છે. પરંતુ મેં તને છોડી નહિ. પ્રાણપણે આ છાતીની અંદર બાથ

ભીડી પકડી રાખી, ત્યારે તો તું આજે આટલી મોટી થવા પામી છુ. (નેપથ્યમાં બૂમ—"કોઇ આવો—રક્ષા કરો—ખૂન કરે છે—મારી નાખે છે."—એકદમ કોઇ આવી વિપદ્‌ગ્રસ્તનું મુખ દાબે છે.)

આ સાંભળ નાહરિન, આ સાંભળ આ ખારેબનું કાજ. હતભાગ્ય છોકરો અને એક વખત પાગલ કર્યા વિના છોડશે નહિ.

નાહરિન—કેવું ભયાનક!—કેવું નૃશંસ? તેનો પિતા તો હતો દેવતા, ત્યારે આ કેમ આવો છે? મારા બાબાની વાત તે શા માટે ન સાંભળે? હું તેને એક વખત સમજાવી જોઇશ.

(ચેતનહીન રામેશિસને લઇ આબનનો પુનઃ પ્રવેશ) બાબા, બાબા, ખારેબ કયાં?

આબન—તે તેના દળ સાથે ચાલ્યો ગયો. મેં બોલાવ્યો પણ આવ્યો નહિ, જાય જે સ્થાને—તેની ખુશી, હું બીજું શું કરી શકું? સાંભળ, હું આને ઘેર લઇ જાઉં છું. માથામાં ચોટ લાગી છે—થોડું કરશું તો વિપદ્ આવી પડશે. તું બને તેટલી ઉતાવળથી જઇને કેટલાંક સબુજ ફૂલની છાબ લઇ આવ.

નાહરિન—આ ચાલી બાબા, હમણાંજ આવું છું.

(રામેશિસનો અચેતન દેહ ખભે લઇને આબનનું જવું—નાહરિનનું બીજી દિશાએ પ્રસ્થાન—ખારેબ અને કેટલાક લાઠી ધારી કાફ્રી યુવકોનો પ્રવેશ.)

ખારેબ—તું ઠીક યાદ રાખે છે, એ તેજ માણસ?

પ્ર-યુવક—હા મેં બરાબર જોયું છે.—મારી કંઇ ભૂલ નથી. આ લોકો કેટલાક દિવસ થયા અમારી પાછળ લાગ્યા છે, પણ અફસોસ જે એકી વખતે ખતમ કરી શકયા નહિ.

ખારેબ—હાં—ભાઇ, એમને કોઇ રીતે જીવતા છોડવા ન જોઇએ. અમે દેવતાને નામે શપથ લઇ પ્રતિજ્ઞા કરીએ છીએ—એ કાળસાપનો વંશ જે ઠેકાણે મળે ત્યાંજ એકી વખતે તેને નિર્મૂળ કરીશું.

દ્વિ-યુવક—તમારી શી ઇચ્છા છે સરદાર, આ વૃદ્ધના આશ્રયમાંથી તેને બળાત્કારે લઇ જઇ ખુન કરી નાંખીએ?

આરેબ-હાં ભાઇ.

તુ-યુવક—ના સરદાર, આટલી બધી ઉતાવળ કરવી ઠીક નહિ. ગમે તેમ હો પણ મનુષ્ય.

આરેબ-કોણ મનુષ્ય? શાનો મનુષ્ય? એ મિસરી. તેઓ શતાબ્દી પર શતાબ્દી થયાં આ નિરપરાધી કાફ્રીજાતિની ઉપર રાક્ષસની માફક જુલમ કરી રહ્યા છે. તેઓનાં ધન–પ્રાણ–માનને પશુની માફક પદદલિત કરી ધિક્કારી ફેંકી દે છે, તેઓનાં દીકરા-દીકરી-બ્હેન-વહુને ઘેર લઇ જઇ ખરાબ શબ્દો કહી વિદેશમાં વિક્રય કરેછે. તેઓ કઇ બાબતમાં અમારી સાથે મનુષ્યના જેવો વ્યવહાર રાખે છે? તેઓની આંખે અમે મનુષ્ય નથી, તો તેઓ અમારી આંખે મનુષ્ય હોય શેનાં? ના, ના. તમારી ઇચ્છા હોય તો તમે તેઓને ક્ષમા કરી શકો છો, પરંતુ હું કરીશ નહિ.

પ્ર-યુવક-ના ના અમે તો તેઓને ક્ષમા કરીશું નહિ. ચાલો તેને પકડી લાવી ખુન કરી નાંખીએ.

આરેબ-ના, ના, એટલી બધી ઉતાવળ નથી–જરાક રાત જાય ત્યાર પછી. અહીંથી ચાલો. આ સ્થાને ઉભા રહી હલ્લો કરવો તે સારૂં નથી. (બધાનું જવુ)

(પુષ્પગુચ્છ લઇને નાહરિનનો પુનઃપ્રવેશ.)

નાહરિન-સર્વનાશ!–એઓ એકદમ ઘેલા થયા છે. બાબાની પાસેથી તેને ખુંચવી લઇ, ખુન કરી નાખશે? ના, ના, મિસરીઓ ખરાબ માટે અમે પણ ખરાબ થઇએ? તે આહત, મૂર્છિત બાળક માફક અસહાય, તેને એઓ નિર્દય ભાવે હત્યા કરે અને અમે ચૂપ રહીએ? ના, ના. તેમ થશે નહિ. તેને બચાવવોજ જોઇએ. પરંતુ કેમ કરીને? કેમ કરી તેને બચાવું? જાઉં બાબાને કહું, જો કદાચ તે કંઇ ઉપાય કરી શકે તો. (પ્રસ્થાન.)

——:૦:——

દ્વિતીય દૃશ્ય

—:૦:—

મન્દિર—પ્રાંગણ.

સામન્દેશ-દુનિયાના એક છત્ર સમ્રાટ્, વિશ્વના દેવતા આમન! તમને પ્રણામ કરૂં છું. તમારાં પુનરાગમને તમારી સૃષ્ટિ પુનઃ હસી ઉઠે છે, તમારી જ્યોતિથી આ મરુભૂમિ પુનઃ ઉદ્ભાસિત થાય છે, રેતીના કણે કણે તમારી મૂર્ત્તિ પ્રતિફલિત થાય છે, તમારી કરૂણાની જીવન્ત પ્રતિમા આ વિશાળકાયા નીલા આબાદીવાળા મિસરને ફલે-ધાન્યે પૂર્ણ કરી નીલસલિલ રાશિ લઇ નાચતી નાચતી સાગર તરફ દોડતી જાય છે. તમારી ઈચ્છાથી સમ્રાટ્ હારમહેબ દેશમાં પુનઃ શાન્તિની પ્રતિષ્ઠા કરે છે. તમને પ્રણામ કરૂં છું. તમારા આશીર્વાદથી સમ્રાટ્ દીર્ઘજીવી થાઓ, તેનો વંશ ચિરકાલ મિસરનું રાજત્વ ભોગવો.

(કોઇ એક સિપાઇનો પ્રવેશ.)

સિપાઈ-પ્રભુ આપ અહિંઆ? મેં આખું મન્દિર જોયું, આપને શોધી શક્યો નહિ તેથી અહિં આવ્યો.

સામન્દેશ-પ્રયોજન?

સિપાઇ-પ્રભુ, મોટી વિપદ! કાલ રાત્રિએ યુવરાજ રામેશિસ છદ્મવેષે નગર ભ્રમણે બહાર ગયા હતા, સાથે મ્હારા શિવાય બીજો કોઇ દેહરક્ષક હતો નહિ. શહેર બહાર કાફ્રી-વાડ પાસે કોઇ એક કાફ્રીએ અમારી ઉપર આક્રમણ કર્યું. મેં તેને અટકાવ્યો તેવામાંજ કોઇએ મારા માથામાં આઘાત કર્યો, તેથી હું મૂર્ચ્છિત થઇ પડયો. ત્યાર પછી શું થયું તે કંઇ જાણતો નથી. જ્યારે જાગ્યો ત્યારે રાત્રિ ઘણી થોડી હતી. અતિ કષ્ટે હું ઉઠયો, ચારે દિશાએ યુવરાજને શોધવા માંડયા પણ ક્યાંઇ તેમને જોઇ શક્યો નહિ. મહેલમાં આવ્યો, સાંભળ્યું કે તેઓ પાછા ફર્યા નથી, પ્રભુ મને મોટી શંકા છે. જલદી નિવારણનો ઉપાય કરો.

સામન્દેશ-દુષ્ટોની આટલે સુધી સ્પર્ધા! સમ્રાટ્‌ના ભ્રાતુ-ષ્પુત્ર મિસરના ભાવિ અધિપતિ યુવરાજ રામેશિસ પ્રતિ આક્રમણ! વારૂ, તેઓ કોણ તે કંઇ સમજી શક્યા?

સિપાઇ-સારી રીતે કંઇ સમજી શક્યો નહિ. તો પણ મને લાગેછે કે તે ખારેબનું દળ હશે. કેટલાક દિવસ થયા તેઓના ઉત્પાતથી કાફ્રી-વાડની આસપાસ સંધ્યા પછી લોક ચાલી શકતા નથી. તેઓની વિરૂધ્ધ ફરિઆદો પર ફરિઆદો આવે છે પણ પુરાવાના અભાવે કંઇ ઉપાય થતો નથી. અમે-હું અને યુવરાજ કેટલાક દિવસો થયા તેઓના સંબંધે તપાસ કરીએ છીએ, મને લાગેછે કે તેઓ યુવરાજને ઓળખે છે, જાણી જોઇનેજ આ કામ કર્યું છે.

સામન્દેશ-મને તારી વાતથી આશ્ચર્ય થાય છે. એકતો કાફ્રી વિરૂદ્ધ મિસરીની ફરિઆદ, તેમાં વળી પ્રમાણની દરકાર? મિસરીની વાત તેજ યથેષ્ટ પ્રમાણ. જાઓ આજ વખતે માણસો લઇ અગ્રસર થાઓ. કાફ્રી-વાડના પ્રતિ ગૃહે પ્રવેશ કરી-સર્વત્ર ખુણે ખુણા શોધી જે ઠેકાણે હોય ત્યાંથી યુવરાજને લાવવોજ જોઇએ. અને તે દુષ્ટ ખારેબ-તેને જીવતો અથવા મરેલો ગમે તે અવસ્થામાં કેદ કરી લાવો.

સિપાઇ-જેવી આજ્ઞા પ્રભુ. (જવા માંડેછે).

સામન્દેશ-વળી સાંભળ-કદાચ તે દુષ્ટ ખારેબને પકડી ન શકો તો વૃદ્ધ આબનને પકડી લઇ આવો. તેજ વૃદ્ધ કાફ્રી-વાડનું માથું. તેના થકી ખારેબને અનાયાસે મેળવી શકીશું. જાઓ હવે એક પળ પણ વિલંબ કરો ના.

(બન્નેનું ભિન્ન દિશાએ પ્રસ્થાન.)

તૃતીય દૃશ્ય

———:૦:———

રામેશિસનો ઓરડો.

રામેશિસ એકલો બેઠો છે.

———૦———

રામેશિસ–એ શું સ્વપ્ન કે ઇન્દ્રજાળ?–મને બરોબર યાદ છે કે હું કાફ્રીઓના આક્રમણથી આહત થઇ મૂર્છિત થયો હતો. ત્યાર પછી જ્યારે ચેતના આવી, ત્યારે જોયું તો હું પર્વતગહ્વરે પર્ણશૈય્યામાં પડયો હતો. અને તે પર્ણશૈય્યાની પાસે આહાહા શી તે મૂર્ત્તિ? જાણે સ્વર્ગનું એક અપુર્વ સુખ સ્વપ્ન, દેહ ધારણકરી ધરતી ઉપર આવ્યું છે,–જાણે આમનદેવની વિરાટ જ્યોતિની એક વિરલ રશ્મિ અંધકારમાં ફુટી નીકળે છે,–જાણે તેનો એક ફાંટો જીવન્ત કરૂણા જોગ પહેરેગીરની માફક મારા ઓશીકે બેઠેલ છે. શી ઉત્કંઠા તેની આંખે! શો સ્નેહ તેના મુખે! અરે કેવી કોમળતા તેના કરસ્પર્શે? તેણે મને સચેતન જોઇ થોડુંક ઔષધ પાયું. તેના હાથે તે અમૃતબિન્દુ પાન કર્યાથી મારા દેહમાં નવજીવનનો સંચાર થયો,–એક તીવ્ર આનંદે મને છાઈ દીધો,–થોડી વારે હું વળી ઉંઘમાં પડયો. જાગ્યો, જોયું તો મહેલ પાસેની કુરસબંધી ઉપર સુતોહતું. કોણ તે દેવી? તેને એક વખત ધન્યવાદ આપવાનો યે અવકાશ મળ્યો નહિ. તેનો કંઠસ્વર કેટલો મધુર! અવર્ણનીય.

(સામન્દેશનો પ્રવેશ)

સામન્દેશ–વત્સ રામેશિસ, હવે કેમ જણાય છે?

રામેશિસ-હું બહુજ સુસ્થ થયોહતું પ્રભુ, આપ નિશ્ચિંત થાઓ.

સામન્દેશ–જોઉં તમને કયાં આઘાત થયો છે?

(મસ્તક પરિદર્શન)–આશ્ચર્ય! આઘાતનું ચિહ્‌ન પણ નથી! વત્સ તું કંઇ અનુમાન કરી શકે છે. કે આ બે દિવસથી તું કયાં હતો?

રામેશિસ–કંઇ પણ કહી શકતો નથી. સમગ્ર વ્યવહાર જાણે મારે માટે એકાદ સ્વપ્ન હોય એમ લાગે છે.

સામન્દેશ–વારૂ તે પર્વત ગહ્વર કેટલી દૂર, કઈ દિશાએ તે કંઇ જાણી શકયો છે? તે પર્વત ગહ્વરજ તેમાં તો કંઇ સન્દેહ નથી ને?

રામેશિસ–કંઇ પણ જાણી શકયો નથી. ખરૂં કહું તો મને માત્ર એક ઘડીજ ચેતના હતી. ત્યારે હતી રાત્રિ. શૈય્યા પાસે એક ઝાંખો દીવો બળતો હતો, તેથી ગહ્વરની બીજી બાજુએ કંઇ પણ જોવામાં આવ્યું નહિ. જોવાનો સમય વિશેષ મળ્યો નહિ. મારી પર્ણશૈય્યા શિવાય લાગેછે કે બીજી કંઇ વસ્તુ તે સ્થાને હતી નહિ; પરંતુ તે કયાં કેટલે દૂર તે તો મારી ધારણાની બહાર છે. બીજું—ના તે બાલિકાની વાત બીલકુલ બોલીશ નહિ.

સામન્દેશ–બીજું શું?

રામેશિસ–ના બીજું કંઇ નહિ.

સામન્દેશ–વારૂ તું વિશ્રામ કર. આજ બીજે કયાંઇ જતો નહિ.

રામેશિસ–જેવી આજ્ઞા. (સામન્દેશનું જવું)

(સાયાનો પ્રવેશ.)

રામેશિસ–કેમ સાયા, આવે અસમયે જે?

સાયા–તમારી પાસે આવવું તેમાં વળી સમય અસમય કેવો?

ગીત.

અર્પ્યું છે તવ કાજે,
જીવન મમ અર્પ્યું છે તવ કાજે.
હૃદય પાથર્યું ચરણ તળે તુજ,
ભવની વસમી વાટે;
જીવને—મરણે રહું સહચરી હું,
આશ ન બીજી જાગે—જીવન.
નયનથી કાળી કાજળ રેખા,
જાય વહી આંસુએ;
આવે નિશા લઇ નિદ્રા સંગે,
કિન્તુ જાયે વિફળે—જીવન.

દિનરાત્રિ મુજ જાય પૂજનમાં,
ધ્યાને તુજ રવ જાગે;
ભુવન ભરી મુજ ગગન છાઈને,
તુજ રૂપ જ્યોતિ પ્રકાશે—જીવન.

રામેશિસ-સાયા મને જરાક એકલો રહેવા દે. હું ઘણો દુર્બળ છું, વાત કરવાની ઇચ્છા થતી નથી.

સાયા-ખબર પડતી નથી કે આજ તમે કેમ મારા પ્રતિ આટલા નિર્દય છો. મેં કાંઇ તમને વાત કહેવાનું કહ્યું નથી. માત્ર તમારી પાસે જરાક બેસવા ચાહું છું. શા માટે તમે તેનું વારણ કરો છો? હું જ્યારે જ્યારે તમારી પાસે આવું છું, ત્યારે કેમ તમે મને હાંકી કાઢો છો?

રામેશિસ-છી. સાયા એવી વાત મુખે આણતી ના. તને હું હાંકી કાઢું છું? ના સાયા તેમ નથી. વૃથા દુઃખ કરીશ નહિ. ખબર નથી શા માટે મને એકલા રહેવાની ઇચ્છા થાય છે. કોઇનો સંસર્ગ મને સારો લાગતો નથી.

સાયા-જો એકલા રહેશો તો તમારૂં મન ખરાબ થશે. એવું શું થયું છે યુવરાજ, કે જેથી તમે એકદમ મુંઝાઇ ગયા છો? થોડાક દિવસ પછી તમે મિસરના સમ્રાટ થશો, ત્યારે તમારે પ્રતિદિન કેટલીય વિપદ, કેટલાય શત્રુ સાથે યુદ્ધ કરવું પડશે. આવા તુચ્છ વ્યવહારમાં આટલું બધું કાયર થવું તમને છાજતું નથી.

રામેશિસ-તુચ્છ વિષય! સાયા, સાયા, (સ્વગત) ના, તે બાલિકાની વાત કોઇને પણ કહીશ નહિ, તેની ચિન્તા માત્ર મને એકલાનેજ—મારો સંપૂર્ણ નિશ્ચય છે કે કોઇને તે સંબંધી ચિન્તાનો અંશ આપી શકીશ નહિ.

સાયા-કેમ, બોલતા બોલતા અટકયા કેમ? બોલો શું બોલવા જતા હતા?

રામેશિસ-કંઇ નહિ, હું જરાક એકલો રહેવા ચાહું છું.

સાયા—ના કહેશો, બળજોરી નથી. તમારી જો ઇચ્છા ન હોય તો હું સાંભળવા ચાહતી નથી. પરંતુ મારા સમ તમને તમે આટલા વિરાગી થઇ જાઓ નહિ.

રામેશિસ-મને કંઇ સારૂં લાગતું નથી.

સાયા-ત્યારે એક કામ કરો. બાબાએ સિરિયાથી બાંદીનું એક ટોળું મોકલ્યું છે. તેમનું જેવું રૂપ, તેવોજ તેમનો કંઠ સ્વર અને તેવુંજ તેમનું નૃત્ય કૌશલ્ય. હું તેને અહિંયાં મોકલું છું. તેઓનું એકાદ ગીત સાંભળો,-તમારા પ્રાણમાં સ્ફૂર્તિ આવશે. તમારા મલિન મુખે હાસ્ય ફૂટશે.

રામેશિસ-ભલે તારી જેવી ઇચ્છા.

(સાયાનું પ્રસ્થાન)

એ કોઇ રીતે એકલો રહેવા દેશે નહિ. જોઉં કદાચ એકાદ ગીત સાંભળ્યા બાદ એના હાથ થકી મુક્તિ મળે.

(બાંદીઓનો પ્રવેશ.)

બાંદીઓ (ગીત).

કહે કયે ઠેકાણે કોના ઉરને ઉંડે સ્થાને—
શત વસન્ત હતી લસન્ત આવે છે,
જે તવ આવાહને?
જ્યોત્સના ઢોળાય ચરણે,
પરિમલ ભર્યો મન્દ મલય સોહાગે,
સંચરે—કયે સ્થાને?
વાંચ્છિતા ચિર સ્વપ્ન છબિ,
દેખી બંધુ—કોને નયને?
કુસુમ લતાનો બંધ છોડોછો,
જાઓછો ભૂલી કેમએ?

રામેશિસ-તમારા ગીતથી હું સંતુષ્ટ થયો છું. તમે અહિંથી જાઓ. નોકરની સાથે ઇનામ મોકલાવું છું.

(બાંદીઓનું પ્રસ્થાન.)

કંઇ સારૂં લાગતું નથી. રહી રહીને તેની વાત મનમાં આવે છે. કોણુ તે બાલિકા, કઇ તે પર્વતગહ્વર, કેમ કરી શોધી બહાર કાઢું? તેને મારા પ્રાણુની કૃતજ્ઞતા જણાવ્યા શિવાય હું કોઇ રીતે સ્થિર થઇ શકીશ નહિ. તે સ્વર્ગની દેવી, તેને તેના યોગ્ય સન્માન દેવુંજ જોઇએ,—પરંતુ ક્યાં, કેમ કરીને? (વિચારીને) હાં એમ કરીશ. આજ વળી છુપા વેષે તેજ કાફીવાડની દિશાએ જાઉં. જોઉં દેવતાની ઇચ્છાથી લુંટારા મારા ઉપર આક્રમણુ કરેછે કે નહિ. જો મારૂં ભાગ્ય પ્રસન્ન હોય, જો તેનો દર્શનલાભ નશીબમાં હોય તો, વળી થવાય તો આહત થઇ તેના આશ્રયે જઇ પડી શકાય.

ચતુર્થ દૃશ્ય.

—o—

વૃક્ષતલ—નાહરિન અને આરેબ.

નાહરિન-આરેબ તું અતિ હીન, કાયર પુરૂષ! મિસરીઓને જો શિક્ષા આપવા ઇચ્છો, તો બધા મળી ફોજ બાંધી તેઓ ઉપર આક્રમણુ કરતા કેમ નથી? આવી રીતે ચોરની માફક અન્ધકારમાં મુખ છુપાવી તેઓના માથામાં લાઠી મારવાથી શો લાભ છે?

આરેબ-ફોજ બાંધી આક્રમણુ કરૂં? કોને લઇને ફોજ બાંધું? અમારી અંદર કોઇ પણુ મનુષ્ય છે? બધા ઘેટાંરક્ષક. નાહરિન આજ જો હું મિસરીઓના આ દારૂણુ અત્યાચાર દમન કરવા માટે દેશે દેશે, નગરે નગરે, ગામે ગામે, બૂમો પાડી પાડી મોમાંથી લોહી વહે ને મરી જાઉં; જો પ્રત્યેક કાફીના દ્વારે દ્વારે જઇ બધાના પગ પકડી ખુશામત કરૂં; તોય એક પણુ કાફી આવી મારી પાસે ઉભો રહે નહિ. કાફી સર્વમળી એકી સાથે થઇ મિસરીઓ ઉપર આક્રમણુ કરશે નાહરિન?—તે સ્વપ્ન કોઇ વખતે યે સફળ થશે નહિ.

નાહરિન-પરંતુ આવી હીન દસ્યુવૃત્તિની અપેક્ષાએ તો અત્યાચાર સહેવો તે સારો.

ખારેબ-હું શું તે સમજી શકતો નથી નાહરિન? પરંતુ શું કરૂં? હું લાલચોને સંકેલી શકતો નથી. જેમ સાપને દેખતાંજ લોકો તેના માથામાં લાઠી માર્યાં વિના રહી શકતા નથી, તેવી રીતે હું પણ મિસરીઓને હાથમાં આવતાં અક્ષત દેહે છોડી શકતો નથી.

નાહરિન-ભાઇ મિસરીઓ પાપ કરે તેની સજા દેવતા દેશે. તને મને તેનો શો અધિકાર?

ખારેબ-ત્યારે અમારા ઉપર આવો અત્યાચાર કરવાનો તેઓનો શો અધિકાર છે? લોહીના લાલચુ પશુ અધિકાર અનધિકાર સમજતાં નથી, યુક્તિ તર્ક માનતાં નથી, જેને જુએ તેને ગળે ત્રાપ મારી તેના લોહીનું પાન કરે. તેઓ તેવીજ રીતે કાફ્રીઓના ઉપર જુલમ કરતી વખતે ન્યાયાન્યાયનો વિચાર કરતા નથી, ધર્માધર્મ માનતા નથી, વિવેક હારી જાય છે, ઈશ્વરનું અસ્તિત્વ ભુલી જાય છે. તેઓને દમન કરવા એક પશુબળ શિવાય અમારી પાસે બીજું શું છે?

નાહરિન-થાય તેઓ પશુ. આપણે તો મનુષ્ય. આપણે મનુષ્ય થઇ જન્મ્યા છીએ. મનુષ્ય રહેશું. તેઓની સાથે સાથે આપણાથી પશુ થઇ જવાય કેમ? ખારેબ, મારે હુકમે—તારે મનુષ્ય થવું પડશે. આવી પશુવૃત્તિ ત્યાગ કરી મનુષ્યની માફક, વીરની માફક, જાતિના કલ્યાણે આત્મવિસર્જન કરવું પડશે.

ખારેબ-પહેલાં કેમ કહ્યું નહિ? એક વખત તેનો એ યત્ન કરી જોત. હવે તો સમય નથી. તું જુવે છે ને નાહરિન હું મરવા ચાલ્યો છું.

નાહરિન- ના, ના, ખારેબ તું જતો રહે અતિ દૂર દેશે, ક્યાંઈ પણ જઇ પ્રાણ બચાવ્ય. જે દિવસે તું મનુષ્ય થઇ પાછો આવીશ, તે દિવસે કોઈ પણ મારી શકશે નહિ. તે દિવસે મિસરની સમગ્ર કાફ્રીજાતિ તારી દેવની માફક પુજા કરશે. તારા એકના આવાહનથી મિસરી રાક્ષસોને શિક્ષા દેવા માટે, શેરીએ

શેરીએથી, બાળક વૃદ્ધ, સ્ત્રી પુરૂષનાં ટોળે ટોળાં દોડતાં આવશે. ખારેબ, તું ફરીથી આવી એક દિવસ આ પતિત જાતિનો ઉધ્ધાર કરીશ. ઇથિઓપિયાનું અમારૂં પ્રાચીન સામ્રાજ્ય પુનઃ સ્થાપીશ, એવી આશાથી હું હિમ્મત ધરી રસ્તો જોતી રહીશ. મને નિરાશ કરીશ નહિ. ભાઇ, મારી વાત માન,—અહિંયાથી જા.

ખારેબ–તે બની શકશે નહિ. હું બચી જાઉં પણ તમારી શી દશા થાય? સરકારી સિપાઇઓ મને ખોળવા માટે આખું શહેર ઉલટપાલટ કરી રહ્યા છે. આજ જો તેઓ મને ખોળી ન શકે, તો કાલ સિપાઇ સફરા પગપાલ આવી તમારૂં સર્વ નાશ કરી નાંખે, અને તો બાળક વૃદ્ધ બધાંને પકડી લઇ જઇ નિર્દય રીતે હત્યા કરે. અને તો આખી કાફ્રી–વાડની કાફ્રી–વાડ આગ લગાડી રાખ કરી નાંખે.

નાહરિન–તો પણ તારે બચવું જોઇએ, તો પણ તારે બચવુંજ જોઇએ. હું સમજી શકું છું કે તું પશુ નથી, તું કાયર પુરૂષ નથી, –તું મનુષ્ય, તું વીર, –માત્ર પંથ શોધી લેવામાં ભૂલ કરી છે. બચી જઇને તારે તે ભૂલનું સંશોધન કરવું પડશે. તારા પ્રાણનું જાતિને પ્રયોજન છે. જો કે જાતિને માટે પાંચ દશ કુટુંબોનું સર્વ નાશ થઇ જાય તેથી હાની નથી. તારે તો બચવુંજ જોઇશે.

ખારેબ–ત્યારે તેમ કરૂં. નાહરિન હું જાઉં છું. મને વિદાય આપો.

નાહરિન–ઉભો રહે. બીજી એક વાત સાંભળ. બાબાને મોઢેથી સાંભળ્યું છે કે મિસરીઓએ મારી માને બાળીને મારી નાખેલ છે. તેઓના તે અપરાધની શિક્ષા આપવાનો ભાર હું તને આપું છું. હું સ્ત્રી, અબળા–મારી પોતાની કંઇ શક્તિ નથી. મારે માટે થઇ તારે આ કામ કરવાનું છે.

ખારેબ–વારૂ મારાથી બનશે ત્યાં સુધી તારા આદેશનું પાલન કરીશ. નાહરિન, તને પણ મારે એક વાત કહેવી છે. અનેક દિવસો થયા કહું કહું કરતો હતો પણ કહી શકયો નહિ. આજ

હું મારી જન્મ ભૂમિ છોડી જાઉં છું. કયાં જાઉં છું ખબર નથી; વળી કયારે પાછો ફરીશ કે નહિ તે પણ જાણતો નથી; આજ મારી તે વાત કહી દઇશ.

(આબનનો પ્રવેશ.)

આબન-આ કોણ ખારેબ? તું અહિંયા આ સ્થાને ઉભો છે? એકદમ જતો રહે. સિપાઇનું એક ટોળું તને શોધવા માટે આ દિશાએ આવે છે. તેઓના અહિં આવ્યા પહેલાં જતો રહે.

ખારેબ-આ ચાલ્યો. જવા પહેલાં હું આપની પાસે ક્ષમા-ભિક્ષા માગું છું. આપ મારા પિતૃતુલ્ય. હું મહા પાપી, આપની સામે મેં બહુ મોટો અપરાધ કર્યો છે, આપનું કહ્યું માન્યું નથી. આપ મને ક્ષમા કરો.

આબન-તારા માગ્યા પહેલાંજ મેં તને ક્ષમા કરી છે. અહિંથી જા. હવે એક ક્ષણ પણ વિલંબ કર નહિ. ઉભો રહે-(પોતાની આંગળીએથી એક વીંટી કાઢી ખારેબની આંગળીએ પહેરાવે છે.)

ખારેબ-આ શું?

આબન-સમ્રાટ્ સાલાટિસની નામાંકિત મંત્રેલી વીંટી. જેના હાથે તે રહે તેને વિપદનો ભય નથી.

ખારેબ-તે મને કેમ આપી?

આબન-તને તેનું કામ પડશે ધારી. જા યુવક, વધારે વાત કહેવાનો સમય નથી.

(ખારેબનું પ્રસ્થાન-પછીથી આબન અને નાહરિનનું પ્રસ્થાન—

કેટલાક સૈનિકોનો પ્રવેશ.)

પ્ર. સૈનિક-આશ્ચર્ય! ખારેબ જાણે એકદમ હવામાં મળી ગયો. આટલી મહેનત કરી પણ તેને શોધી શકયા નહિ. આખા શહેરના ખુણે ખુણા તપાસી શોધ કરી, કાફીવાડના દરેક ઘરમાં તપાસ કરી, તેનું ચિહ્ન પણ નથી. ભાઈ સાહેબ, આ વખતે

ચાલો બુઢ્ઢા આમનને પકડી લઇ જઇએ. તે જરૂર આરેબની વાત જાણે છે. માત્ર ઢોંગાઇ કરી બોલતો નથી. વાંસામાં થોડાક ચાબુકના ઘા પડયા વિના બુઢ્ઢો કુતરો કોઇ રીતે પાંસરો થશે નહિ.

દ્વિ. સૈનિક—એ વાત બરાબર. કેટલાક ચાબુકના ઘા પડયેથી બુઢ્ઢો હરામખોર ઝટ પટ બધી વાત કહી દેશે.

(બધા ચાલવા માંડે છે એવામાંજ

એક ઝોળી ફળ લઇને નાહરિનનો પુનઃ પ્રવેશ)

તૃ. સૈનિક—વાહ વાહ, કેવી સુંદર છોડી! આતો આ કાફ્રી-વાડની અંદર આવા કાચા સોનાના જેવું રૂપ! વળી આવું કમળ ફૂલના જેવું મુખ! એતો મોટું આશ્ચર્ય!!

પ્ર. સૈનિક—તેમજ તો! આતો આસ્માનનો ચાંદ એકદમ જમીનમાં નીચે આવ્યો છે!

દ્વિ. સૈનિક—આહા, શી વાત કરી ભાઇ! જાણે મારા પ્રાણની વાત એકદમ ખેંચી કાઢી બોલે છે. બોલ અરે ઓ આસ્માનના ચાંદ.

પ્ર. સૈનિક—જરા ઉભો રહે. હું પૂછુ છું. કહે અરે ઓ, તું કોની છોડી? કયાં રહેવું? નામ શું?

નાહરિન—હું કાફ્રીની દીકરી, આ વાડામાં રહુછું. નામ નાહરિન.

દ્વિ. સૈનિક—કાફ્રીની છોડી? શું બોલી? કાફ્રીની છોડીનું આટલું બધું રૂપ! વારૂ, કહે તો ખરી આ કાચા સોનાના જેવા રૂપની કયાંથી ચોરી કરી?

નાહરિન—પ્રભુએ આપ્યું છે.

તૃ. સૈનિક—નાહરિન-આહા શું મીઠું નામ! તારાં આ ફળ કરતાંએ મીઠું.

પ્ર. સૈનિક—તારી ઝોળી નીચે મૂક. જોઉં શું શું ફળ છે.

દ્વિ. સૈનિક—મને બે દાડમ આપીશ કે?

બધા—હાઃ હાઃ હાઃ—

નાહરિન-મારી ઝોળીમાંતો દાડમ નથી.

બધા-જોઉં જોઉં—

(નાહરિન ઝોળી નીચે મુકે છે. પ્રથમ સૈનિક શિવાય દરેક જણ એક એક ફળ લઇ ખાવા માંડે છે.)

નાહરિન-(પ્રથમ સૈનિકને) તમે લીધું નહિ? આ ફળ તમે લ્યો. મારે તેના પૈસા જોઇતા નથી.

દ્વિ. સૈનિક-હાઃ હાઃ હાઃ! તારૂં નસીબ ઉઘડયું છે. તને પસંદ કર્યો છે.

બધા-હાઃ હાઃ હાઃ

નાહરિન-તમે બધા મારા ફળના પૈસા આપો. મારે બજારમાં જવાનો વખત થઇ જાય છે.

દ્વિ. સૈનિક-પૈસા?—આ રહ્યા લે. (નાહરિને તે લેવા માટે હાથ લંબાવ્યો. સૈનિક તેનો હાથ પકડીને ખેંચી લે છે.)

બધા-આહાહા, આ બાજુ આવો-આ બાજુ આવો-(બધા મળી ખેંચાખેંચી અને હસાહસ કરવા માંડે છે.)

નાહરિન-છોડો છોડો-મને અડો નહિ, છોડો.

પ્ર. સૈનિક-જાઓ, તમે બહુ ખરાબ છો. ના હોં તું મારી પાસે આવ.

(પોતાની પાસે ખેંચી લે છે-નાહરિન હાથ તરછોડી જરાક દૂર જઇ માથું ઉંચુ કરી ઉભી રહીને)

નાહરિન-(છરો બહાર કાઢતી) સાવધાન કુતરાઓ, જે કોઇ એક પગલું પણ આગળ આવશે, આ છરી તેની છાતીમાં ઠેઠ સુધી પેસી જશે. છી, છી, છી, તમે વળી પોતાને મરદ કહી ઓળખાવો છો! અને આટલા બધા માણસો મળી એક અસહાય અબળા ઉપર આવો જુલમ કરો છો?-વળી સૈનિકનો પહેરવેશ તમારા શરીરે, અને કેડે તલવાર! હાય દેવતા શેબેક! તમે ખરેખરજ ઉંઘમાં પડયા છો, કે એકદમ મરી ગયા છો? તમારા મિસ-

રમાં આજ તમારી આશ્રિતા અબળા ઉપર આવો અત્યાચાર થાય છે, અને તમે આ બધું મૌન પકડી જોયા કરો છો? આ પશુઓને શિક્ષા દઇ શકો નહિ? આકાશ, એઓના માથાને ભાંગી નાખી, હતભાગ્ય મિસરને એકી વખતે ચગદી નાખી, મરૂભૂમિની રેતી સાથે મેળવી દઇ શકો નહિ?

પ્ર. સૈનિક-વાહવા! વાહવા! ચમત્કાર! મેં હજારો સુન્દરી જોઇ છે, પરંતુ આવી કયાંઇ દેખી નથી. ભલેને કાફ્રીની છોડી હોય,-આને લેવાથી જહાનમમાં જવું પડે તો તે કબુલ, પણ હું આને છોડીશ નહિ.

(નાહરિન બધાને નિરૂત્તર જોઇ છરો મ્યાનમાં નાંખી ચાલતી થાય છે.)

પ્ર. સૈનિક-સુન્દરી પાછી ફર,-હું તારો દાસ.

નાહરિન-તારા જેવા કાયર પુરૂષને તો હું લાત મારૂં.

પ્ર. સૈનિક-ત્યારે શયતાની-(હાથ પકડવા જતો હતો તેવામાંજ છદ્મવેષે રામેશિસનો પ્રવેશ.)

રામેશિસ-સાવધાન!

પ્ર. સૈનિક-કોણ તું જંગલી, મહામાન્ય ફારાઓના સૈનિકને ભય દેખાડતો આવે છે? તને શું પ્રાણની દરકાર નથી?

દ્વિ. સૈનિક-કહે તું વળી કોણ છે?

પ્ર. સૈનિક-તેમજ તો, વાત કરવાની નથી જે.

દ્વિ. સૈનિક-અરે ઓ મજુરી લીધા વિના અમને વાત કહીશ નહિ? આ જો હું વાત કહેવરાવું છું. (ચાબુક મારવા તૈયાર થાય છે.)

રામેશિસ-ખબરદાર! (નાહરિન ન દેખે તેમ સૈનિક તરફ ફરી છાતીનું વસ્ત્ર અને કૃત્રિમ મૂછ સેરવીને પોતાની જાતને ઓળખાવનારૂં ચિહ્ન દેખાડે છે. બધા ચમકી પાંચ હાથ પાછા હઠી જાયછે.)

પ્ર. સૈનિક-યુવરાજ!

રામેશિસ-ચૂપ-(પાછી મૂછો બરોબર કરી છાતી ઢાંકી દઇને) -જાઓ આ સ્થાનેથી.

પ્ર. સૈનિક-જી. જી.

રામેશિસ-જાઓ—

(સૈનિકોનું પ્રસ્થાન.)

નાહરિન-મારૂં શરીર કંપે છે. ના આજ ફળ વેચવા જઇશ નહિ. ઘેરજ પાછી જાઉં. (અહિં તહિં પડેલાં ફળ ભેગાં કરવા માંડે છે.)

રામેશિસ-આમનદેવ તમને કોટિ કોટિ પ્રણામ. તમારી દયાથી હું આ વખતે આ દેવીનાં દર્શન પામ્યો છું. મારૂં જીવન સાર્થક કે થોડોક પણ ઉપકાર કરી શકયો છું. પરંતુ એની દયાની તુલનામાં તે કેટલોક? સાગરના પ્રમાણમાં વારિબિન્દુ. કૃતજ્ઞતાથી મારૂં હૃદય ભરાઇ જાય છે. અનિર્વચનીય આનન્દથી મારો દેહ રોમાંચિત થઇ જાયછે! (પ્રકાશ)-દેવી, ચાલો તમને ઘેર મૂકવા આવું.

નાહરિન-ના તમે જાઓ, હું એકલી જઇશ. તમે મારી ઇજત સાચવી છે તે માટે તમને ધન્યવાદ. દેવતા તમારૂં મંગળ કરો.

રામેશિસ-તમને ભય નથી સુન્દરી, તમે મારો વિશ્વાસ કરી શકો તેમ છો.—(સ્વગત) કેવું દુર્ભાગ્ય, આવી અતિ રૂપવતી સુન્દરીએ કાફીને ઘેર જન્મ લીધો છે.

નાહરિન-ના, તમે તો મિસરી, તમારો વિશ્વાસ નહિ. તમે આજ મારી રક્ષા કરી છે, અને તો કાલે મારૂં સર્વ નાશ કરવાનું કહો. તમે બધું કરી શકો.

રામેશિસ-ના, આ ઠેકાણે ઓળખાણ આપવી જોઇએ નહિ. મિસરીઓ તરફના આના આ અવિશ્વાસે કાળા મેઘની માફક એના મનને છાઇ દીધું છે. મારા સરળ હૃદયની ઉષ્ણ કૃતજ્ઞતા કોઇ રીતે તેના મનમાં ઉતારી શકીશ નહિ. જ્યાં સુધી તેનો વિશ્વાસ ન મેળવી શકું, ત્યાં સુધી મારી ઓળખાણ તેની પાસે ગુપ્ત રાખવી પડશે. (પ્રકાશ) તમે મિસરીઓ ઉપર આટલો બધો તિરસ્કાર કરો છો? તમે શું મિસરી નથી ?

નાહરિન–ના, એ ખરૂં કે મારી મા મિસરી હતી, પરંતુ મારા બાપ કાફ્રી; તેથી કરીને હું પણ કાફ્રી.

રામેશિસ–કેમ, તમે શું તમારી માતાના પરિચયથી પરિચિતા થવાની ઇચ્છા કરતાં નથી? મિસરમાં તો આજકાલ એવા ઘણા લોક છે, તેઓ મિસરી કહી પોતાને ઓળખાવે છે.

નાહરિન–જેની ઇચ્છા હોયતે કહે. હું કહીશ નહિ. મારા પિતા કાફ્રી હોવાથી મિસરીઓએ મારી માને જીવતી બાળી. જેઓ મારા બાબાની જાતની આટલી ઘૃણા કરે; હું કોઇ રીતે, તેઓમાંની એક છું તેમ કહી પરિચય દઇ શકતી નથી. હું કાફ્રીને ઘેર જન્મી છું, કાફ્રીના ખોળામાં મનુષ્ય થઇ છું, કાફ્રી પિતાના આશ્રયે આટલી મોટી થઇ છું.—હું કાફ્રી. હું મિસરીની ઘૃણિત કાફ્રી.

રામેશિસ–આમનદેવ! મને ક્ષમા કરો. હું કોઇ રીતે ઇચ્છા દમન કરી શકતો નથી. લાચાર થઇ મારે જુઠું બોલવું પડે છે. (પ્રકાશ) સુન્દરી તમે અસંકોચે મારો વિશ્વાસ કરી શકશો. હું મિસરી નથી. તમારી માફક કાફ્રી પિતાને ઘેર, મિસરી માતાને ખોળે જન્મ્યો છું.

નાહરિન–ખોટી વાત. જો તેમ હોય, તો સૈનિકો તમને જોઇ ભય પામી કેમ જતા રહ્યા ?

રામેશિસ–તે મારી ગુપ્ત વિદ્યાના બળે. ઘણા દિવસો પહેલાં એક સાધુ પાસેથી હું એ ગુપ્ત વિદ્યા શીખ્યો છું. તે વિદ્યાની શક્તિ અસાધારણ છે.

નાહરિન–ખરેખર?

રામેશિસ–તદ્દન ખરૂં.

નાહરિન–સોગંદ લ્યો.

રામેશિસ–સોગંદ?—હા હું દેવતા શેબેકના નામે સોગંદ લઇને કહું છું કે જે હું બોલ્યો છું તે સંપૂર્ણ સત્ય છે.

નાહરિન–ત્યારે ચાલો, તમને મારે ઘેર લઇ જાઉં.

(પ્રસ્થાન.)

પંચમ દૃશ્ય.

મન્દિર—પ્રાંગણ.

સામન્દેશ અને કોઇ એક સિપાઈ.

સામન્દેશ-મને આશ્ચર્ય થાયછે, કે તમે આટલા બધા હોવા છતાં એ દુષ્ટ બારેબને પકડી શકયા નહિ. એક સામાન્ય કાફી કુતરો તમારા યુવરાજ રામેસિસ ઉપર આક્રમણ કરી આટલા બધા સૈનિકોના યત્નો વ્યર્થ કરેછે, એના કરતાં વધારે લજ્જાનો વિષય તમારે માટે બીજો શો હોઇ શકે?

સિપાઇ-પ્રભુ, યત્નોમાં કંઈ ઉણપ રાખી નથી. પરંતુ તે કયાં જતો રહ્યો તેની કંઇ ખબર પડતી નથી. તેને માટે કાફીવાડ ઉપરાંત, આખા કર્નાક નગરના ખૂણે ખૂણા તપાસ્યા છે, પરંતુ કંઇ ફળ મળ્યું નથી.

સામન્દેશ-બુઢ્ઢા આબનને પૂછી જોયું?—તેણે શું કહ્યું?

સિપાઇ-કહ્યું કે હું જાણતો નથી.

સામન્દેશ-અરે મૂઢ અકર્મી, અનાયાસે તેનો વિશ્વાસ કર્યો? તમે શું એમ ધારો છો, કે તે અમૂક ઠેકાણે છે, એમ તે કહેશે? તમે તેને પકડી લઇ જઇ મારી નાખો!

સિપાઈ-પણ, પણ.—

સામન્દેશ-જાઓ. હું કંઇપણ વાત સાંભળવા ઇચ્છતો નથી. તે બુઢ્ઢા શયતાનને આજજ પકડી લાવો. જો તે બારેબ કયાંછે તે કહેશે તો ભલે, નહિ કહે તો પોતે તેને માટે શિક્ષા ભોગવશે.

સિપાઇ-તેને પકડી લાવવા માટે માણસો ગયા છે.

(નેપથ્યે)

પ્ર. સૈનિક-ચાલ બુઢ્ઢા હરામખોર, તારી દુષ્ટતા દેખાય છે. અમારી પાસે વળી ચાલાકી? (પ્રહાર)

આબન-ઉં હું હું ! હવે મારો નહિ, હવે મારો નહિ-તેના કરતાં એકી વખતે મારી નાખો, જેથી મારા બધા અપરાધોની શિક્ષા થઇ જાય.

તૃ. સૈનિક-ઓઃ લુચ્ચાઢોંગ કરે છે! સાલાને ગળે દોરડું બાંધી ઘસડતો ખેંચી લઇ ચાલો.—

સામન્દેશ-જો તો બહાર શું થાય છે?

સિપાઇ-(આગળ જઇ જોઇને) તેજ બુઢ્ઢા આબનને પકડી લઇ આવે છે.

(આબનને લઇને સૈનિકોનો પ્રવેશ.)

આબન, તું ભૂલી જાય છે. તું પ્રભુ સામન્દેશ સન્મુખ માથું નમાવ.

આબન-માથું નમાવું? શા માટે? કોની આગળ? આની આગળ માથું નમાવું? એ તમારા પ્રભુ હોઇ શકે. અમારે શું? અમારી પાસે—તમારો તે ગમે તે હોય તોય—અત્યાચારી હિંસક પશુ. એનાજ અનુચરો આ વૃદ્ધ આબનની ધોળી મુછો અને કેશ ખેંચી કાઢે છે,—ગદ્દા પાટુથી, લાકડીઓના મારથી, તેનાં કાળાં ચામડાં ઉપર લોહીનાં મોજાં આણી દે છે—તેનાં આ વૃધ્ધ શરીરનાં અર્ધાં હાડકાંનો ચૂરો કરી નાખે છે. અને હું એની પાસે શિર નમાવું? ના, એટલી બધી કૃતજ્ઞતા મારામાં નથી.

પ્ર. સૈનિક-(ચાબુક મારે છે,) ત્યારેતો જંગલી, બે અદબ?

આબન-માર, માર, બની શકે તેટલું માર. હવે હું ભય રાખીશ નહિ; વળી ના પણ કહીશ નહિ. કહી જોયું છે, કંઇ ફળ છે ? નહિ. તમારી જેટલી શક્તિ હોય તે વાપરવા કચાશ રાખશો નહિ. બીજું શું કરશો?

દ્વિ. સૈનિક-શું?—(ચાબુક ઉંચો કરીને)

સામન્દેશ-શાન્ત થાઓ, હવે મારો નહિ. આબન, બારેબ ક્યાં?

આબન-તે હું જાણુતો નથી. કદાચ જાણું તો પણ કહું નહિ. તમારા મનમાં શું છે, તમે તેને લઇને શું કરશો, તે શું

હું સમજતો નથી? તે પિતૃમાતૃહીન, અનાથ—હું તેનો પિતા—જાણું પણ કહું નહિ.

સામન્દેશ–આબન, આબન, જીભ વશ રાખીને વાત કર. મારે તેનું કામ છે, હું તેનો ન્યાય કરીશ.

આબન–ન્યાય? મિસરીની પાસે કાફ્રીનો ન્યાય? હાઃ હાઃ હાઃ એ એક હસવા જેવી વાત છે. શું ન્યાય કરશો? તેને બાળી નાખશો?—ના, જીવન્ત અવસ્થામાં ઘુંટણીએ બેસાડી ચીરી નાખશો? ના, તેના શરીરનું ચામડું ઉતારી લેશો? એવો તો તમારો ન્યાય, સામન્દેશ.—

બધા–ઓહ!

આબન–સામન્દેશ, તે જેટલો તમારો અપરાધી છે, તેના કરતાં તમે હજાર ગણા વધારે અપરાધી છો. તમારો કાફ્રી જાતિની ઉપર શતાબ્દી પર શતાબ્દી થયાં આવો કેટલો અત્યાચાર છે, તેનો હીસાબ રાખ્યો છે? તમારા અપરાધોની કહાણી સાંભળી ઝાડનાં પાન ખરી પડેછે, પહાડના પત્થરો કંપી ઉઠેછે, મરેલો મનુષ્ય સો વર્ષોની ઉંઘમાંથીયે એક પળ ઝૂજી જાગી ઉઠે છે. તમારા આ બધા જુલ્મની વિરૂદ્ધ જો અમે જરાક મોઢેથી વાત કરી, કે જરાક આંગળી બતાવી, તો તો અમારો મોટામાં મોટો અપરાધ? મનમાં ધારશો નહિ કે આ બધા તમારા અપરાધોનો ઈન્સાફ નથી. તમારો પણ એક દિવસ ઈન્સાફ થશે. તે દિવસે—તે સ્થાને—તે ઈન્સાફ કરશે.

સામન્દેશ–તે હું સમજ્યું છું.

આબન–સમજ્યા? ક્યારે સમજ્યા? આટલા દિવસમાં એકવાર પણ ઠીક સમજ્યા છો શું સામન્દેશ, કે પૃથ્વીમાં હીન કોઈ નથી? ધિક્કારપાત્ર કોઇ નથી? સમજો છો શું, કે ક્ષુદ્ર કીડીઓ પણ કરડી જાણેછે? ક્ષુદ્ર ઉંદર પણ મોટી કાયાવાળા અજગરને મારી નાખી શકે છે? આજે તું દોષ વિનાના એક દીન કાફ્રીની તરફ આટલું નિર્દયપણું કરેછે, સંભવ છે કે એવો દિવસ આવશે જ્યારે એનીજ પાસે દીન ભિખારીની માફક હાથ જોડી ભિક્ષાર્થી બની ત્હારે ઉભવું પડશે. સમજે છે શું? આવી એકાદી વાત તારી કલ્પનામાં કોઇ વખતે લાવી શકયો છે? સામન્દેશ—

બધા-અસહ્ય !

આબન-સામન્દેશ, તું ભૂલી જાય છે. તું બુઢ્ઢો થયો છે, તારા ઇન્સાફના દિવસો આવે છે.

સામન્દેશ-સાંભળ આબન, તારાં પ્રલાપ વાકય સાંભળવા હું ઇચ્છતો નથી. હવે ખારેબ કયાં છે તે કહીશ કે નહિ?

આબન-ના.

સામન્દેશ-મારો હુકમ ?

આબન-તારો હુકમ હું માનતો નથી.

સામન્દેશ-મહામાન્ય ફારાઓનો હુકમ.

આબન-કોણ ફારાઓ? કોનો ફારાઓ? હું—જીવું અથવા મરૂં તેમાં તેનું શું જાય કે આવે? ત્યારે કેવી રીતે તે મારો ફારાઓ?

સામન્દેશ-કેમ? જેને લીધે —

આબન-જેને લીધે હું કાફ્રી, કેમ એજને? શા માટે? કાફ્રીઓ શું મનુષ્ય નથી? તેઓને શું સુખદુઃખ નથી? એકજ આકાશની નીચે એકજ સૂર્યના ઉત્તાપે, એકજ ફળથી, જળથી, ધાન્યથી કાફ્રી અને મીસરી શું જીવન ધારણ કરતાં નથી? ત્યારે શા માટે તમારામાં અને અમારામાં આટલો તફાવત? તમારૂં સુખ તે સુખ, અને અમારૂં સુખ તમારા ખાસડા નીચેની માટી?—તમારૂં લોહી તે લોહી અને અમારૂં લોહી તે ખાડાનું સડયું પાણી?—તમારૂં માથું તે માથું, અને અમારૂં માથું તે તમારે લાઠી મારવાની જગા?

સામન્દેશ-આબન, હવે હું ધીરજ રાખી શકતો નથી. આ હું તને છેલ્લીજ વખત પૂછું છું—ખારેબ કયાં છે?

આબન-હું કહીશ નહિ.

સામન્દેશ-દુનિયાના કલંક, નરકના કુતરા, જંગલી કાફ્રી ! મિસરના સમ્રાટ્ની શક્તિનું અપમાન કરતાં શું ફળ આવે તે પ્રત્યક્ષ જો. જાઓ, આને જેવી રીતે લઇ આવ્યા છો, તેવીજ રીતે ગળામાં દોરડું બાંધી આખા શહેરમાં ફેરવો. ત્યાર પછી એને સિંહના મોમાં ફેંકી દો.

(સૈનિકો આબનને ખેંચી લઇ જવા માંડે છે, એટલામાંજ રામેશિસ આવી અટકાવે છે.)

રામેશિસ-શાન્ત થાઓ—પ્રભુ મારી એક ભિક્ષા.—

સામન્દેશ-તમે શું ઇચ્છો છો યુવરાજ?

રામેશિસ-આ વૃદ્ધના જીવનની મને ભિક્ષા આપો.

સામન્દેશ-એ અન્યાયી માગણી,—તે બની શકશે નહિ. મેં હુકમ આપ્યો છે, તેમાં કંઇ પણ ફેરફાર થઇ શકશે નહિ. જાઓ, લઇ જાઓ.

રામેશિસ-જરા થોભો. પ્રભુ મિસરનો ભાવી ફારાઓ ઘુંટણે પડીને આપની દયા ભિક્ષા માગે છે.

સામન્દેશ-ઉઠો યુવરાજ, તમારા આચરણથી મને આશ્ચર્ય થાય છે. શા માટે તમે આની જીવન ભિક્ષા ઇચ્છો છો?

રામેશિસ-આની સાથે કંઇ પ્રયોજન છે.

સામન્દેશ-સારૂં. મેં તેનો પ્રાણ દંડ પાછો વાળ્યો. પરંતુ એને ક્ષમા કરી શકીશ નહિ. એ મિસરના સમ્રાટ્‌ની શક્તિને માનવાને ઇચ્છતો નથી. એને તેની ક્ષમતાની સારી રીતે સમજ પાડવી જોઇએ. આખી કાફ્રી–વાડ એના અપરાધની શિક્ષા ભોગવશે. (સૈનિકો પ્રતિ) કાફ્રી વાડની ચારે દિશાએ આગ લગાડો, આજ સૂર્યાસ્ત પૂર્વે તેનું એક ચિહ્‌ન પણ ન રહે.

આબન-ના, ના, તેમ કરો નહિ. વૃધ્ધ આબનને જેટલી બની શકશે તેટલી શિક્ષા કરો. તેને બાળી બાળીને મારો, તેનું ચામડું ઉતારી તમારા જોડા બનાવો, તેના શરીરનું માંસ કાપી લઇ તમારા પોષેલા કુતરાને ખવરાવો, ચાંદીના તારો જેવા આ પાકા વાળ લઇ તમારૂં પાયપૂછ બનાવો, પરંતુ એકના અપરાધથી બધાને સજા કરો નહિ. કાફ્રીઓ ઘણા ગરીબ છે. તેઓ મજુરી કરી ખાય છે. તેઓનું સર્વ નાશ કરો નહિ. તેઓના માથાં રાખવાનાં ઠેકાણાંને બાળી દઇ તેઓને રસ્તામાં ફેંકો નહિ. અને તમે,—મિસરના ભાવિ સમ્રાટ્—એક હીન કાફ્રીના જીવનનું તમારે શું પ્રયોજન છે, તે તમે જાણો.—હું સમજી શકતો નથી.

પરંતુ તે પ્રયોજન ગમે તેટલું મોટું હોય, તેને માટે આખી કાફ્રી-વાડનું સર્વ નાશ કરવાનો તમારો કંઇ અધિકાર નથી. તમે તમારી દયા ફેરવી નાખો. મને મરવા દો.

સામન્દેશ– બકબકીયાનો પ્રલાપ સાંભળવા માટે મને અવકાશ નથી. સૈનિકો, જાઓ, હુકમનો અમલ કરો, આને આ ઠેકાણેથી બહાર કાઢો.

આબન-(ગાજી ઉઠીને) સામન્દેશ !—

સામન્દેશ-જાઓ.—વારુ,—ના, ના શું કહેતો હતો કહે.

આબન-કહું? ના ના નહિ કહું. (પ્રકાશ)—સામન્દેશ, તું મારી જાતિનો શત્રુ. તને મારે કંઇ કહેવું નથી.

સામન્દેશ-ત્યારે દૂર થા. સૈનિકો,—(ઇશારો કરે છે)

પ્ર. સૈનિક-જા. તારો જીવ લઇ અહિંથી ચાલ્યો જા. (ધક્કા મારી મારી બહાર કાઢે છે.—સૈનિકોનું પ્રસ્થાન.)

રામેશિસ-તો પણ જીવન રક્ષા થઇ છે. નહિ તો બીજી વખત નાહરિનની પાસે મેં બતાવવાનો વખત આવત નહિ. બીજું હું શું કરી શકું? વૃદ્ધ સામન્દેશને હું સારી રીતે ઓળખું છું. તેણે જે આટલીએ વાત મંજુર રાખી તેટલું બસ છે. ચાલ જોઉં વૃદ્ધ કઇ દિશામાં ગયો. (પ્રસ્થાન)

સામન્દેશ—આ હતભાગ્ય કાફ્રી જાતિ શું પૃથ્વી ઉપર ન હોતતો ચાલત નહિ? તેઓને જન્મવાનું શું કારણ છે? શા સુખે તેઓ જીવે છે? કેમ એકાદ મહામારી આવી પૃથ્વીની છાતી ઉપરનો આ કાળો દાઘ ધોઇ ભુંસી સ્વચ્છ કરી દેતી નથી? હાય પિતા નૂટી તમે મિસરમાં શ્રેષ્ટ જ્ઞાની છતાં આ કેવું અજ્ઞાન ભર્યું કાર્ય કરી ગયા છો ! હું કાફ્રી ક્રીતદાસીનો પુત્ર, એ દુઃખ કયાં સમાવું? નાનપણથીજ માતૃહીન, મોટો થયા પછી મારી ગર્ભ-ધારિણી કાફ્રી—માને કોઇ વખતે દેખી નથી. ઘેર તેની એકાદ છબિ મારા કલંકની નિશાની સ્વરૂપ પિતા સ્વહસ્તે ચિતરી મૂકી ગયા હતા. તે છબી લઇ મારો નાનો ભાઇ જીરાફ જતો રહ્યો છે. ખબર નથી કે તે આજ જીવે છે કે નહિ—તેજ છબી

પૃથ્વીમાં આજેયે હયાત છે કે નહિ. એજ છબિ મારો કાળ થાય છે. ઉંઘમાં દરરોજ એજ છબિ સ્વપ્નમાં જોઉં છું. અને જાગતાં આખો વખત એજ ચિન્તા રહેછે, કે આ જાણી લઇ કોઇ મારી કલંક ભરી વાત પ્રકાશ કરી દઇ મને મારા ઉન્નતિના સર્વોચ્ચ શિખરેથી નરકની અંધકારમય ગુફામાં નિક્ષેપ કરશે. તેથીજ હું મારી માની જાતિની તરફ આટલી બધી ઘૃણા કરૂં છું. એમ કરવાથી જો કંઇ પાપ થતું હોય તો પિતા નૂટે,—તે પાપ મારૂં નહિ—તમારૂં.

છઠ્ઠું દૃશ્ય.

પ્રજ્જવલિત કાફ્રી-વાડ.

ચારે દિશાઓ અગ્નિજવાળા અને ધુમાડાથી છવાઇ રહી છે. ત્યાં રહેનારા લોકો ચીચીયારી કરતા કરતા અહિં તહિં દોડી રહ્યા છે. કેટલાંકનાં વસ્ત્ર અર્ધપ્રજ્જવલિત્ત છે—કેટલાંક અર્ધનગ્ન છે—કોઇ વળી અચેતન થઇ પડી જાય છે. આબન નાહુરિનનો અચેતન દેહ અતિકષ્ટે ઉપાડી ચોક વચ્ચે લાવે છે. વધારે ઉપાડી નહિ શકવાથી—વૃદ્ધ કાંપતો કાંપતો બેસી જાય છે. નાહરિનને જમીન ઉપર સુવાડે છે—તે વખતે પ્રભુ શિવાય બીજો રક્ષક નથી. વૃદ્ધ હાથ જોડી દેવતાની પ્રાર્થના કરવા માંડેછે. તેવામાંજ છદ્મ વેષે રામેશિસ આવીને નાહુરિનનું મૂર્છા પામેલું શરીર ઉપાડી લઇ આંગળીથી વૃદ્ધને તેના શરીરે ભાર દઇ ઉઠવાનું કહેછે. વૃદ્ધ અતિ કષ્ટે ઉઠી ઉભો થાય છે.

દ્વિતીય અંક.

પ્રથમ દૃશ્ય.

જિનોનો ઓરડો—જિનો, કોઈ એક રોગી અને કાકાતુયા.

જિનો-(રોગી પ્રતિ) બોલો આપને શું થયું છે અતિ સંક્ષેપે બોલજો કારણ કે મને સમય ઘણો થોડો છે.

રોગી-જેવી ઇચ્છા. અતિ સંક્ષેપે બોલું છું. એકજ વાતમાં કહું તો લોકની સામાન્ય ભાષામાં જેને કહેછે પ્રીત, સંસ્કારી ભાષામાં જેને કહેછે ચાહના, અને દલીલ દસ્તાવેજમાં જેને કહેછે પ્રેમ.

જિનો-હં! રોગ ઘણો મોટો લાગેછે. વારૂ આ રોગ કેટલા દિવસ થયા આપના જાણવામાં આવ્યો છે,-અથવા કેટલા દિવસ થયા બહાર દેખાવા માંડયો છે?

રોગી-જી. રોગ તો ઘણો પુરાતન છે. મારી જ્યારે બાર વર્ષની ઉમર હતી, ત્યારે એક પાડોશીની પાંચ વર્ષની કન્યા સાથે પ્રેમમાં પડયો. ત્યારથી રોગ ઉત્તરોત્તર વધતોજ આવે છે. અત્યારે મારી ઉમર લગભગ સાઠ છે. હમણાં મારી એવી અવસ્થા છે કે સ્ત્રી દેખી કે પ્રેમ કરવાની ઇચ્છા થાય છે.—પછી ભલે તે કુત્સિત, ઠીંગણી, કાળી, ગોરી, ગોળ, ચપટી, કાં ના હોય. એટલે સુધી કે, વખતે વખતે ભ્રમને વશ થઇ પોળના ચોકીદારને આલિંગન કરી જવાય છે, અને જ્યારે તેની લાકડીનો સ્વાદ ચાખું છું, ત્યારે તે ભ્રમ સમજી શકાય છે.

જિનો-વારૂ, બાળપણથીજ આપના પિતાએ કંઇપણ દવાની વ્યવસ્થા કરી નહોતી?

રોગી-જી, તેઓ વિશેષ કંઇ ઉપાય કરી શકયા નહિ. કારણ કે તેઓ પોતેજ આ રોગથી અત્યન્ત પીડાએલા છે.

જિનો-એમ! તેને પણ આ રોગ છે શું?

રોગી-એને તો અતિ ભયંકર છે.

જિનો-ત્યારેતો આ રોગ આપનો વંશપરંપરાનો કહોને?

રોગી-જી હાં! તે શિવાય બીજું શું? મારા પિતાને છે, મને છે, મારા પુત્રને પણ દેખા દે છે, વળી ચાર વર્ષની એક કન્યા છે—લોકો કહેછે તેને પણ થશે.

જિનો-વારૂ, હમણાં આપને બધા કરતાં વધારે ઉપદ્રવ કોનો છે?

રોગી-નિરાશા અને અશ્રુજલનો.

જિનો-વારૂ, આપને ચિન્તા જેવું નથી. હું દવાની વ્યવસ્થા કરી આપું છું,—આપ થોડા વખતમાં રોગમુક્ત થશો. સાંભળો.—

રોગી—આજ્ઞા કરો.

જિનો—દવા જેવું કંઈ નથી, હું આપને એક ઉત્તમ પ્રેમ-પાત્ર લલના આપુંછું. આપ દરરોજ એક કલાક સુધી આવી તેની સાથે પ્રણય—સંભાષણ કરજો.

રોગી-જેવી આજ્ઞા.

જિનો-કાકાતુયા!—

કાકાતુયા-કેં!—હુકમ?

જિનો-હાડપિંજરી સુન્દરી.

રોગી-હાડપિંજરી સુન્દરી?

જિનો-જી હાં, તેનું નામ એવું છે.

(કાકાતુયાએ પાસેના ખંડનો પડદો થોડોક ઉઘાડી પકડી રાખ્યો. જોયુંતો એક કંગાલ હાડપિંજર હાથ પગ ઉંચા નીચા તથા સંકુચિત કરે છે.)

રોગી-ઓરે બાબા!—હાડપિંજરી સુન્દરી તો ખરેખર. મહાશય, મારો બધો રોગ ગયો છે. આપની હાડપીંજરી સુન્દરી ને શાન્ત થવા કહો. અરે કેમ હજુ પણ અટકતી નથી? ના બાબા હાડપિંજરી સુંદરી, સમ તમને મને મુક્ત કરો. મહાશય, મહાશય, રક્ષા કરો.

જિનો-અરે ભય શેનો? એક કલાક તો વિત્યો નથી.

રોગી-એક કલાક!—ઓરે બાબા! એક પળ પણ પ્રાણ ટકે

નહિ. ના મહાશય હવે નહિ. મારો રોગ મને છોડી જતો રહ્યો છે. હવે પછી મારા બાબાને અને છોડી છોકરાને મોકલી આપીશ.
(જવા માંડે છે.)

કાકાતુયા—વાહ વાહ !

(કાકાતુયાના હાથમાં પૈસા આપીને રોગીનું જવું.)

જિનો-કાકાતુયા, બહારના ઓરડામાં જો બીજો કોઇ રોગી હોય તો આ વખતે વિદાય કરી દે. કહી દે જે કે સાંજના આવે. અને તું આ ઘરમાં ખાવાનું લાવ. હું હમણાંજ આવું છું—
(ઉભયનું પ્રસ્થાન.)

(ગાતે ગાતે બુલાનો પ્રવેશ.)

બુલા— ગીત.

અજાણ્યા એક સરોવરમાં,
ખીલી કો કમલિની;
રવિનાં કિરણે હસતી હસતી,
સુભગ સલિલે તરતી;
હેલતી દુલતિ રંગ કરંતી,
દિનભર એ ગરવી;
ખીલી—
એક દિવ્ય મૃદુ સમીર ગોપવી,
હાસી લઈ તે સુખની;
મમ ઉર દ્વારે આવી રમીને,
બંસી બજાવી મધુરી;
ખીલી—
એ સુર—લહરે તરતી તરતી,
નિજ મનમાં તે હસતી;
જ્યાં પ્રિયની પદ-અંકિત ધૂલી,
(હું) લોટાઈ ઢળી પડતી;
ખીલી—

બુલા-કાકાતુયા! —કાકાતુયા!—

કાકાતુયા-(નેપથ્યે) —કો !

બુલ્લા-ભૂખ લાગી છે, ખાવાનું લઇ આવ.—હું હમણાંજ બાબાને બોલાવી લઇ આવું છું.

કાકાતુયા-(નેપથ્યે) કૌ.

બુલ્લા-ઠીક, પણ તું ખાવાનું લઇ આવ,—હું બાબાને બોલાવી લાવું છું.

કાકાતુયા-(નેપથ્યે)—કૌ.

(બુલ્લાનું પ્રસ્થાન)

(કાકાતુયા નાના પ્રકારના ખાવાના પદાર્થો સહિત એક જુનું મેજ ખંડના મધ્ય ભાગમાં લાવે છે,) અને તેની પાસે બે ખુરશી મુકે છે.)

કાકાતુયા- ગીત.

માથે કલગી કાકાતુયા—કૌ !
બુઝેછે—કૌ ! કૌ ! કૌ !
કાક બોલે કાકા,
કોકિલ બોલે કૂ;
ઘોડા બોલે હીં હીં હીં હીં,
શિઆળ બોલે હું—
પતંગ ઝગે ઝગ ઝગ,
મધમાખ ખાય મધુ,
રડી મરે છે, વાત કરો વહુ,
બોવાણી છે બિચારાની વહુ,
હું તો દેખી સુણી હસી મરૂં—કૌ!

જિનો-(નેપથ્યે)—કાકાતુયા!—કાકાતુયા!

કાકાતુયા—કૌ ! (પ્રસ્થાન.)

(ખારેબનો પ્રવેશ.)

ખારેબ-ઓહઃ હવે સહી શકાતું નથી. એક દિવસ એક રાત્રિ સાથે લાગાં ચાલ્યાં ગયાં છે. પેટમાં અનાજ નહિ, આંખમાં ઉંઘ નહિ, જરાક વિસામાનોએ અવકાશ નહિ.—લોહી માંસનો દેહ વધારે કેટલું સહે? પાછળ પાછળ સિપાઇઓનું ટોળું રક્ત-પિપાસુ તરસની માફક છૂટયું છે, આખરે મ્હને નહિ પામતાં

પાછળ કુતરા છોડી મૂકયા છે. ઓહ: કેવા ભયાનક કુતરા! માટી સુંઘતા સુંઘતા આવે છે, અને ભયાનક ચિત્કાર કરે છે! અત્યારેય યાદ આવતાં છાતી કંપી ઉઠે. ના નસીબમાં જે હોય તે થાય, પણ હવે ભાગીશ નહિ. પકડાવાનું હશે તોય આ સ્થાનેજ પકડાઇશ, પરંતુ આતો અપરિચિત સ્થાન,—આ કોનું ઘર તે પણ જાણુતો નથી. ઘરધણી મને ચોર ધારી પકડાવી દેશે તો? ભલે પકડાવી દે, મરેલો નથી. મરવાનો છું. ઓહ: ક્ષુધાથી પેટ જવલે છે, પૃથ્વીમાં અન્ધકાર દેખાય છે! શું પ્રભુ, તમે છો? જો હો તો દયા કરી મને કંઇ ખાવાનું આપો. (જરા આગળ જઇને) અહિંયા તો માગ્યું ભોજન તૈયાર છે. કોનું છે તે કોણ જાણે? જેનું હોય તેનું. વિચારવાનો વખત નથી. હું આ લોભને કોઇપણ રીતે વારી શકતો નથી.

(ઉપવેશન પૂર્વક આહાર)

આહા: બચ્યો. ઉંઘથી મારી આંખ મીચાઇ જાયછે. પણ જરાક માથું રાખવાનું ઠેકાણું કયાં મળે? અહિંજ જરા ઉંઘી લઉં. જ્યાં સુધી ઘરધણી આવી મને ચોકીદારના હાથમાં ન સોંપે તે પહેલાં બીજો કોઇ જાણે મારી ઉંઘ ન ભાંગે.

(મેજના ઉપર પગ મુકી ઉંઘી ગયો-જિનો બુલા અને કાકાતુયાનો પ્રવેશ.)

જિનો-(ખારેબના પગ પ્રતિ નિર્દેષ કરીને)—કાકાતુયા, આ તેં અમારે માટે શું ખાવાનું આણ્યું છે? આ તો કંઇ નવીન વસ્તુ દેખાય છે! આવી વસ્તુ તો આના પહેલાં કોઇ વખતે ખાધી હોય એવું કંઇ યાદ આવતું નથી.

બુલા-હાઃ હાઃ હાઃ હાઃ હાઃ —(ખડખડાટ હસી પડે છે.)

કાકાતુયા-એ સાલો ચોર,—ખાવાનું બધું ચોરી કરી ખાઇ ગયો છે.

બુલા-હાઃ હાઃ હાઃ—(મોટેથી હસે છે.)

જિનો-માત્ર ખાવાની ચોરી કરી નથી, જરાક ઉંઘનીએ ચોરી કરી ઉંધી લે છે; પરંતુ આશું આશ્ચર્ય! આ વીંટી આને મળી કયાંથી? આ તો સમ્રાટ્ સાલાદિનની નામાંકિત મંત્રેલી વીંટી! પિતાએ કયાંથી કેવી રીતે મેળવી હતી તે તો જાણુતો નથી. મૃત્યુના એક

દિવસ અગાઉ તેમણે પોતે આ વીંટી બ્હેન નોરાને હાથે પહેરાવી હતી. અમને બે ભાઇઓને બોલાવી કહ્યું હતું કે-"તમે-પુરૂષ-વિપદોની સાથે લડી શકશો,-અને નોરા સ્ત્રી છે તેથી તેની તેમ કરવાની શકિત નથી. તેથી હું આ વીંટી નોરાને આપું છું. એની શક્તિ અદ્ભુત છે. જેને હાથે તે વીંટી હોય તેને વિપદમાંએ ભય નથી." એક દિવસ પછી પિતાનું મૃત્યુ થયું. તે આજ કયા કાળની વાત ? ત્યાર પછી અમે બે અનાથ ભાઇબ્હેન મોટા ભાઇના અત્યાચારથી દુઃખના દરિયામાં પડયાં હતાં. તે તેના સ્વામીના ગૃહે જઈ કુટુંબિની થઇ, અને હું નાસતો નાસતો સિરિયામાં જઇને આશ્રય પામ્યો હતો. ત્યાર પછી તેનો મેળાપ થયો નથી.

બુલા-બાબા,—બાબા,—ઓ બાબા,—

જિનો-પરંતુ—ના, ના, મારી કંઇ ભૂલ થતી નથી,-તે એજ એમાં કાંઇ સન્દેહ નથી. એજ તે બે હજાર વર્ષોનો પુરાણો દુર્બોધ્ય મંત્ર, અને અર્થહીન ચિત્ર પાના ઉપર તેમનાં તેમજ કોતરાએલાં રહ્યાં છે. એક વાર જોયા પછી તે ચિત્ર ભૂલાવું અસંભવ. પિતા કહેતા હતા કે પૃથ્વીમાં એની જોડી નથી. નિશ્ચય તેજ અંગુઠી—કાંઇ સંદેહ નથી—ત્યારેતો—

બુલા-બાબા, બાબા, ઓ બાબા,—હાઃ હાઃ હાઃ—

જિનો-કયાંની આ અસભ્ય છોકરી!

(ખારેબ આંખ ચોળી ઉઠી બેઠો, અને સામે બુલા, કાકાતુયા અને જીનોને જોઇ ધ્રુજતો ધ્રુજતો ઘરના એક ખૂણામાં જઇ નતશિરે ઉભો રહ્યો.)

જિનો-યુવક કોણ તું? ઉત્તર આપ-તું કોણ? તારા પરિચયનું મારે ખાસ કામ છે.

ખારેબ-પરિચય દીધે તો તમે જાણી શકશો નહિ. મારૂં ઘરબાર આ દેશમાં નથી.

જિનો-તારૂં ઘર કયાં?

ખારેબ-કર્નાકે.

જિનો-અહિંયા શા માટે આવ્યો ?

આરેબ-પ્રાણુ બચાવવા. સરકારી સિપાઈઓના હાથથી છટકી નાશી આવ્યો છું. ક્ષુધાથી હું બહુ વ્યાકુળ થયો હતો. અનુમતિ લેવાનો અવકાશ લાધ્યો નહિ, રજા વિના આપનું ખાદ્ય હું ખાઈ ગયો છું. આપને ઘરે રક્તપિપાસુ સૈનિકોના હાથથી મને બચાવ્યો છે. આપનું એ ઋણુ હું જીવન પર્યંત પતાવી શકીશ નહિ.

જિનો-ઇચ્છા હોય તો પતાવી શકો.

આરેબ-શી રીતે?

જિનો-તમારા હાથની આ અંગુઠી મને આપીને.

આરેબ-મારૂં દુર્ભાગ્ય, એ અંગુઠી ન આપી શકાય એવી છે. એ મારી નથી. મારા એક નિકટ સ્વજને મને રાખવા આપી છે. એ પારકી થાપણુ બીજાને સુપરત કરવાનો મને અધિકાર નથી.

જિનો-કોઇએ તમારી પાસે થાપણુ રાખી છે? તે કોણુ? પુરૂષ કે નારી? તે કયાં રહે છે? ઉમ્મર કેવડી? તેને બીજું કોઇ છે?

આરેબ-તે પુરૂષ.

જિનો-પુરૂષ!

આરેબ-તેઓ વૃદ્ધ છે. પૃથ્વીમાં એક કન્યા સિવાય તેમનું બીજું કોઇ નથી.

જિનો-તેમણે તમને આ અંગુઠી શા માટે આપી?

આરેબ-તેઓ મારા પિતાના પરમ મિત્ર.. તેઓએ મને વિપદમાં જોઇ આ અંગુઠી આંગળીમાં પહેરાવી, કહ્યું છે કે આ મંત્રપુતઃ-અંગુઠી-જેને હાથે હોય તેને વિપત્તિમાં ભય કે વિનાશ નથી.

જિનો-તેમણે કહ્યું છે? તેઓ જાણે છે? તેમનું નામ શું?

આરેબ-તેમનું નામ આબન.

જિનો-મારૂં અનુમાન ઠીક છે. યુવક તમે મારે ઘેર રહેશો? તમને ભય નથી, હું મિસરી નહિ પણુ તમારી સ્વજાતિનોજ છું.

આરેબ-આપ દયા કરી આશ્રય આપો તો રહું.

જિનો-હું તમને આશ્રય આપી શકું—એક શરતે.

ખારેબ–કઇ?

જિનો–તમે મારી રજા સિવાય મારૂં ઘર છોડી શકો નહિ.

ખારેબ–આપની દયા અસીમ. આજ થકી હું આપનો ક્રીતદાસ.

જિનો–બુલા, આજથી એ તારો સહોદર. એને બાગમાં લઇ જા. આપણે ત્રણ જણાં ત્યાં વૃક્ષ તળે બેસી ખાણું ખાઇશું. કાકાતુયા, અમને ત્રણ જણાને થાય તેટલું ખાવાનું લઇ જા.

બુલા–હાઃ હાઃ હાઃ

કાકાતુયા–કૈ.

(જિનો સિવાય સકલનું પ્રસ્થાન.)

જિનો–દેવતા, કોણ કહે તમે મિથ્યા? તમે છો—નહિતો કોણે મને આવી રીતે હાથ ઝાલી રસ્તો બતાવી દીધો? આ પૃથ્વીમાં જેઓ મારા એકમાત્ર સ્વજન, જેમને જોવાની આશા આજીવન છોડી દીધી હતી, તેમનું સંધાન મળ્યું છે. આજ મારે મોટો આનંદનો દિવસ!–આજ મારે મોટો આનંદનો દિવસ.

દ્વિતીય દૃશ્ય.

નાહરિન અને રામેશિસ.

રામેશિસ–નાહરિન, નાહરિન, વિશ્વાસ રાખ, સાચેજ હું તને ચાહું છું.—બહુ ચાહું છું.

નાહરિન–શા માટે ચાહો છો? ના, ના, તમને હું વારૂં છું. તમે મને ચાહો નહિ.–ચાહવાનું બોલો નહિ. હું ચાહવું જાણતી નથી, કોઇવાર શીખી નથી.

રામેશિસ–નાહરિન હું તને તે શીખવીશ.

નાહરિન–હું શીખીશ નહિ. ચાહતાં શીખ્યે શું વળે? કાફ્રી કન્યાને વળી સ્નેહ? એ સહુ મોટાઓના ખ્યાલ, ગરીબને છાજે નહિ.

રામેશિસ-નાહરિન, નાહરિન,—

નાહરિન-સાંભળો તાજવર. આને તમે પ્રેમ કહો છો? એ પ્રેમ નહિ, એ અત્યાચાર જુલમ. મારી ઇચ્છા વિરૂદ્ધ મારા મન ઉપર તમારૂં આ અધિકાર સ્થાપન—એ જુલમ. મારો વિવેક કહે છે.—"તેને ચાહીશ નહિ"—તત્ક્ષણેજ મારૂં મન સહસ્ર કંઠે તેનો પ્રતિધ્વનિ કરી ઉઠેછે.—"તેને ચાહ-ચાહ-ચાહ." હું પ્રાણ-પણે અવશ મનનું ગળું દબાવી તેને ચુપ કરવા ઇચ્છું છું, અને તે માતૃહીન શિશુની માફક અસહ્ય વેદનાથી રૂદ્ધ કંઠે હાહાકાર કરી ઉઠે છે.—બોલો તાજવર, આ શું અત્યાચાર નહિ?

રામેશિસ-મન જે કહે તે શા માટે નથી કરતી નાહરિન?

નાહરિન-વિવેક વિરૂધ્ધે? તે બને નહિ તાજવર, તેનું ફળ કદિ સારૂં આવે નહિ.

રામેશિસ-નાહરિન, નાહરિન.—(હસ્ત ધારણ.)

નાહરિન-શાન્ત થાઓ તાજવર, ચુપ કરો. તમારી વાતથી મારા પ્રાણ પાગલ થઈ છાતી ભાંગી છુટી બહાર આવવા ચાહે છે. તમારા સ્પર્શે મારા દેહની શિરાશિરામાં આગનાં મોજાં ચાલે છે. તમારૂં આહ્વાન મને દુનિયા ભૂલાવી દે છે,—જાણે કોઇ એક અજાણ્યા બેચેના સ્વપ્નલોકના અર્ધ પ્રકાશ અને અર્ધ અંધેરમાં લઇ ફેંકે છે. તાજવર, તાજવર, તમને પગે લાગું-મારો ત્યાગ કરો. મારી પાસેથી દૂર ચાલ્યા જાઓ. જો સાચેજ મને ચાહતા હો તો પ્રતિજ્ઞા કરો કે હવે પછી કદિ મારી સામે આવી ઉભા રહેશો નહિ.

રામેશિસ-તેના કરતાં આ છુરી લે, આ છાતી ધરૂં છું. જન્મની માફક એકદમ સહુ અત્યાચાર, સહુ જુલમનો છેડો આણ.

નાહરિન-ના, હવે ખમી નહિ શકું, આ લોભ હવે સંવરણ કરી શકીશ નહિ. આ તૃષા હવે સહી શકીશ નહિ. અંધ નયનને મળેલી દૃષ્ટિ ખોઇ શકીશ નહિ. તાજવર, તાજવર, બોલો તમે શું ચાહો છો? સાચું બોલો, સારી પેઠે વિચારીને બોલો-મારી પાસે શું ચાહોછો?

રામેશિસ-નાહરિન, હું સાચુંજ કહું છું હું તને ચાહું છું. પૃથ્વીમાં કદિ કોઇએ કોઇને ચાહ્યું નહિ હોય તેવી રીતે હું તને ચાહું છું. જેવો પ્રણય પૃથ્વીમાં કદિ કોઈએ કોઇને પણ નહિ કર્યો હોય તેવો હું તને પ્રણય કરૂં છું—નાહરિન તું મારી થા.

નાહરિન-તો-તો-લ્યો મને. રસ્તાની ધૂળમાં પડેલ એક પુટી કોડીને ઉપાડી લ્યો. તાજવર, તાજવર, તમે અતિ સુન્દર અને હું એક ક્ષુદ્ર પતંગ, તમારા રૂપના અગ્નિમાં ફસાઇ છું—નાસવાની મારી તાકાત નથી.

રામેશિસ-નાહરિન,—

આબન-(નેપથ્યે)-નાહરિન!-નાહરિન!

નાહરિન-અરે બાબા આવે છે—હું અહિંથી જાઉં છું.

રામેશિસ-ચાલો હું પણ જાઉં છું.

નાહરિન-ના ના, હમણાં નહિ. અત્યારે તો તમે અહિંયાંજ રહો. (પ્રસ્થાન)

(એક હાથમાં પંખા સાથે આબનનો પ્રવેશ.)

આબન-તું કોણ યુવક જે પુત્રની માફક મારી સેવા કરે છે, ભૃત્યની માફક મારા આદેશ ઉઠાવે છે, દેવતાની માફક સર્વ વિપદોમાંથી મારૂં પરિત્રાણ કરે છે? તારી સહાય ન મળી હોત તો હું કોઇપણ રીતે તે દિવસે તે ભયંકર અગ્નિચક્રમાંથી નાહરિનને લઇ બહાર આવવા પામત નહિ. તારી દયાથી અમે નોધારાં નૂતન આધાર પામ્યાં છીએ તારી આનુકૂલ્યે એક ટુકડો ખાવા પામીએ છીએ. યુવક, કેમ કરી હું તને મારા અંતરની કૃતજ્ઞતા જણાવું?

રામેશિસ-કાંઇ પ્રયોજન નથી. કહું છું કે હું માતૃ-પિતૃહીન, સંસારે મને પોતાનો કહી બોલનાર કોઇ નથી. આપ મારા પિતા,—મને છોકરો સમજજો.

આબન-દેવતા શેબેક તારૂં મંગળ કરો. આ વૃદ્ધનો આંતરિક આશીર્વાદ તને સર્વદા જયી કરો. વત્સ, એક વિષયમાં મારો સન્દેહ ભાંગ.

રામેશિસ-શું?

આબન-તારૂં નામ કહેછે તાજવર, કિન્તુ પરિચય આપે છે કે તું કાફ્રી પિતા અને મિસરી માતાનો છોકરો. કાફ્રીગૃહે આવું નામ તો મેં કદિ સાંભળ્યું નથી.

રામેશિસ-એ નામ મારી માતાએ પાડયું છે તેથી ધારૂં છું, કે તે ઘણું ખરૂં મિસરી નામના જેવું છે.

(નાહરિનનો પુનઃ પ્રવેશ)

નાહરિન-બાબા, બાબા, જલદી આવો.

આબન-કેમ મા, શું થયું છે?

નાહરિન-ફારાઓની દીકરી સાયા રથમાં બેસી આ રસ્તે જતી હતી, એવામાં એકદમ પૈડું ભાંગી જવાથી રથ અચલ થયો છે. અને અહિંયાનાં બધાં માણસો તેને રાજકન્યા જાણી જોવા માટે ચોપાસે ભીડ કરી તાકીને ઉભા રહ્યા છે. તેથી તે રથમાંથી ઉતરી એક દાસીને સાથે લઇ આપણા ઘર તરફ આવે છે. (નેપથ્યે સ્ત્રી કહે-" ઘરમાં કોણ છે?") એ આવી પહોંચી છે.

આબન-નાહરિન, જા તેને સસન્માને અહિં લઇ આવ.

રામેશિસ-સત્યાનાશ, સાયા અહિંયા!—(પ્રકાશ્યે)—એ શું પિતા?—તે તો આપણી શત્રુકન્યા, તેને સસન્માને ?

આબન-ભલે તે શત્રુકન્યા હોય. અત્યારે તો તે વિપદમાં માં પડી છે—વળી તે સ્ત્રી. જા નાહરિન. (નાહરિનનું પ્રસ્થાન.)

રામેશિસ-હવે ઉપાય?-શું કરૂં? જતો રહું. બીજી એક ક્ષણ પણ વિલંબ કરીશ તો પકડાઇ જઇશ.

આબન-કયાં જાય છે તાજવર?

રામેશિસ-જી-એ-ના-આ જાઉં છું જરાક પાસેના ઓરડામાં. અહિં સમ્રાટ કન્યા આવે છે, મારે રહેવું એ ઉચિત નહિ.

આબન-કંઇ નહિ. તે મારે ઘેર અતિથિ તરીકે આવે છે. મારા પુત્રની પાસે તેને લજ્જિત થવું ઉચિત નથી.

રામેશિસ-ઓ,—ઓ,—આ ઓરડો તો અત્યંત ગરમ છે.

આબન-આ લે. (હાથમાંનો પંખો આપે છે.)

(સાયા, પરિચારિકા અને નાહરિનનો પ્રવેશ.)

આબન-આવો મા, રાજરાજેશ્વરી! હું દરિદ્ર કાફ્રી. તમે આજ ઘટનાચક્રને વશ થઇ મારે ઘેર થોડીવાર વિશ્રામની આશાએ આવ્યાં છો. પરંતુ મારૂં દુર્ભાગ્ય જે આ ઘર તમારા પગ રાખવા પણ યોગ્ય નથી. તમારી સાથે ગોષ્ટિ કરવા યોગ્ય અહિં સંગતિયે નથી.

સાયા-એવી વાત કહો છો તેથી મને ઘણું દુઃખ થાય છે. તમારે ઘેર આવીને હું હજારો અપરિચિત દૃષ્ટિનાં આક્રમણથી બચી છું. એનેજ હું પરમ લાભ ગણું છું. (નાહરિન આસન લાવેછે.)

આબન-બેસો મા. દયા કરી દરિદ્રને ઘેર આવ્યાં છો, તો રજા આપો તો એક બે ફળ લાવી આપું. દીન વૃદ્ધનું આતિથ્ય ગ્રહણ કરી અનુગ્રહ કરો.

સાયા-તમારા સૌજન્યના દાનની હું ઉપેક્ષા કરીશ નહિ; લઇ આવો.

(આબન ચાલ્યો જતો હતો તેવામાં બારણા પાસે રામેશિસ તેને પકડી ધીમું ધીમું બોલ્યો.)

રામેશિસ-હું પણ આવું?

આબન-ના, તું મારો પ્રતિનિધિ થઇ અહિં રહે. નાહરિન, મારી સાથે ચાલ. મા, અમે હમણાં આવીએ છીએ. અમારો અપરાધ ગણશો નહિ.

સાયા-કંઇ નહિ. તમે ખુશીથી જઇ શકો છો.

(આબન અને નાહરિનનું પ્રસ્થાન.)

પરિચારિકા-હુજુરાઇન, હુજુરાઇન, જુઓ તો ખરાં, પેલું કોણ ઉભું છે.-પાછળથી જોતાં તો જાણે બરોબર યુવરાજ જેવું.

સાયા-યુવરાજ? તું શું બોલે છે? તે તો હવા ફેર માટે કેટલાક દિવસથી કાદેશે ગયા છે. આજ સુધી તો પાછા ફર્યા નથી!

રામેશિસ-વિષમ સંકટ! જો ઓળખી લીધો તો કલંકની પરાકાષ્ટા થશે.

સાયા-એ તો આશ્ચર્ય!—તું નામ પૂછ તો.

પરિચારિકા-પ્રભુ આપનું નામ શું?

રામેશિસ-શું ઉત્તર આપું? કંઠસ્વરથી તો ઓળખી કાઢશે. ચુપ કરી રહેવું એજ નિરાપદ.

પરિચારિકા-હજુર, મહામાન્ય સમ્રાટ્ કન્યા પૂછે છે આપનું નામ શું?—(રામેશિસ નિરુત્તર)—હુજુરાઇન, ધારૂં છું કે એનું કંઇ નામ નથી.

સાયા-વારૂ પૂછતો દેશ કયો?

પરિચારિકા-પ્રભુ આપનો દેશ કયો ?-રાજકુમારી પૂછે છે આપનો દેશ કયો ?

(રામેશિસ અર્થહીન ભાવે આકાશ પ્રતિ અંગુલી નિર્દેશ કરે છે.) હુજુરાઇન એનો કોઈ દેશ નથી. ધારૂં છું કે તેઓ ગઇ વર્ષામાં વરસાદ સાથે આકાશમાંથી માટીમાં પડયા છે.

સાયા-આશ્ચર્યનો નમુનો ! તેજ નાક, મૂખ આંખ,—બધું તેજ,—માત્ર પાર્થકય એ કે તેને મૂછ હતી નહિ, અને આને છે. (આબન અને નાહરિનનો ફળ લઇને પ્રવેશ—સાયાએ એકાદ ટુકડો ફળ લઇ મોમાં મૂકયું, બાકીનું આબને પરિચારિકાને આપ્યું—ભૃત્યનો પ્રવેશ)

ભૃત્ય-હુજુરાઇન, રથનું પૈડું મરામત થયું છે. આપ પધારો.

સાયા-ચાલો. વૃદ્ધ ત્યારે હવે હું જાઉં છું.
(બધાંએ અભિવંદન કર્યું—સાયા, પરિચારિકા અને ભૃત્યનું પ્રસ્થાન.)

રામેશિસ-આમનદેવ! તમને સો સો વાર પ્રણામ. આજ તમેજ મારૂં રક્ષણ કર્યું છે.

આબન-તાજવર, હું બહાર જાઉં છું. જ્યાં સુધી પાછો ન આવું ત્યાં સુધી ઘરમાં રહેજે. અને નાહરિનનું ધ્યાન રાખજે.

રામેશિસ-જેવી આજ્ઞા.

તૃતીય દૃશ્ય.

આમનદેવના મંદિર મધ્યસ્થ સામન્દેશનો ઓરડો.

દિવાલ ઉપર એક બૃહદાકાર ચિત્ર ખડું રહ્યું છે. ચિત્રમાં એક અનિંદ્ય સુંદરી શિશુને ધવરાવે છે.

———:o:———

સામન્દેશ—નોફ્રી! નોફ્રી! વાત કર. હસ, મારા મુખ તરફ જો—તે તે વખતની પેઠે ફરી એકવાર મારા મુખ તરફ જો—તારા ચુંબન આલિંગનની ઉષ્ણ મદિરાથી મને પાગલ કરી દે. મારા સ્નેહની નિર્મળ શુભ્ર કુસુમકલિકા ખીલાવી દે. તું શું આમ નિર્વાક્ રહીશ? તારા મોંમાંથી શું હવે આ જીવનમાં તે સ્વર્ગીય સ્પષ્ટ અમૃત ધારા જેવી વાત સાંભળવા પામીશ નહિ? વાત કહી ન શકે, તો એકવાર શું રડી પણ શકીશ નહિ? ઓહ: જીવન અતિ દુર્વહ. આની સાથે સાથેજ મારો સુખ શાન્તિ આશાનો સૂર્ય સદા આથમી ગયો છે. તેથી આજ જીવનની સંધ્યાએ નિરાશ વ્યથાનો આ ગુરૂભાર હું સહી શકતો નથી. આમનદેવ! આટલું દીર્ઘ જીવન મને શા માટે આપ્યું? તેની સાથેજ મારૂં અવસાન શા માટે કરી નાખ્યું નહિ? (નેપથ્યે દ્વારમાં કરાઘાત)—કોણ?

સાયા—(નેપથ્યે)—પ્રભુ, દ્વાર ખોલો. હું સાયા.

સામન્દેશ—સાયા?—(ખોલે છે.) આવે કવખતે?—એકાકિની?

સાયા—હા પ્રભુ, મારે કંઇ ખાસ પ્રયોજન છે.

સામન્દેશ—કહો.

સાયા—આજ કેટલાક દિવસથી મારૂં મન અતિ ચંચળ થયું છે. હું તેને કોઈ રીતે શાન્ત કરી શકતી નથી. એક સન્દેહની છાયાએ મને ઘેરી લીધી છે. રાત દિવસ કોઈ જાણે મારા કાનમાં કહે છે કુ—સાયા હતભાગિની સાયા, તારા સુખની રાત્રિ થઇછે.

સામન્દેશ—હેં શું થયું છે? ખુલ્લું કહે.

સાયા-શું થયું છે, તે પણ હું ઠીક ગોઠવી કહી શકીશ નહિ. સાધારણ દૃષ્ટિએ જોવા જતાં કંઇ નથી; પરંતુ મારૂં મન કહે છે, જે થવાનું છે તે થઇ ગયું છે.

સામન્દેશ-મનની આ કાતરોક્તિ કદિ નિષ્ફળ હોય નહિ. થિબ્સના તે ભયંકર પરિણામને દિવસે મારૂં મન પણ આવીજ રીતે રડી ઉઠયું હતું. જ્યારે હાસ્યમય પ્રભાતે તેનું હસતુંમુખ જોઇ કાર્યાન્તરે ચાલ્યો ગયો ત્યારે મારા મને કહ્યું હતું—' સામ ન્દેશ જા નહિ '—તે મેં સાંભળ્યું નહિ. સંધ્યા પછી ફરી આવતાં શું જોયું? આમનદેવનું મંદિર બળી રાખ થઇ ગયું. સાથે સાથે મારૂં ચે. જાય, જેટલું બને તેટલું કહે. બીજું નહિ સમજે પણ કદાચ હું સમજી શકીશ.

સાયા-ત્યારે સાંભળો પ્રભુ, આજ કેટલાક દિવસથી યુવરાજ દેશભ્રમણે બહાર ગયા છે. કોઇને સાથે લીધું નથી. છદ્મવેશે એકલાજ ગયા છે.

સામન્દેશ-તેતો જાણુંછું. ત્યાર પછી?

સાયા-જ્યારે તેઓ વિદાય લઇ ગયા, ત્યારે મારા મનમાં કંઇ કંઇ થઇ ગયું હતું. એકવાર ધાર્યું જવાની મનાઇ કરૂં-કરી શકી નહિ. છદ્મવેશનું કારણ પૂછ્યું. તેમણે કહ્યું કે કાદેશે વિદ્રોહનાં લક્ષણ દેખાય છે. તેનું પરિદર્શન કરી આવું. નગરવાસીઓના મનોભાવ જાણવા માટે છદ્મવેશ અત્યંત આવશ્યક છે; તેથી મના કરી શકી નહિ.

સામન્દેશ-હાં, ત્યાર પછી ?

સાયા-ત્યાર પછી કાલ પ્રભાતે રથમાં બેસી શહેરની બહાર ફરવા ગઇ હતી. એવામાં એકદમ રથનું પૈડું ભાંગી ગયું; રથ અચલ થયો. રાજકન્યા જાણી જોવા માટે ગ્રામ્યલોક બધા રથની ચોપાસે ભીડ કરી ઉભા, તે બધી અપરિચિત દૃષ્ટિ સહન કરી શકી નહિ. તેથી પાસેના એક વૃદ્ધ કાફ્રીના ગૃહે જઇ ચઢી. ત્યાં એક યુવક જોયો. જાણે યુવરાજની પ્રતિકૃતિ. નાક, મુખ, આંખ, લટકો. ચાલચલણ, ભંગીમા, બધું તેવુંજ. માત્ર પાર્થક્ય એ કે તેને મોંએ મૂછ હતી. તે જોઇ મને ભારે સન્દેહ થયો. પરિચય

આપવા કહ્યું. યુવકે વાત કરી નહિ. માત્ર નિર્બોધની માફક અહિં તહિં અંગુલી નિર્દેશ કરવા લાગ્યો, ત્યારથી હું એક ક્ષણ પણ સ્થિર થઇ શકતી નથી. આવી અવસ્થામાં કેટલાક દિવસ બાદ મને લાગેછે કે હું પાગલ થઇ જઇશ.

સામન્દેશ-તે ગૃહે બીજા કોઇને જોયું ?

સાયા-હા જોયું. એક યુવતી, અનુપરૂપ સુંદરી. ધારૂં છું કે તે વૃદ્ધની કન્યા.

સામન્દેશ-ત્યારે તો સાયા તેં મને ઠીક જણાવી દીધું. વારૂ, તારે બીજું કંઇ કહેવાનું છે ?

સાયા-કાલ રાત્રે એક દુઃસ્વપ્ન જોયું.

સામન્દેશ-શું જોયું ?

સાયા-પરિષ્કાર કંઇ નહિ; બધું અસ્પષ્ટ આભછાયાના જેવું. જોયું એક ઝાડનીચે એ કાઠી બાલિકા ક્રોધભરી આંખે, પત્થરની જડમૂર્ત્તિ માફક ઉભી છે. અને હું—તેના પગે પડી યુવરાજની જીવનભિક્ષા માગું છું. પ્રભુ, એનો અર્થ શો?

સામન્દેશ-જાણતો નથી. કદાચ યત્ન કરવાથી નિર્ણય કરી શકીશ. પરંતુ હું અત્યારે બીજા કાર્યમાં નિયુક્ત છું, મને અવકાશ નથી.

સાયા-(પગે પડીને) પ્રભો ! પ્રભો ! દયા કરો, રક્ષા કરો. આપ જો આનો ઉપાય નહિ કરોતો બીજું કોણ કરશે ?

સામન્દેશ-ઉપાય ? વારૂ, સમયે પ્રયત્ન કરીશ અત્યારે તું ઘેર જા. પણ સાવધાન ! જોજે આ સ્વપ્નની વાત કોઇ બીજે કાને જાય નહિ. જશે તો પછી નિવારણનો ઉપાય રહેશે નહિ.

સાયા-ના પ્રભુ, આ વાત હું કોઇને પણ કહીશ નહિ. કિન્તુ આપ એનો ઉપાય કરો—મારી રક્ષા કરો યુવરાજની રક્ષા કરો.

સામન્દેશ-કહું છું કે વખતમલ્યે યત્નકરીશ. તું અત્યારે ઘેર જા.

———:o:———

ચતુર્થ દૃશ્ય.

નદીતીર—નારીગણ.

નારીગણ— ગીત.

નીલા ! નીલા ! નીલા !
કરૂણા રૂપિણી જનની પુણ્ય સલિલા !
સ્નેહ—પીયુષ—ધારા દિગન્તે પ્રવાહિત,
પુલકે ધરણી કરતી પાન.—
શ્યામલ શસ્યે, નિર્મળ હાસ્યે નિત્યે કરતી
જીવન દાન !
કંઠે આશીષવાણી કલકલતાન—
ભુવનમોહિની જનની કિરિટિની સુચારૂશિલા !
નીલા ! નીલા ! નીલા !
પ્રથમ પ્રભાતે પ્રથમ જ્યોતિ રેખા !
અવનિતળે નવલીલા !

પંચમ દૃશ્ય.

નદીતીર પાસેનો રસ્તો.

રામેશિસ—ના, ના, હવે અહિં રહેવું ઉચિત નથી. તે દિવસે સાયા મારા તરફ સન્દેહ કરી ગઇ છે. ત્યાર પછીથી મારા મનમાં આવે છે કે વૃદ્ધ આબન પણ મને કંઇક સન્દેહની દૃષ્ટિથી જુવે છે. આ મારી ભૂલ હોઇ શકે—તો પણ હવે અહિં વિલંબ કરવો ઉચિત નથી. આ વખતે માનમાંજ નાશી જાઉં. પણ કેમ કરી જાઉં ? નાહરિનના રૂપની મદિરાથી હું તદન મત્ત થઇ ગયો છું—તેના પ્રણયના કઠિન બંધનમાં બંધાઇ પડયો

છું—તેથીજ જાઉં જાઉં કરવા છતાં જઇ શકતો નથી. પરંતુ તેય જવુંજ જોઇએ. મિસરનો ભાવિ અધિપતિ એક કાફ્રીના ગૃહે કેટલો વખત રહી શકે? કાફ્રી કન્યા નાહરિન ગમે તેટલી સુંદર હોય પણ મિસરના રાજ્યમહેલમાં તેનું સ્થાન કયાં? પણ—ના પણ શાને? એકવાર એક ભ્રમ થયો તે શું આ જીવન બહાલ રાખવો જોઇએ?

(નાહરિનનો પ્રવેશ.)

આ આવી નાહરિન! નાહરિન!—

નાહરિન-કોણ તાજવર?—તમે—અહિં—કયારે આવ્યા?

રામેશિસ-હું બહુ વખતથી આવ્યો છું. તને એક વાત કહેવા માટે તારી વાટ જોઉં છું.

નાહરિન-મિથ્યા કથા. હું અહિં આવીશ તે તમે જાણતા નહોતા. હું પોતેજ જાણતી નથી.

રામેશિસ-હું જાણતો હતો નાહરિન. મારા મને મને કહી દીધું હતું કે આજ ઠેકાણે તું મળીશ.

નાહરિન-તમારા મને તમને કહી દીધું હતું. તમે મને એટલા બધા ચાહે છો?

રામેશિસ-ચાહું છું.

નાહરિન-ત્યારે મારી પ્રીતિથી તમે તૃપ્ત થતા કેમ નથી? જે નાહરિનને પામવા માટે એક દિવસ પાગલ થયા હતા. આજ તેને લઇને સુખી કેમ થતા નથી?

રામેશિસ-એ શું નાહરિન? કોણ કહે છે કે હું તને મેળવીને સુખી થયો નથી.

નાહરિન-તમે શું એમ ધારોછો તાજવર કે હું કઇ સમજી શકતી નથી?—મેં કઇ લક્ષ્ય કર્યું નથી?

રામેશિસ-શું સમજી છે નાહરિન, શું લક્ષ્ય કર્યું છે?

(વૃક્ષાન્તરાલે આબનનો પ્રવેશ)

આબન-આશ્ચર્ય, તેઓ ગયાં કયાં? નાહરિન તાજવર કોઇ ઘેર નથી.—એ રહ્યાં તેઓ અહિંયાજ છે.

નાહરિન-શું લક્ષ્ય કર્યું છે? આટલા વખતમાં તમારૂં કેટલું પરિવર્તન થઇ ગયું છે! તમારે પ્રાણે તે ઉન્માદના નથી, તમારે આહ્વાને તે પ્રેમ, ગદ્ગદ્ સુરનો ઝંકાર નથી. તમારે આલાપને તે તન્મયતા નથી, ક્ષણુના અદર્શને તે વ્યાકુળતા નથી. તમારે નયને મદિરા નથી, સ્પર્શે ચેતના નથી, તમે છો, પણ તે તાજવર હવે નથી. તમે જાણે એક સ્વપ્નમાંથી ધીરેધીરે જાગી ઉઠયાછો. જાણે કલ્પનાનાં સ્વર્ગમાંથી ધીરેધીરે પૃથ્વી ઉપર પગ મૂકેછો, જાણે કોઇ દેવી પ્રતિમાને પકડવા જતાં અંધકારમાં એક કાષ્ટ પુતળીને પકડી બેઠાછો.

આબન-આ શું!—આ વાતનો અર્થ શું? શું નાહરિને આ યુવકને આત્મ સમર્પણ કર્યું છે?

રામેશિસ-આવી વાતો તું કયાંથી શીખી નાહરિન?

નાહરિન-અવસ્થામાં પડી શીખી છું. જવાદો, તમે મને જે કહેવા માટે અહિં વાટ જોતા હતા તે કહો.

રામેશિસ-નાહરિન, મને કેટલાક દિવસ માટે વિદાય આપવી પડશે. અન્યત્ર મારે કંઇ કામ છે.

નાહરિન-કયાં કામ છે? શું કામ છે?

રામેશિસ-તું તે સાંભળીને શું કરીશ? તે વાત અત્યારે તો હું તને કહી શકીશ નહિ.

નાહરિન-કેમ કહી શકશો નહિ? હું કાંઇ બાળક તો નથી. તાજવર તમે દેવતાની સાક્ષીએ મારા જીવનમરણનો ભાર ગ્રહણ કર્યો છે. હું તો તમારી ધર્મપત્ની. તમારૂં જે કંઇ સારૂં માઠું હોય તે સાંભળવાનો મારો અધિકાર છે. મારી પાસે તો તમારે ગોપનીય હોય નહિ—કંઇ રહે પણ નહિ.

આબન-હું, મારીજ સમજવાની ભુલ. નાહરિન હવે તો બાલિકા નથી.

રામેશિસ-મને ક્ષમા કર નાહરિન, હું તે વાત તને કહી શકીશ નહિ.

નાહરિન-વારૂ, ત્યારે એક કામ કરો. તમે દેવતાને નામે સોગંદ લઇ નાહરિનને ગ્રહણ કરી છે, તમારા આદેશે તેણે તમારે ચરણે પોતાને અર્પણ કરી છે. પરંતુ હજુ સુધી તમે તેના પિતાની અનુમતિ મેળવી નથી. આ વખતે તેના પિતાની અનુમતિ લઇ વિવાહ કરો. ત્યારપછી તમારી પત્નીને તેના પિતાને સોંપી જ્યાં જવું હોય ત્યાં જાઓ.

રામેશિસ-વિવાહ!—અત્યારે રહેવા દે. મારા ગયા પછી તું તારા પિતાને બધું જણાવજે.

નાહરિન-હું તેમ કરી શકીશ નહિ. આ તમારૂં કામ તમે સંપૂર્ણ કરી જાઓ.

રામેશિસ-ના ના. હું તો કોઇ રીતે તેમ કરી શકીશ નહિ.

નાહરિન-કેમ નહિ તાજવર? કરી ન શકો તે ચાલે કેમ?

આબન-આ શું આશ્ચર્ય!—આ યુવક આની સાથે વિવાહ કરવા કેમ ચાહતો નથી?

રામેશિસ-નાહરિન હું મહાપાપી,—તમને બન્નેને છેતર્યાં છે. હું કાફ્રી નથી; મિસરી છું.

નાહરિન-હેં!—ના, તેમ હોઇ શકે નહિ. તમે પરિહાસ કરો છો, મારી પરીક્ષા કરો છો.

આબન-મિસરી!—ના ના, તેમ થશે નહિ. હું કોઇ રીતે નાહરિનને એક મિસરી યુવકના હાથમાં મુકી શકીશ નહિ. પણ આ કેવી ભીષણ પ્રતારણા!—કેવો અમાનુષિક અત્યાચાર! શું કર્યું છે અમે આ મિસરીઓનું કે તેઓ અમને એક જરાક પણ શાન્તિ કોઇ રીતેયે લેવા દેતા નથી?

રામેશિસ-નાહરિન, ખરેખર હું મિસરી છું,—પરંતુ તેમાં શું આવે જાય? તું તો મને ચાહે છે. વિચારી જો, તારી મા પણ મિસર રમણી હતી.

નાહરિન-તેણે તેનું પ્રાયશ્ચિત કર્યું છે. મિસરીઓએ તેને બાળી મારી છે, તે હું કોઇરીતે ભુલી શકું તેમ નથી. જો તમે ખરેખરજ મિસરી હો તો તમે મારા શત્રુ. હું તમારી

કાયમનોવાક્યે ઘૃણા કરૂં છું. તમે આજ ક્ષણે મારી સામેથી દૂર થાઓ.

રામેશિસ–ત્યારે તેમ થાઓ. નાહરિન સદાને માટે વિદાયજ.

નાહરિન–ના ના, જાઓ નહિ—ઉભા રહો. તાજવર તમે અતિ નિર્દય. મને લાગે છે કે તમારી જાતિમાં પણ તમારા જેવા નિષ્ઠુર અતિ વિરલ. પાષાણ! તારા પ્રાણમાં શું બિન્દુમાત્ર દયા માયા નથી? તમે હૃદય ધારવા છતાં આવી રીતે સંતાકુકડી રમી શકો? હૃદયને આમ દરિયામાં ડુબાડી શકો?

રામેશિસ-શું કરૂં નાહરિન, તારા મારા વિવાહ અસંભવિત.

નાહરિન–અસંભવિત! ત્યારે તે કામમાં હાથ શા માટે નાખ્યો? તે દિવસે નાહરિન નાહરિન કહી ગાંડા કેમ થઇ ગયા હતા? શો અધિકાર હતો તમારો એક સરલા અબલાનો ઇહપરકાલ નષ્ટ કરવાનો?

રામેશિસ–સાંભળ નાહરિન, એનો એક ઉપાય છે. ચાલ આપણે અહિંથી નાસી જઇએ. કોઇ જાણે નહિ, કોઇ સાંભળે નહિ, એવી જગ્યામાં તને રાખીશ. જ્યાં તારા મારા જીવનમાં કંઈ વાંધો આવશે નહિ.

આબન–ઓહ:! હવે સાંભળી શકતો નથી–હવે સહી શકાતું નથી—(છરી બહાર કરી સ્વવક્ષ સામે ધરી–ક્ષણેક વિચારીને)—શું કરૂં? જીવન દાતા,—ના ના, એ મિસરી,—પ્રતારણા કરી મારી જાત નષ્ટ કરી છે. આ બાલિકાનું સર્વનાશ કર્યું છે.

રામેશિસ-શું વિચારે છે નાહરિન, ચાલ, આપણે અહિંથી નાશી જઇએ.

આબન–ક્યાં જશો? આ વૃદ્ધની આંખમાં ધુળ નાંખી તેનાં જાતિ કુળ નષ્ટ કરી ક્યાં ભાગશો? દુષ્ટ મિસરી! તેં ગુરૂતર અપરાધ કર્યો છે,—ગુરૂતર શાસન ભોગવવા માટે તૈયાર થા.
(રામેશિસની છાતી ઉપર છરી ઉગામતાં નાહરિન તેનો હાથ પકડી લેછે.)

નાહરિન-બાબા, બાબા, દયા કરો—રક્ષા કરો-મારા મોં તરફ જોઇ તેને ક્ષમા કરો.

આબન-ચૂપ થા કલંકિની. છિ છિ છિ !—શી ઘૃણા ! શી લજ્જા ! મારી કન્યા થઇ તે અનાયાસે એક અજ્ઞાનકુલશીલ મિસરીની પ્રપંચનાથી કુમારીની પવિત્રતા વિસર્જન કરી ! પાપિણી ! પહેલાં હું તારી હત્યા કરીશ.

નાહરિન-બાબા, ગમે તેવી હોઉં, પણ કલંકિની નથી. હું આ યુવકની ધર્મપત્ની છું.

આબન-હું-તું શું કહેછે મિસરી યુવક ?

રામેશિસ-ના ના, નાહરિનની હત્યા કરો નહિ,—એને બચાવો. તમે એના પિતા—તમે એના પ્રાણની ભિક્ષા આપો. હું અપરાધી, જે ઇચ્છા હોય તે શાસન મને આપી શકો છો. પરંતુ આને કંઇ કહો નહિ.

આબન-ત્યાર પછી ? કહે ત્યાર પછી જો કંઇ વધારે બોલવાનું હોય તો (રામેશિસ નિરુત્તર)—યુવક, જો હું નાહરિન ને બચાવું તો તું શું તેને ગ્રહણ કરીશ. અભાગિની બાલિકાને જળે ડુબાવી દઇશ નહિ ? (રામેશિસ નતશીરે નિરુત્તર)—કેમ ચૂપ થઈ રહ્યો છે ? ત્યારે તું આ બાલિકાને જીવતી જોવા ચાહતો નથી ? યાદ રાખ, આના જીવન મરણ માટે તું જવાબદાર. બોલ, તું આને ગ્રહણ કરીશ કે નહિ ?

રામેશિસ-કરીશ.

આબન-ત્યારે નતજાનુ થા.

રામેશિસ-<u>નતજાનુ ?</u>—નતજાનુ થાઉં શા માટે ?

આબન-તું શું જાણતો નથી, કે જ્યાં સુધી કાફ્રી ધર્મનું અવલંબન ન કરે ત્યાં સુધી મિસરીઓના કાયદા પ્રમાણે એક મિસરીયુવક એક કાફ્રી કન્યાને ગ્રહણ કરવા અધિકારી થઈ શકે નહિ ? હું પ્રથમ તને મારા ધર્મમાં દીક્ષિત કરી અમારી રીતિ અનુસાર તારા હાથમાં આનું સંપ્રદાન કરીશ. જો મારી કન્યાના જીવનનું તારે પ્રયોજન હોય તો તેનું તારે મૂલ્ય આપવું પડશે. તેનું એક મૂલ્ય—તારો ધર્મ.

રામેશિસ-મારો ધર્મ ?

આબન-હાં, તારો ધર્મ.

નાહરિન-તાજવર, આજ તમારી પરીક્ષા, તમારા પ્રેમની પરીક્ષા, તમારા મનુષ્યત્વની પરીક્ષા—અને નાહરિનના જીવન મરણની પરીક્ષા.

રામેશિસ-તું શું બોલેછે વૃદ્ધ? નારીને માટે ધર્મ ત્યાગ કરૂં? ઇહકાલને માટે પરકાલ ખોઉં? કાં તો તું દિવાનો, જો તેમ ન હોય તો સ્વપ્ન જુવે છે—સ્વપ્નમાં વાતો કરે છે.

આબન-બેમાંની એક લઈ લે યુવક. તારો ધર્મ છોડીશ કે આને છોડીશ?

રામેશિસ-શું કહું વૃદ્ધ, તારા પાકેલા કેશ તારી ધોળી મુછ મને રોકે છે. તારા દુઃખદર્શનથી મને દયા આવે છે. નહિ તો આ છુરી મારા હાથમાં હોત,—તું મને આ વાત કહી મારી સામે જીવતો ઉભો રહી શકત? મારો ધર્મ?—તને શું ખબર છે વૃદ્ધ કે તેં મારૂં આજ કેવું અપમાન કર્યું છે? જાણે છે વૃદ્ધ કે હું કોણ? જાણે છે શું તું આજ કોની સંમુખે ઉભો રહી શી વાતો કરી રહ્યા છુ?—(છદ્મ વેશ કાઢી નાખીને) જો વૃધ્ધ ઓળખી શકેછે શું?

આબન-કોણ, યુવરાજ રામેશિસ? (ક્ષણેક સ્તબ્ધ થઇ જઇ, પછી)—યુવરાજ! આને માટે શું તેં અમારી જીવનરક્ષા કરી હતી? પ્રાણનાં વિનિમયમાં તેં પ્રાણ કેમ માગ્યો નહિ? જોત, હું હીન કાફ્રી છતાં પણ હસતે હસતે તારી સેવામાં તે અર્પણ કરત. પણ આ તેં શું કર્યું? આમ કરી મારા માથે વજ્રઘાત શાને કર્યો? આ નિરપરાધિની સરલા બાલિકાનું સર્વનાશ શાને કર્યું?

રામેશિસ-સાંભળ વૃદ્ધ, હું મિસરનો યુવરાજ રામેશિસ,—હું તારી કન્યાને ચાહું છું; સમજ કાલે આ મિસરનું સિંહાસન મારૂં. તારી કન્યા સાથે હું વિવાહ ન કરી શકું, પણ હું સોગંદ ખાઉં છું કે આજ જો તારી કન્યાનું દાન મને કરે, તો જે દિવસે હું સિંહાસને બેસીશ ત્યારે હું તારી કન્યાને મિસરની સર્વોચ્ચ અધીશ્વરી કરીશ. અશેષ-સમ્પદશાલિની આ મિસર ભૂમિ નાહરિનને હાથે ક્રીડા-કન્દુક બનશે.

આબન-યુવરાજ, મારી વાત એકજ. તેમાં મીનમેખ પણ થાય નહિ. તું સુસભ્ય મિસરી, તારી પાસે કદાચ ધર્મ

કરતાં સામ્રાજ્ય મોટું હોઇ શકે, પરંતુ અમે હીન કાફ્રી, ધર્મજ અમારૂં જીવન. નકકી જાણ્ યુવરાજ, જો તું મારી કન્યાને જીવતી જોવા ઇચ્છતો હોય તો તારે મારો ધર્મ ગ્રહણ કરવોજ પડશે,- નાહરિન સાથે યથારીતિ વિવાહ કરવો પડશે. મારૂં દુર્ભાગ્ય, તું યુવરાજ તારૂં બળ અસીમ. તે ઉપરાંત તે એક દિવસ અમારા જીવનની રક્ષા કરી છે. તેમ છતાં તું મારી કન્યાને આવીશંને મારી છાતી ઉપરથી છીનવી લેવા પ્રયત્ન કરે, તો હું તને અભિશાપ આપીશ-એવો અભિશાપ આપીશ—

રામેશિસ-તારા અભિશાપનો મને ભય નથી. હું મિસરનો યુવરાજ, મને તારી દરકાર નથી. નાહરિન બોલ તું કંઇ કહેવા ઇચ્છે છે? મોમાંથી એક વાત તો કહે. તારા પિતાનો ભય લાગે છે? તેની તાકાત શી મારી ઇચ્છાનો અટકાવ કરી શકે? બોલ, ચુપ રહે નહિ. (નાહરિન નિરુત્તર)—બોલ. મારો વિશ્વાસ કર,-હું સત્ય કહું છું. હું હજુએ તને ચાહું છું.

નાહરિન-ચાહું, ચાહું, ચાહું,—મારૂં શું ચાહો?-તમે ચાહો મારૂં રૂપ, મારો દેહ, મારૂં યૌવન. નહિ તો તમે મારી વ્યથા કેમ બુઝો નહિ? બોલો યુવરાજ, મારૂં શું ચાહો? મારી આ અંજનયુક્ત બે આંખો?—બોલો, આજ ક્ષણે કાઢી આપું મારા આ કાળા વાળનો ગુચ્છો? બોલો કાપી આપું? મારા હાથ, પગ, નાક, મૂખ, અંગ પ્રત્યંગ સ્વહસ્તે કાપી તમારે ચરણે ધરી શકું. હું એટલા તમને ચાહું છું. તમારે માટે હું ધર્મ છોડી શકું, સ્વર્ગ છોડી નર્કને ભેટી શકું, હું તમને એટલા ચાહું છું. પરંતુ યુવરાજ તમારે માટે મારા પિતાને છોડી શકીશ નહિ. તેની પદધૂળીના બદલામાં તમારો રાજમુકુટ માથે લઇ શકીશ નહિ,—તેને ખોળે મારૂં જે સ્થાન છે તેના બદલામાં તમારૂં સામ્રાજ્ય વેચાતું લઇ શકીશ નહિ. યુવરાજ, જ્યાં ઇચ્છા હોય ત્યાં જાઓ—મને કંઇ દુઃખ નથી. બાબા! હું તમારી અબોધ કન્યા, છતાં તમે મને કેટલા ચાહો છો!—બાબા! બાબા! મારા બાબા મારી આંખે તો તમે સ્વર્ગ કરતાંયે ઉચ્ચ, દેવતા કરતાંએ મહાન!—

(બાબને દૂરી દૂર ફેંકી દઇ કન્યાને છાતીએ લઇ લીધી.)

——:o:——

તૃતીય અંક

પ્રથમ દૃશ્ય.

ઓરડો—રામેશિસ અને સાયા.

સાયા— ગીત.

એ તો મારી મીઠી મીઠી ભૂલ.
અરૂણ તરૂણ ઉગે,
સદા જાગે આંખ આગે,
વિભવ એ અતૂલ,—મારી૦
ગળી જાય પ્રાણ દુઃખે,
રૂધ્ધ કંઠ અશ્રુ રોકયે,
શતખંડ તૂટે ઉર—મારી૦
તોય પંથ પ્રતિ જોઉં,
તોય હસું તોય ગાઉં,
આમોદે ફરૂંને સ્મરૂં,—મારી૦
મીઠી મારી ભૂલ
પણ પ્રાણ રહે તૃષાકુલ
વિભવ મારે એ અતૂલ—મીઠી મારી૦

રામેશિસ-સાયા તારો સાન્ધ્ય ભ્રમણનો સમય થયો છે.

સાયા-આજ હું બહાર જઈશ નહિ, તમારી પાસે રહીશ.

રામેશિસ-એ શું ? કેમ બહાર જવું નથી ?

સાયા-તમારી પાસે બેસી કાદેશની વાતો સાંભળીશ. સાંભળ્યું છે કે તે ઘણું પુરાણું શહેર છે. કેટલીએ જોવાની વસ્તુઓછે. તે સ્થાને શું શું જોઇ આવ્યા તે કહો.

રામેશિસ-હમણાં હું તારી પાસે બેસી વાત કરી શકીશ નહિ. મને ઉંઘ આવે છે. અત્યારે હું ઉંઘીશ.

સાયા-વારૂ તમે ઉંઘો. હું બેઠી બેઠી તમને વાયુ ઢોળીશ.

રામેશિસ-ના, ના, તેમ કરવાથી મને ઉંઘ આવશે નહિ. કોઈ પાસે બેસી હવા નાખે તો મને ઉંઘ આવે નહિ.

સાયા-ત્યારે હવા નાખીશ નહિ. અમસ્તીજ ચુપ થઈ બેસી રહીશ.

રામેશિસ-તેમ કરીશ તો તનેયે ઉંઘ આવશે, સાયા.

સાયા-ઉંઘ આવશે તો તમારા પગ તળે ઉંઘી જઇશ.

રામેશિસ-ના ના, તેમ કરવાની જરૂર નથી. તું જરા બહાર જઇ આવ, ત્યાં સુધી હું જરા ઉંઘી લઉં. ત્યારપછી તારી પાસે બેસી વાતો કરીશ.

સાયા-તેના કરતાં તમે પણ ચાલોને ? શહેર બહારનાં પરાંની ઠંડી હવાથી તમારૂં શરીર શીતળ થશે, મન પ્રફુલ્લ થશે, ત્યાર પછી પાછા આવી ઉંઘજો.

રામેશિસ-ના સાયા, તું એકલી જા.

સાયા-એજ તમારી ઇચ્છા ?

રામેશિસ-હાં એજ મારી ઇચ્છા.

સાયા-ઠીક ત્યારે અસ્તુ. તમારી જે ઇચ્છા તે શા માટે ન કરૂં ? તમે જ્યારે કહો છો ત્યારે એકલીજ જઇશ,—તેથી કંઇ લાભ હાનિ નથી. પરંતુ રામેશિસ ! પ્રિયતમ ! સમજ્યું વિધિલિપિ અખંડનીય. દેવતાની જે ઇચ્છા તેજ થશે. મારૂં બળ શું કે તેને નિવારી શકું ?

રામેશિસ-સાયા, આ તું શું બોલે છે. ? દેવતાની શી ઇચ્છા ? શી વિધિલિપિ ?

સાયા-શી દેવતાની ઇચ્છા, શી વિધિલિપિ, તે તમને કહી શકીશ નહિ. દેવતાનો નિષેધ. બોલવાથી પ્રતિકાર થશે નહિ. હાય, તેણે અન્ધકારની માફક તમારા જીવન ઉપર તેની કાળી છાયાની જવનિકા વિસ્તારી દીધીછે. સૂર્યગ્રહણની રાક્ષસી માફક તેની કામનાની વિશાળ મુખગહ્વર વિસ્તારી તમને ગળી જવા ઉદ્યત થઇછે. તમે તે સમજી શકતા નથી. તમે નિર્જને એકલા

બેસી તેના વિચાર કરવા ચાહો,—હું તેમ કરવા દઉં નહિ તેમ ધારી ક્રોધ કરો. તમે કલ્પનાની કુંજ કુટીરમાં જાગ્રત વસંતની સૃષ્ટિ કરી તેમાં સુખ શૈય્યા બીછાવો. હું આવી વચ્ચે ઉભી રહું, તમારૂં સ્વપ્ન ભાંગી જાય, તમને તે સારૂં લાગે નહિ. તમે સદ્યપ્રસૂત વિહગ—શિશુની પેઠે વૈશાખની કાળી મેઘમાળામાં દોડી જઇ દામિનીનાં ચપળ હાસ્યને પકડવા ચાહો. હું-વિહગ જનનીની માફક તમારો ગતિરોધ કરૂં.—તમે વિરક્ત થાઓ.

રામેશિસ-સાયા, સાયા, તું કોની વાત કહેછે ? કોના હાથથી તું મને બચાવવા ચાહે છે? માર્મિક ભાષા છોડી દઈ સ્પષ્ટ રીતે બોલ. હું તો કંઇ સમજી શકતો નથી.

સાયા-સમજી શકતા નથી ? યુવરાજ સત્ય બોલો, તમે શું કાંઇ સમજી શકતા નથી ?

રામેશિસ-હેં—ના.

સાયા-ત્યારે સાંભળો. હું તે કાફ્રી કુમારીની વાત બોલુંછું.

રામેશિસ-કાફ્રીકુમારી ? કોણ કાફ્રીકુમારી ? (સ્વગત) સર્વનાશ ! જે બીક હતી તેજ.

સાયા-કોણ કાફ્રીકુમારી ? મિસરનો ભાવિ ફારાઓ દેશભ્રમણે જવાનું નામ લઈ જેને ઘેર જઇ છદ્મવેશે અતિથિ થયા હતા. રામેશિસ, રામેશિસ, તમે સમગ્ર જગતને ગોથું ખવરાવી શકો, સુખ ઢાંકી દુનિયાની સામે ઉભા રહી રહસ્યનાં છલથી પૃચ્છા કરી શકો—"બોલો જોઇએ હુ કોણ"?—પણ મારી પાસે?—રામેશિસ, સાયા તમને ચાહેછે,—પોતાના પ્રાણુની અંદર તમારી મુખછબિ વજ્ર રેખાથી આંકી રાખી છે. તે, જો આજ અંધ થઇ જાય તો પણ હજારો લોકોમાંથી તમને વીણી બહાર કાઢી શકે.

રામેશિસ-હવે અસ્વીકાર કરવો તે વૃથા. ના, હજુ જરાક જોઉં—સાયા, તોય સમજી શકયો નહિ, હજુ સ્પષ્ટ કરી બોલ.

સાયા-યુવરાજ તમારો યત્ન વૃથા છે. તમે કોઇરીતે મને છેતરી શકશો નહિ. ગમે તેમ કરી હું તેના ગ્રાસથી તમારી રક્ષા

કરીશ. મારે માટે નહિ તમારે માટે તમને બચાવીશ. રામેશિસ, એક હીન ક્રીડાબાલિકા માટે તમારા પ્રાણમાં પ્રેમનો દરિયો ઉથલી ઉઠયો છે. તે કાળજળ ભર્યા જુઆળમાં, હે મિસરના ભાવિ ગૌરવ ! હું તમને કોઇ રીતે ડુબવા દઇશ નહિ. ત્યાર પછી જો તમારે મારૂં પ્રયોજન નહિ રહે તો કોઇ તમને તેથી વંચિત કરવા આવશે નહિ.

રામેશિસ-સાયા, સાયા, તું મને એટલો બધો ચાહેછે ?

સાયા-હું તમને એટલા બધા ચાહું છું.—હું તો તમારીજ.

રામેશિસ-મને ક્ષમા કર સાયા, હું મારી ભૂલ સમજી શકયો છું.

સાયા-સાચું કહોછો ?

રામેશિસ-સાચું કહુંછું.

સાયા-તો ચાલો ફરવા જઇએ.

રામેશિસ-ચાલો.

સાયા-હું રથ સજ્જ કરવા આદેશ આપું ?

રામેશિસ-જા હું તારી પાછળજ આવુંછું

સાયા-વાર લગાડતા નહિ. (પ્રસ્થાન.)

રામેશિસ-કોણ વધારે સુંદર ? તે કે આ ? હું કોને વધારે ચાહું ? તેને કે આને ? એક તીવ્ર મદિરા જેવી દીપ્તિમયી, અગ્નિમયી, રૂપમયી,—ઉન્માદનાનો પ્રવાહ છોડી દઇ હૃદયમાં તૃષાનો સંચાર કરે, ઉષ્માથી દગ્ધ કરી દે,-અને એક હિમશીત ચંદ્રિકાની માફક શીતળ મધુર શાન્તિમયી, તૃપ્તિમયી—જાગ્રત હૃદયને ઉઘાડી દે. એક આશા, ઉદ્યમ, કર્મ,—અને એક સંતોષ, નિશ્ચેષ્ટાય, નિવૃત્તિ. એક જણુ મારૂં,—અન્ય જણુ મારૂં છતાંએ મારૂં નહિ. હું કોને ન ચાહું અને કોને વધારે ચાહું ? કોને રાખું, કોને છોડું ? આમનદેવ ! મને કેવા વિષમ ધર્મસંકટમાં નાખ્યો ?

(પ્રસ્થાન.)

દ્વિતીય દૃશ્ય.

વનભુમિ દસ્યુ ગણ,

૨. દસ્યુ-ખાઓ પીઓ મજા કરો, ફુર્તિ મેળવો કોની પરવા?

૧. દસ્યુ-ના બાબા ફુર્તિ એમ જામે નહિ. કયાંથી જાણે મોટું ભારે વિઘ્ન હાં કરી રહ્યું છે. માત્ર ફુર્તિ કહી ઘોંઘાટ કર્યે કંઇ ફુર્તિ થતી નથી.

૨. દસ્યુ-કેમ થાય નહિ? આપણે શેની ખોટ? આજ એકાદું ગામ લુંટી લાવ્યા છીએ. એક દા'ડામાં છ મહિનાનો રોજગાર થઇ ગયો. આજ ફુર્તિ થાય નહિ તો પછી કયારે થાય?

૧. દસ્યુ-ભાઇ બોલે છે તો ઠીક, પણ વારૂ સરદારનો મત કેવો?

સરદાર-બરાબર તમારા જેવોજ—ફુર્તિ જાણે જામે છે પણ નહિ જેવી. કયાંક જાણે એકાદ મોટી ઉણુપ રહી ગઇ છે. પણ તે ઉણુપ કોણ સમજાવી દે.

૩. દસ્યુ-હું કહું સરદાર?

સરદાર-હાં હાં, કહે કહે.

૩. દસ્યુ-બીજું તેથી શું બોલું? બાયડીની ખોટ.—જો કે સારો દારૂ, માંસ, હોય તોય ફુર્તિ જામે--પણ તેની સાથે બાયડી માણુસ તો જોયેજ.—જેમ પતંગ ઉડાડવો હોયતો દોરી જોઇએ, ગાન ગાવું હોયતો ગળું જોઇએ, અને નાચવું હોયતો પગ જોઇએ.

સરદાર-સારી વાત, બોલાવ બધી નાચનારીઓને. આવી બેટી બધી રાક્ષસની માફક ખાય, અને આવા ફુર્તિના દિવસે એકાદ ગીત ગાય નહિ!

સકલ-(ઘોંઘાટ કરી મેલી)—બોલાવ બેટીઓને—બોલાવ નાચનારીઓને.—

(નાચનારીઓનો પ્રવેશ.)

નાચનારીઓ.— ગીત.

લૂટા દિયા મોરે યૌવનકી લાખો બહાર,
મોરે લાખોં શિંગાર, અબ જીન્દગી કયસે કરીં ગુજાર !
સિનેમેં ઉઠા તુફાન, કિયા બેચયેન મેરે દિલો—જાન—
સબ દિલ્લગી છોડકર દિલ લગાવો, આવો મેરે દિલદાર !
મેરે નયનોકી પાની, હોટોં-કી લાલી-પ્રીતપ્રેમકી પૂલોકી ડાલિ-
તુઝે દિયા, હો હો પિયા હમારી ! ભરોસા કિયા તુહાર,
તોહે બિનુ, આંધિયાર, પિયા મ્યેં ડુબ ગીયા માઝધાર.

સરદાર—વાહ વાહ ચમત્કાર ! શરાબ માંસ, અને સ્ત્રી એ ત્રણ જણ મળી સ્વર્ગ તૈયાર થયુંછે. હું તે સ્વર્ગનો માલિક. મારા જેવો બીજો કોણુછે ? અરે ઓ, તમે બધાં એક હારમાં ઉભાં રહો,—જોઉં તમારામાં કોણ સૌ કરતાં સુન્દરછે. (ફરી—ફરીને એક પછી એકનું મોં જોઇ જોઇ બહાર કાઢે છે. અને પોતે પોતાની મેળેજ અભિમત પ્રકાશ કરવા માંડેછે)—ચીબરી, બિલાડી, માંજરી, ચીબી, વડવાનરી—ના, તમે એકેય મનુષ્ય જેવાં નથી.

૧. સ્ત્રી-જી હુજુર—

સરદાર-ત્યારે તો રે પાજી ઘરડી છછુંદરી, મારી વાત ઉપર વાત ?

નાચનારીઓ-ઓરે બાપારે !—મારી નાંખશે !—
(પ્રસ્થાન.)

સરદાર-ના ભાઇ તમે બધા પુર્તિ મેળવો, આપણે તો જઇ જરાક ઘોંટાઇ જઇશું,

સકલ-એ શું. કેમ ? કેમ ?

સરદાર-બીજું શું ? મનને ગમતી એક બાયડી માણસ જ્યારે આપણા અખાડામાં નથી, તો પુર્તિ શી રીતે મેળવું ?

૧. દસ્યુ-જી આ અખાડે નહિ તો બીજે અખાડે છે. હુજૂર સેંકડો અખાડાના બાપ સરદાર.

૨. દસ્યુ-તે શું સંભવ ? આ સ્થાને જો ન હોય તો બીજે કયાં હોય ?

૩. દસ્યુ-હુજુર, આપને છાજે તેવી બાયડી શું વાટઘાટમાં પડી રહે ? શોધી લેવી જોઇએ. હુજુર, શોધી લેવી જોઇએ,

સરદાર-તો, તમારામાંથી કોણ મારે માટે એકાદ શોધી લાવે છે ?

૩. દસ્યુ-જી, મેં એકાદ શોધી કાઢી ઠીક કરી રાખી છે, હુકમ થયેજ લઇ આવું.

સરદાર-તે કેવીક છે કહેતો ખરો.

સકલ-હાં. હાં. બોલ તો.

૩. દસ્યુ-જી. બહુ ફક્કડ છે.

સરદાર-ત્યારે ?

૩. દસ્યુ-જોતાં—

સકલ-હાં. હાં.

૩. દસ્યુ-આ જાણે ઠીક એક છબિ.

સકલ-એમ ?

૩. દસ્યુ-અને ગીત ગાય,—

સકલ-હાં. હાં.—

૩. દસ્યુ-એતો જાણે બરોબર એક બુલ બુલ.

સકલ-એમ ?

૩. દસ્યુ-વળી નાચે,—

સકલ-હાં. હાં.—

૩. દસ્યુ-જાણે બરોબર એક વાંદર,

સરદાર-ત્યારે તો સાલા—

૩. દસ્યુ-જી હુજુર, ભૂલ થઇ છે. હુજુર, ભૂલ થઇછે.

સકલ-ત્યારે શું ?

૩. દસ્યુ-જી બરોબર જાણે એક ખંજન.

સરદાર-તું બરોબર કહેછે ? એક વાળ પણ આ બાજુ કે તે બાજુ નથી ?

૩ દસ્યુ-હું બરોબર બોલું છું. હુજુર—એક વાળ પણ આ બાજુ કે તે બાજુ નથી.

સરદાર-ત્યારે મ્હારે તે બાયડી જોઇએ. આજજ જોઇએ, અહિયાંજ જોઇએ, આજ રાત્રેજ જોઇએ. તે કયાં રહેછે ?

૩ દસ્યુ-જી બહુ દૂર નથી. કાદેશ નગરની સરહદ ઉપર વૈદ જિનોની વાડીમાં—તેનીજ કન્યા.

સરદાર-ત્યારે તૈયાર થાઓ. આપણે આજ રાત્રેજ તે સ્થાને જઇશું.

૧ દસ્યુ-જી આજ ન જતાં કાલ રાત્રે જઇએ તો ન ચાલે ? આજ અમે બધા થાકયા છીએ.

સરદાર-તો હવે બીજું કામ શું છે ?

૩ દસ્યુ-હુજૂર, એકાદ રાત્રિમાં તે શું વધારે ઓછું થવાનું હતું ? કાલ જવું તેજ ઠીક. એમાં વળી જુદો મત કરશો નહિ. આજ ખુબ શરાબ ઢોળ્યો છે. કોઇનું માથું ઠીક નથી.

સરદાર-ત્યારે તેમ. તમારા મતે મત—કાલ જવું તેજ ઠીક.

સકલ-હાં તેજ ઠીક.

૨ દસ્યુ-હુજૂર, બીજી એક વાત કહેવાની છે.

સરદાર-શું ?

૨ દસ્યુ-જી, આતો આપણે કંઇ એકાદ મોટું કામ કરવા જતા નથી, કે જેથી ઘણાને લઇ દળ બાંધી જવું પડે ? મારા જેવા બરોબરીયા આઠ દશ જણ જઇ ચોરની માફક છાનામાના કામ કરી આવીશું. નાહક હો હા કરવાની શી જરૂર ?

સરદાર-વાત તો ખોટી નથી. વારૂ કાલ વિચાર કરી જોઇ લેવાશે. અહિંથી ચાલો, જેમ તેમ કરી રાત કાઢી નાખીએ.

સકલ-હાં, હાં, ચાલો ચાલો.

(પ્રસ્થાન.)

તૃતીય દૃશ્ય.

જુલાનો ઓરડો.

જુલા- ગીત.

જરી કહો એ કોયલને ન ગાયાં કરે
ન ગાયાં કરે, ન પ્રજાળ્યાં કરે—જરી. (ધ્રુ૦)
ટુહૂ ટુહૂ ટહૂકતી રાત દિવસ અતિ એ
પ્રિય નહિ લાગે મધુરરવ, સુણીશ હું નહિ તે—જરી. ૧
શયન ગૃહમાં આવીને સૂતી હું ક્ષણ એક.
અશબ્દ રૂપે અધરપર ધર્યું સુમન મૃદુ છેક—જરી. ૨
ઝબકીને જાગ્રત થઇ પુનઃ સુણીએ તાન
અકળાઉં બનું બ્હાવરી, હોય એ ગાતી ગાન—જરી. ૩

(ખારેબનો પ્રવેશ)

ખારેબ-આ શું બ્હેન? તને ઉંઘ આવતી નથી? એક તો તું મંદવાડમાંથી ઉઠીછે. હજુ આમ જાગ્યા કરીશ તો વળી તબીયત બગડશે હાં?

જુલા-હાસ્તો ભાઇ, તમારી આંખે ચે ઉંઘ નહિ? આટલો વખત મારા માંદગીના બિછાના પાસે બેસી ઉજાગરા કર્યા છે. હવે ઉંઘ નહિ લો તો તબીયત બગડશે હો?

ખારેબ-અરે મારી વાત મૂકી દેને. હું પુરૂષ માણુસ આમ બેચાર મહિના ન ઉંઘું તોય મને અસુખ થાય નહિ.

જુલા-ત્યારે મારી વાતે છોડી દોને. હું સ્ત્રી માણસ. આમ બેચાર વરસ ન ઉંઘું તોય બળી આંખમાં ઉંઘ આવે નહિ.

ખારેબ-તને વાતમાં કોણ જીતે? હેં બ્હેન એક વાત સાચેસાચી કહે જોઇએ,—તું જ્યારે ગીત ગાતી હતી, ત્યારે તારી એ આંખમાં ઝળઝળિયાં કેમ આવતાં હતાં. ગળું પણ જાણે રૂંધાયું હોય એમ લાગતું હતું. બોલ જોઇએ તું શું વિચારતી હતી?

બુલા-હાસ્તો ભાઇ, તમારી સાથેયે વાતમાં કોણ જીતે? એક વાત સાચેસાચી કહો જોઇએ. તમારી બે આંખ આમ પતંગીઆની માફક કેમ પ્રકાશેછે? તમારા વાળ આમ વિખેરાએલા કેમ છે? તમે શું વિચારતા હતા કહો જોઇએ?

આરેબ-હું વિચારતો હતો,-ના, વારૂ પહેલાં તું કહે.

બુલા-પહેલાં તમે—

આરેબ-ના પહેલાં તું—

બુલા—ના, ના, પહેલાં તમે—

આરેબ-હું વિચારતો હતો એક વાત—

બુલા-અને હું વિચારતી હતી એક મૂખ.

આરેબ-તે મૂખ કયું?

બુલા-તે વાત થઇ છે શું?

આરેબ-તે વાત છે, તેનું તારે શું—

બુલા-તે સૂખ પણ છે, તેનું તમારે શું—

(નેપથ્યે દ્વારમાં આઘાત)

આરેબ-અરે, આટલી રાતે દરવાજાને કોણ ધક્કા મારેછે?

બુલા-અરે એ બાબા તો ફરી આવ્યા નથી શું?

આરેબ-બાબા, ફરી આવે કયાંથી? તે તો આજ સવારે કોઈ આત્મીયની ખબર મળીછે, તેથી તેને શોધવા કર્નાકે ગયા. આજ સુધી તારૂં અસુખ જતું ન હતું, આજ બે એક દિવસથી કંઇ સારૂં જણાયછે; તેથી મારા ઉપર તારો ભાર મૂકી ખુબ સાવધાન રહેવાનું કહી ગયા. આટલી વારમાં કયાંથી પાછા આવે?—(ફરી સાંકલ તોડવાનો અવાજ) વળી ફરી વાર—

બુલા-અરે આતો કંઇ સમજી શકાતું નથી. કાકાતુયા!

કાકાતુયા-કૌ—કેમ બ્હેન?—(પ્રવેશ)

બુલા-જો તો, નીચે દરવાજામાં કોણ ધક્કા મારેછે.

કાકાતુયા-હું જોઉં છું.

બુલા-જુએછે?—કોણ છે?

કાકાતુયા-ઓળખતો નથી.

બુલા-ત્યારે શું કોઇ રોગી બાબાને શોધતો આવ્યોછે? વારૂ, જોતાં દેખાવ કેવોછે?

કાકાતુયા-બળદ જેવું મોઢું, અને વસ્ત્રમાં વાઘનું ચામડું, હાથમાં ભાલો, કમરે તરવાર,—એક એક થઇ એવી રીતના આઠ દસ માણસો ઝાડીમાંથી નીકળી બહાર આવ્યાછે. તેઓએ આપણા ઘરને ચોતરફથી ઘેરી લીધું છે.

બુલા-ઘેર્યું છે એટલે શું?

ખારેબ-ઘેર્યું છે એટલે એક એક જગાએ એક જણ બે જણ એમ કરી જ્યાં જ્યાં જેવી જરૂર તે પ્રમાણે તૈયાર થઇ ઉભા છે.

ખારેબ-હેં—

કાકાતુયા-જી મારૂં પણ એમજ 'હેં'.

ખારેબ-કાકાતુયા, તું કોઇ હથિયારનો ઉપયોગ કરી શકીશ?

કાકાતુયા-ના.

બુલા—'ના' ત્યારે શું કરી શકીશ?

કાકાતુયા-કુદકા મારી શકીશ, દોડી શકીશ,—

બુલા-અને એકી વખતે પાંચ સાત શેર ગળી શકીશ—

કાકાતુયા-હા એમ તો કરી શકીશ. પણ એતો મારા દીકરા પાંચ સાત શેર કરતાંએ વધારેછે.

ખારેબ-તું કુદી શકીશ?

કાકાતુયા-હું.

ખારેબ-આ બીજે માળથી કુદકો મારી આપણી ખડકીનું બારણું બંધ કરી શકીશ?

કાકાતુયા–સારી રીતે કરી શકીશ.

ખારેબ–ત્યારે તું જા, એક કુદકો મારી એકદમ કોટવાળને ખબર આપ.

કાકાતુયા–કો. (પ્રસ્થાન.)

ખારેબ–હજુ હું તૈયાર થયો નથી. (બુલા પ્રતિ)—ઘરમાં કંઇ હથિયાર છે?

બુલા–છે. બધાં વિષનાં ઔષધનો નિર્ણય કરવો છે, કહી બાબાએ કેટલાંક વિષ પાયેલાં અસ્ત્ર સંગ્રહેલાં હતાં. તેમાં પત્થરનું એક ભાલોડું અને પત્થરની એક તરવાર છે, તે તમને કામ લાગશે. અને અગાશીમાં એક ઢગલો ઇંટ છે, તે મને કામ લાગશે.

ખારેબ–બસ, ત્યારે શું? બ્હેન, આજ રાતે જાગતાં જાગતાં હું એજ વાત વિચારતો હતો. વિચારતો હતો કે મનુષ્ય કોને કહેવાય, શું કરવાથી મનુષ્ય મનુષ્યમાં ગણાય. આજ દેવતાના આદેશે તારે માટે પ્રાણ આપી જગતને દેખાડીશ કે હું માણુસ થયો છું.

બુલા–હું પણ આજ રાતે જાગતી જાગતી એજ વાત વિચારતી હતી કે તમારૂં મોઢું દેખાવમાં તો માણસના જેવું છે—તમારૂં મન માણસના જેવું છે કે નહિ તે જાણવાની મને બહુ ઇચ્છા થઇ હતી. ભાગ્યવશે તે જાણવાનો સુયોગ આવી ગયો. આજ જોઇશ કે તમે શું.

ખારેબ–ઠીક, ત્યારે ચાલો, આજ બહુ દિવસે અસ્ત્ર ધરવા જાઉં છું—નૂતન ઉદ્દેશે. એક હિસાબે આજ મારો પુનર્જન્મ. આજ તારા શિવાય નિકટે અન્ય સ્વજન તે જોતું નથી. આવ આજ તું જ મારા હાથમાં અસ્ત્ર મૂકય—(સ્વગત) હાય આજ તે કયાં અને હું કયાં! માનું છું કે હવે તેની સાથે મેળાપ થશે નહિ. લાગે છે મારી પાસેથી તેની આશા સફળ નહિ થાય.

(બુલા અને ખારેબનું પ્રસ્થાન.)

—:o:—

ચતુર્થ દૃશ્ય.

જિનોની વાડી સામે.

સરદાર અને એક દસ્યુ.

દસ્યુ–હુજુર મેં બહુ વાર દરવાજે ધક્કા માર્યા પણ કોઇએ જવાબ દીધો નહિ. આખરે હેરાન થઇ આપને બોલાવવા આવ્યો.

સરદાર–આમ કેમ! એ શું ઉંઘે છે કે મરી ગયા છે? હવે જોરથી ધક્કો માર. હવે હું ધીરજ રાખી શકતો નથી.

પ્રથમ દસ્યુ–હુજૂર આપને ધીરજ રહેતી નથી, પણ મને તો મોટો ખટકો લાગે છે.

સરદાર–ખટકો લાગે છે? શેનો ખટકો? એક સાધારણ માણસનું ઘર લુંટવા આવતાં વળી ખટકો કેવો? આહા કેવું ગીત ! ગાયું !— (આલાપ કરી મૃદુ સ્વરે)

" કાળો હાથી કેમ મારા માથા ઉપર સુંઢ મુકે?
તેના બે પગ જાડા જાડા, ચહેરો તો જેવો છે તેવો."

(હાંફતે હાંફતે એક દસ્યુનો પ્રવેશ.)

૨. દસ્યુ–હુજૂર હાડપિંજર જેવો એક પાતળો માણસ બીજે માળથી અમારા માથા ઉપરથી ઠેક મારી રસ્તામાં પડી છૂટયો છે, હું તેની પાછળ દોડયો; પણ કોઇ રીતે તેને પકડી શકયો નહિ. જેમ બને તેમ જલદી ઉપાય કરો.

સરદાર–ખરે? ત્યારે એક ઘડી પણ વાર લગાડો નહિ. બોલાવો બધાને. આંખની પાંપણ ફરકે ન ફરકે એટલામાં કામ સાફ કરી વાયુની પેઠે નાસવું જોઇએ. વાર લગાડશે, વિપત્તિ આવશે. (પ્રથમ દસ્યુએ ધીમે ધીમે સીસોટી વગાડવાથી બધા એકત્રિત થયા) ભાંગો દરવાજા. બારણાં એકદમ ભોંય ભેગાં કરી નાખો. (બધા દ્વારમાં આઘાત કરે છે)

૧. દસ્યુ-ઓહઃ કેવાં સખ્ત બારણાં ! જાણે લોઢાંથી તૈયાર— (બોલતાં બોલતાં ઉપરથી એક મોટો પત્થર તેના માથા પર પડતાં તે જમીનપર પડયો.)

સરદાર-આ શું? પત્થર કયાંથી પડયો?-જણાય છે કે અટકાયત કરવા માટે માણસ છે. ના આવી રીતે કરવાથી કંઇ કામ નહિ થાય. દિવાલ ઉપર ચઢવું જોઇશે. બે જણ બે તરફથી ચઢવા મહેનત કરો, અને બે જણ બે તરફથી તીર છોડો. જેથી ઉપરથી કોઇ અટકાયાત કરી શકે નહિ.— (બોલતાં બોલતાં તો ઉપરથી અસ્ખલિત પત્થરની વૃષ્ટિ થવા લાગી, —એવી કે કોઇ ત્યાં રહ્યું નહિ. કેટલાક પત્થરના આઘાતે મૂર્છિત થયા, અને કેટલાકે પલાયન કર્યું) હવે ઉપાય? જે થવાનું હોય તે થાય. હું તો નાસવાનો નથી. (બોલતાં બોલતાં બોલતાં તો દરવાજો ખુલ્લો થયો. સરદાર ઢાલ વડે દેહ ઢાંકી અગ્રસર થાય છે, એટલામાંજ ઘરમાંથી તેની છાતીમાં એક મોટા પત્થરનો આઘાત થયો.) ઓ બાપ !

નેપથ્યે કલરવ—" ભય નથી ભય નથી "

સરદાર-ઓહઃ-જણાય છે કે કોટવાળ અમને પકડવા આવે છે. ના ના, પકડાવા કરતાં મરવું સારૂં. હવે બચવાથી શો લાભ? (કટીબંધમાંથી છરી બહાર કાઢી પોતાની છાતીએ આઘાત કરવા જતાં બુલા અને ખારેબ એકદમ બહાર આવ્યાં-બુલાએ સરદારનો હાથ પકડી તેને આત્મહત્યા કરતાં અટકાવ્યો)-ના, ના, મારો હાથ છોડ-હું પકડાઇશ નહિ, હું મરીશ. હવે જરાક બાકી છે-એક જરાક થતાંજ હું મરીશ. ઓહઃ દેહ લથડી પડે છે.

બુલા-પકડાઇશ નહિ શું?-તું તો મારા હાથમાં પકડાઇ ગયો છું. હું તને આમ સહેજમાં મરવા દઇશ નહિ. (ખારેબ પ્રતિ)-ભાઇ, આ માણસને ટાંગાટોળી કરી અંદર લઇ જઇએ. આ ભાલોડાને મોઢે વિષ છે. હું એની ચિકિત્સા કરીશ. બાબા પાસેથી ઔષધ શીખી છું—આજ તેનું પારખું કરીશ.

ખારેબ-ભાઇ, તારી ઇચ્છા એજ હુકમ. ઉપાડો.

(બંને જણ ટાંગાટોળી કરી દસ્યુને અંદર લઇ ગયાં—પ્રજ્વલિત મશાલ લઇ કાકાતુયા અને સિપાઇયો સાથે નગરપાલનો પ્રવેશ.)

નગરપાલ-ભય નથી, ભય નથી, હું આવી પહોંચ્યો છું,-હવે ભય નથી. કેમ કયાં છે દસ્યુ ?

કાકાતુયા-ભય નથી, ભય નથી, હવે ભય નથી,—હુજૂર આવી પહોંચ્યા છે. કેમ કયાંછે દસ્યુ ?

નગરપાલ-અરે, એક પણ દેખાતો તો નથી.

કાકાતુયા-એમજ તો. એક પણ દેખાતો તો નથી. -(મશાલ લઇ જુએછે)-આ રહ્યો હુજૂર, એક સાળો લાંબો થઇ ઉંઘે છે. આ એક સાળો ઉંધો પડયો પડયો નસકોરાં બોલાવે છે. આ એક મરેલો ! વળી અહિં એક.

એક પહેરેગીર-હુજૂર, મીલા મીલા, ઔર એક મીલા.

કાકાતુયા-જા, બેટાને લઇ જા. કાલ સવારે ખીચડી રાંધી ખાશે.

નગરપાલ-પકડો, પકડો, ગીરફતાર કરો. હાઃ હાઃ હાઃ, મારો સાદ સાંભળતાંજ સાળો મૂર્છા ખાઇ ગયો છે.-(કાકાતુયાને)-અરે દીકરા તું ઉભો ઉભો શું જુવે છે ? ઘરમાં જઇ સુઇ જા. એક લુટારાને ગીરફતાર કરવાનીયે તાકાત નથી,—આવો કાપુરૂષ કયાંનો ! જાઓ હવે તમારે ભય નથી. જો મારા દીકરા પાછા આવે તો મને ખબર આપજે; અને કાલ સવારે એકવાર કોટ-વાળીમાં આવજે,—આ બનાવની તપાસ કરવી પડશે. ચાલો ચાલો, આને સાળાને કાંધ ઉપર લઇ ચાલો; અને આ પથરા બધા ઉપાડી લો, પુરાવા થશે. (બધાનું પ્રસ્થાન.)

પંચમ દૃશ્ય.

દસ્યુ સરદાર એક ખાટલાની ઉપર સુતોછે.
પાસે બુલા અને આરેબ ઉભાંછે.

આરેબ-કેમ ભાઇ, હવે તો ઠીક છે ને ?

બુલા-હાં હવે તો ઠીક લાગેછે. મારા ઔષધે ઠીક કામ કર્યું છે. હવે જરા ઠંડી હવા શરીરે લાગવાથી ધારૂંછું કે જાગી

ઉઠશે. આ હમણાં આ સ્થાને સુતોછે ત્યાં સુધીમાં ભાઈ, તમે જઈ જરા વિશ્રામ લો. તમે કાલ આખી રાત ઉંઘ્યા નથી.

ખારેબ–અને તું જાણે ઉંઘીછે?

બુલા–ના. પણ અમે દીકરી માણસ, સેવા એ અમારો ધર્મ.

ખારેબ–અને હું પુરૂષ, વિપદ્‌ગ્રસ્ત શત્રુની જીવનરક્ષા એ અમારો ધર્મ. એવાયે દિવસો હતા બ્હેન, કે જ્યારે ખારેબ ચોરની માફક અન્ધકારમાં મૂખ છુપાવી લોકના માથામાં લાઠી મારતો,—તેથી તે લોક મરતા નહિ પણ મૂર્છિત થતા, અને પછી તેની હત્યા કરવાને માટે તે દલબલ લઈ પડતો. મૂર્છિત અસહાય શત્રુને જોઈ તેને દયા નહોતી આવતી. એજ હવે તે ખારેબ નથી, એક દેવીના ઉપદેશે, અને એક દેવીના દૃષ્ટાંતે તેને નવજીવન પ્રાપ્ત થયુંછે.

બુલા–સારૂં કર્યુંછે, અહિં આવો. આને ઔષધ આપવાનો સમય થયોછે. (સરદારની પાસે જઈને)—આ શું હોઠ હાલેછે! જુઓ જુઓ, ખારેબ, આને ચેતન આવ્યું છે. દેવતાએ તેના મોં સામું જોયુંછે,—આ હતભાગ્યની જીવનરક્ષા થઈ છે.

સરદાર–(આંખ ઉઘાડીને) જરાક પાણી,—હું ક્યાંછું?

ખારેબ–તું ઠીક જગ્યાએછે. બોલીશ નહિ. ચુપ થઈ સુઈ રહે, હું તને પાણી લાવી આપુંછું.

(પ્રસ્થાન.)

(બુલા સસ્નેહે દસ્યુના માથે અને કપાળે હાથ ફેરવેછે.)

સરદાર–તમે કોણ?—તમારા હાથ કેટલા નરમ! (જળ લઈને ખારેબનો પુનઃપ્રવેશ. દસ્યુ પાણી પીને)—આહા બચ્યો. આમ કેમ, હું અહિં શી રીતે આવ્યો?—હું બિછાનામાં કેમ સૂતો છું?—મને શું થયુંછે? ઓહઃ મનમાં આવેછે. હું જિનોની વાડી લુંટવા આવ્યો હતો. તેની દીકરીની ચોરી કરી લઈ જવા માંડે. ત્યાર પછી?—ત્યારપછી એક પત્થર આવી મારી છાતીમાં વાગ્યો,—ત્યાર પછી બીજું કંઈ મનમાં આવતું નથી.

ખારેબ–ત્યાર પછી એજ દેવીએ તારી જીવન રક્ષા કરીછે.

સરદાર–આ કોણ ?

આરેબ–જેની તું ચોરી કરી લઇ જવા આવ્યો હતો, એજ વિખ્યાત ચિકિત્સક જિનોની કન્યા.

સરદાર–અને તમે કોણ ?

આરેબ–જેણે તારી છાતીમાં પત્થરનો આઘાત કર્યો હતો તે.

સરદાર–તમે મને બચાવ્યો શા માટે ?

આરેબ–હું જાણતો નથી. જેણે બચાવ્યો છે તેને પૂછય.

સરદાર–તમે બન્ને જણાંએ મને બચાવ્યો છે. જે હોય તે કહો. હું તો તમારી વાડી લુંટવા માટે આવ્યો હતો તે તો કહ્યું. મારો ઉદ્દેશ સફળ થયે શું થાત તેતો તમે સમજી શકોછો. હવે બોલો, તમે મને શા માટે બચાવ્યો ?

આરેબ–(અત્યન્ત ઉગ્ર મોટે સ્વરે) તારૂં માથું ભાંગવા માટે, તારૂં સર્વનાશ કરવા માટે,—ગૃહસ્થ લોકની વાડી લુંટી તેની દીકરીને ઘેર લઇ જવી, તે કેટલું મોટું એક સત્કાર્ય, તે તારાં સર્વાંગ ચીરી મીઠું ભરી ભરી સમજાવવા માટે.

સરદાર–ત્યારે તેમ કરતા કેમ નથી !

આરેબ–આગળ વખત આવે તેમ કરીશું.

(નેપથ્યે કલરવ—વેગે કાકાતુયાનો પ્રવેશ.)

કાકાતુયા–બ્હેન, બ્હેન, સર્વનાશ થયું છે.

બુલા
આરેબ }—શું છે ?—શું થયું છે ?

કાકાતુયા–આના દળના કેટલાક માણસો લાઠીઓ લઇ દરવાજા આગળ ઉભાછે; અને ઘોંઘાટ કરતા બોલેછે કે, અમારા સરદારને પાછો આપો. નહિ તો તમને બધાને મારી નાખી, વાડીને આગ લગાડીશું.

સરદાર–કેમ રે, મારૂં માથું ભાંગ્યું નહિ ? શરીર ચીરી મીઠું ભર્યું નહિ ?

ખારેબ-(ક્રોધ ભરે) હમણાંજ ભરૂં છું. લુણ કંઇ એટલું બધું સસ્તું છે ખરૂં. તે લેવા માટે તો કંઇ પૈસા નહિ પડતા હોય ?

બુલા-તેથીસ્તો ભાઇ, શું થશે ?

ખારેબ-આ સાળોજ બધી ખરાબીનું મૂળ. (એક પથ્થર ઉપાડીને) બ્હેન, સાળાનું જીવન પુરૂં કરૂં—(સરદારના માથામાં મારવા ઉદ્યત થઇને) શું કહેછે બ્હેન ?—મારૂં ?—

બુલા-તે હું શું જાણું ? તારી ઇચ્છા હોય તો માર.

ખારેબ-આહા તારૂં જીવતદાન,—તેં બચાવ્યો છે,—તું ન કહે તો મારી શકાય ?—બોલ, મારૂં ?

બુલા-વારૂ, ખરેખર હું કહુંછું કે તું માર.

ખારેબ-ખરેખર વિચારીને બોલીછું ને ? મારૂં ?-મારૂંછું.

સરદાર-(હસીને) ના રે ના, માણુસ મારવું તે તમારૂં કામ નહિ. એક માણુસ મારતે જે ત્રણ વાર વિચારે તે કાંઇ માણુસ મારી શકે નહિ.

ખારેબ-ત્યારે તો સાળા, બિછાના ઉપરથી ઉઠી એક ઢાલ અને ભાલો લઇ ઉભો રહે જોઇએ. પછી જો હું માણુસ મારી શકુંછું કે નહિ.

બુલા
સરદાર }—હાઃ હાઃ હાઃ—

સરદાર-(કાકાતુયા પ્રતિ)—અરે બાપુ, તું તે લાઠી—સાંઠાવાળાઓમાંથી એક જણને જઇને કહે કે સરદાર બોલાવે છે.

કાકાતુયા-હાં, હું તો મોટી ગભરામણમાં પડયો છું. હું તેની પાસે જાઉં, અને તેજ વખતે તે મને—

સરદાર-ના ના, તને કંઇ ભય નથી. વારૂ, તેની પાસે જવાનું તારે કામ નથી. તું માત્ર દિવાલ ઉપરથી આ જ તેઓને દેખાડજે—(સાન્કેતિક ચિહ્ન આપી) જો જે બધા લોક દૂર સરી જઇ માત્ર એકજ માણુસ દરવાજા આગળ રહેશે. પછી તું જઇ તેને લઇ આવજે.

કાકાતુયા-કૌ.

સરદાર-(અતિ કષ્ટે ઉઠી બેસીને) હવે ખરેખરૂં કહો જોઇએ, મને લઇ તમે શું કરશો ?

આરેબ-તારૂં માથું ભાંગશું, તારૂં સર્વનાશ કરશું, તને આગમાં બાળી મારશું, તને જળમાં ડુબાડી મારશું, તને ઉંધે માથે લટકાવી આ ઝાડની ડાળીએ બાંધી હિંચકા ખવરાવી મારશું.

સરદાર-ઠીક. ઠીક.

(કોઇ એક દસ્યુસહ કાકાતુયાનો પ્રવેશ)

દસ્યુ-સરદાર, સરદાર, તમે બચ્યાછો ?

સરદાર-હાં ભાઇ, કોની મગદુર કે મને મારે ?

દસ્યુ-હાસ્તો, કોનું એટલું બધું સાહસ કે તમને મારે ? જો હમણાં એકવાર હુકમ કરો તો આ વાડી અને બધાંનો એકીવારે ઉચ્છેદ કરી નાખીએ.

સરદાર—તે હવે પછી જોવાશે. આજ તું જા હું ધારૂંછું કે આજ રાત્રે હું આ સ્થાનેથી બહાર જઇશ. મારા ગયા પછી તેઓને જે જે કરવાનું હશે તે કહીશ.

દસ્યુ-સવાર પહેલાં જો તમે પાછા નહિ ફરો તો આ વખતે પ્રભાતે હું આવીશ.

(પ્રસ્થાન)

સરદાર-હવે તમે તમારા કોટવાલને ખબર આપો.

બુલા-શા માટે ?

સરદાર-મને પકડાવી દેશો નહિ ? મારે માટે તમારે જે કંઇ કરવું હોય તે કરો.

આરેબ-તેં તારા માણસોને વિદાય કરી દીધા નહિ ?

સરદાર-કરી દીધા.

આરેબ-કેમ, તેની વાત મુજબ અમારો નાશ કર્યો નહિ ?

સરદાર-ભાઇ, ડાકુ માણસમાં જેટલા દોષ હોઇ શકે તેટલા બધા મારામાં છે,—નથી માત્ર બેઇમાની, અને તમે—

આરેબ-હું પણ એક વખતે હતો,—તે એક રીતે તો લુંટારોજ કહી શકાય. અને હવે થયોછું,—હું હવે શું થયોછું બ્હેન ?

બુલા-મનુષ્ય.

આરેબ-સત્ય ?

બુલા-સત્ય.

આરેબ-વારૂ, ત્યારે હવે આપણે આને રાખીને શું કરીશું ? માણસો પોતાના ઘરના ખુણામાં ડાકુને રાખી તેને પોષે એવું તો જાણવામાં નથી.

બુલા-આપણે આને છોડી મુકશું. પરન્તુ—

આરેબ-ઠીક કહેછે બ્હેન, ભાઈ અમે તને છોડી મુકશું. પણ એક વાત તારે સ્વીકારવી પડશે,—જીવનમાં હવે પછી કોઈ વખતે યે ડાકુપણું કરવું નહિ.

સરદાર-ત્યારે શું કરવું ?

બુલા-ખેતીવાડી કરવી.

સરદાર-ના તે મારાથી થાય નહિ. બાળપણથીજ તલવાર પકડતાં શીખ્યો છું, તે કરી શકું. પૂંછડું પકડી ખેતી કરવી તે મારાથી બની શકશે નહિ.

બુલા-ત્યારે ?—

આરેબ-ત્યારે ?

સરદાર-અને હું માત્ર એકજ નથી. મારે આધીન એકસઠ અખાડા. ઘણાંય માણસો. બધાંય મારા જેવાંજ. તેઓ પણ શું કરે ? હું પણ તેઓને શું કહું ?

આરેબ-ઠીક છે. તારા માણસો બધા યુદ્ધ કરી શકેછે ?

સરદાર-યુદ્ધ કરી શકેછે—તેઓના જેવું લડતાં તો આ દેશમાં કોઈનેયે આવડતું નથી. નહિ તો શું ધારીને લોકો ઇચ્છાથી અમને ટકા-પૈસા ધનદોલત આપી જાય ?

આરેબ-ત્યારે હવે શું? આવ ભાઈ તું પણ માણસ થા. તારા એકસઠ અખાડાના બધા લોકોને એક દિવસમાં મનુષ્ય બનાવી દે.

સરદાર-શું કરવાનું?

આરેબ-હું કાઢ્ઢી, તમે પણ કાઢ્ઢી. આપણું પ્રાચીન હેથિઓપિયાનું આપણું લુપ્ત સામ્રાજ્ય પુનઃ પ્રતિષ્ટિત કરવું જોઇએ. આજ આપણે દેશ નથી, ઘર નથી, વાડી નથી, કંઇ નથી. આપણી પુરાણી ભીંતો નવી કરી ઘર બાંધવું જોઇએ. કેમ કરી શકીશ?

સરદાર-અલબત કરી શકીશ. એ એક કામ જેવું કામ,-જો કરી શકાય તો નામ રહી જશે, અને બને તો તે પૂન્યથી દસ્યુપણાનું કલંક ઢંકાઇ જશે.

બુલા-આરેબ, આરેબ, તું મને છોડી ચાલ્યો જઇશ? તને મનમાં કંઇજ લાગતું નથી?

આરેબ-તને છોડું શા માટે? અમારા નૂતન દેશમાં ત્હમને પણ લઇ જઇશ.

બુલા-તે તો ઘણી દૂરની વાત. કેટલા દિવસ થશે કોણ જાણે.—તેમ થશે કે નહિ તેયે કોણ કહી શકે?

આરેબ-નિશ્ચય થશે. એ દેવતાઇ કામ. દેવતાએજ પંથ દેખાડી દીધો છે.—તે કામ ન થાય? આવો ભાઇ, આપણે કર્તવ્યપથે કુચ કરવાનો વિચાર નકકી કરી નાખીએ.

છઠ્ઠું દૃશ્ય.

નીલ નદીને તીર.

---o---

રામેશિસ છદ્મવેષે એકલો અહિંતહિં ફરે છે.

રામેશિસ-આશ્ચર્ય !—એ બે જણ ગયાં કયાં ? કાલ સવારથી કાંઇ સન્ધાન નથી. કયાં ગયાં છે તે કોઈ કહી શકતું નથી. જ્યાં જ્યાં જવાનો સંભવ ત્યાં ત્યાં બધે માણસો મોકલ્યા, પણ કોઇ તેઓને શોધી શકયું નહિ. કોણ જાણે તેઓ કયાં ગયાં છે. તેના બાપે—તે વૃદ્ધ શયતાન આબનેજ આ આફત ઉભી કરી છે. જો વૃદ્ધ એક વખત મળે તો એવી સજા કરૂં.—ના, ના, તેને પણ ક્ષમા કરૂં. જો નાહરિન મળે તો, નાહરિન મારે જોઇએ,—જે સ્થાને હોય ત્યાંથી તે મારે જોઇએજ.

(કોઇ એક સૈનિકનો પ્રવેશ.)

સૈનિક-પ્રભુ આપ અહિંયાં ? આટલામાં એવું કોઇ સ્થાન નથી કે જ્યાં અમે આપની શોધ ન કરી હોય.

રામેશિસ-શા પ્રયોજને ?

સૈનિક-સમ્રાટ્ સિરિયાથી પાછા ફરી આવ્યા છે, આપને સંભારે છે. આપ મહેલમાં ચાલો.

રામેશિસ-વારૂ, તું જા. હું હમણાંજ આવું છું. (અનુચરનું પ્રસ્થાન.) સમ્રાટ્ સિરિયાથી પાછા ફર્યાછે. હવે તો વાર લગાડયે ચાલે તેમ નથી. તેમ કરીશ તો આ યાત્રામાં નાહરિનને મળવાનું મુલતવી રાખવું પડશે. પરંતુ-(નેપથ્યે દૃષ્ટિ કરીને)—આ શું આશ્ચર્ય ! એજ તે વૃદ્ધ આબન અને નાહરિન આ તરફજ આવે છે—(સીટી વગાડે છે-બે સૈનિકોનો પ્રવેશ.) આ એક બુઢ્ઢો અને એક સ્ત્રી-જેને આ બાજુએ આવતાં જુઓછો તેઓને પકડી બન્દી કરવાનાં છે. ના ના, માત્ર તે બુઢ્ઢાનેજ—તેપણ મારી સામે તો નહિ. ચાલ અન્તરાલે જઇએ.

(રામેશિસ અને સૈનિકોનું પ્રસ્થાન—આબન અને નાહરિનનો પ્રવેશ.)

નાહરિન-આબા, આબા, મારે માટે છેવટે તમારે ગૃહત્યાગ કરવો પડયો, તે દુઃખ હું મરતાં પણ ભૂલીશ નહિ. હું જ તમારી બધી દુર્દશાનું મૂળ.

આબન-ના નાહરિન, તારો કંઇ દોષ નથી. દેવતાની ઈચ્છા. આપણે ક્ષુદ્ર મનુષ્ય શું કરી શકીએ. મારૂં ઘર નાહરિન? મારૂં ઘર કયાં ? આ મિસરીનું મિસર. આ સ્થાને કાફ્રીનું ઘર હોઇ શકે નહિ.—અમારૂં ઘર હતું, જે દિવસે અમારૂં હેથિઓપિયા હતું; અમારે રાજા હતો, અમારૂં રાજ્ય હતું, પરાક્રમ પણ હતું. આજ કંઇ નથી. જો પૂરી તે દિવસો પાછા આવે ત્યારેજ અમારે ઘર થશે. નહિતો આટલી મોટી પૃથ્વીમાં કયાંઇ પણ હીન કાફ્રીને માટે એક જરાય પણ સ્થાન નથી.

નાહરિન-હવે કયાં જઇશું આબા ?

આબન-કયાં જઇશું ? આ મિસરમાં એવું કયું સ્થાન છે કે જે સ્થાને જવાથી યુવરાજ રામેશિસના અત્યાચારથી રક્ષા કરી શકીએ ? તે તારે માટે ગાંડો થયો છે. તેને હિતાહિતનો વિચાર નથી, લોક લજ્જાનો ભય નથી. ઉપરાઉપરિ માણસો મોકલી મને ભય દેખાડે છે, પ્રલોભન દેખાડે છે, નાની નાની યુક્તિઓ રચી તને હસ્તગત કરવાના પ્રયત્નો કરે છે. નાહરિન, જો લોકચરિત્રથી હું કંઇપણ જ્ઞાત હોઉં તો મને ખાત્રી છે, કે હજુ તે એક વખત જોર અજમાવશે.

નાહરિન-તેથીસ્તો આબા, હવે કંઇ ઉપાય ?

(સૈનિકોનો પુનઃ પ્રવેશ)

૧ સૈનિક-વૃદ્ધ તું અમારો બન્દી.

આબન-શા અપરાધે હું તમારો બન્દી ?

૨ સૈનિક-અમારી સાથે ચાલ, કદાચ ભાગ્યમાં હશે તો જાણી શકીશ.

આબન-સમજ્યો છું. લઇ ચાલ જ્યાં લઇ જવો હોય ત્યાં. બહુ કાલ થયાં અદૃષ્ટની સાથે યુદ્ધ કરી કરી ક્ષતવિક્ષત થયો છું. હવે સહન થતું નથી. આ વખતે શરીર ફેંકી દઇ જોઉં, અદૃષ્ટ કયે રસ્તે લઇ જાય છે. નાહરિન, જા અરે આ લે— (છાતી ઉપરનાં વસ્ત્રમાંથી માદળિયું બહાર કાઢી નાહરિનના હાથે બાંધે છે) —સાવધાન, પ્રાણાન્તરેયે આ કવચ હસ્તચ્યુત થવા ન દેતી. મનમાં રાખજે કે પૃથ્વીમાં તારા પક્ષે બધા કરતાં મૂલ્યવાન, એ આ કવચ. બનેતો એનાથી એક દિવસ તારી જીવનરક્ષા થઇ શકશે. જા. હવે એક ક્ષણ પણ વિલંબ કર નહિ. મારે માટે વિચારીશ નહિ. હું બુઢ્ઢો થયો છું. મારી અવધ પૂરી થવા આવી છે, તો પણ જો જાણીશ કે તું નિર્વિઘ્ન છે તો હું સુખમાં મરી શકીશ.

નાહરિન-બાબા, બાબા, તમને છોડીને હું કયાં જાઉં? ના બાબા, હું તમારી દીકરી, તમારી શિષ્યા, સંપદે વિપદે તમારા ચરણ તળેજ મારૂં એક માત્ર સ્થાન. તમને હું કોઇ રીતે છોડીશ નહિ.

૩ સૈનિક-(ઉગ્ર ભાવે) આઘી જા છોડી. હવે અમે વિલંબ કરી શકતા નથી. ચાલ આવ વૃદ્ધ. (આબન તરફ જાય છે.)

નાહરિન-સાવધાન જંગલી? આટલું તેજ?—આટલો અહંકાર?—મારી પાસેથી મારા બાબાને પકડી લઇ જઇશ? સિંહણની છાતી ઉપરથી તેના સ્તનપાયી શિશુને છીનવી લઇશ! નિદ્રિત કાલસાપને શિરે પદાઘાત કરીશ? જોઉં કોની એટલી તાકાત, કોનું એટલું સાહસ કે પાસે આવે. (છુરી ઉગામી ઉભી રહી)

રામેશિસ-ઓહો ઓહો, રૂપની લહરો વહી જાય છે! ભસ્માચ્છાદિત વહ્નિ જાણે ફૂંકેથી જ્વલી ઉઠયો છે! વર્ષાપ્લાવિત નીલા જાણે વ્યાકુળ ભંગતરંગે દુકૂલ ઉડાડતી દોડતી જાય છે! એકાદ વાવંટોળથી જાણે મરૂભૂમિની વાલુરાશિ વમળની માફક ઉંચે ઉડી જાય છે! નાહિરન!—(નાહરિન

ચમકીને)—તારા પિતાની મુક્તિ તારે હાથે! તું માત્ર મારી વાત માન. હું તારા પિતાને મોટા ઐશ્વર્યનો અધિકારી કરીશ.

નાહરિન-ઐશ્વર્ય ?—શું ઐશ્વર્ય તમારૂં છે ?—કેટલાક ઐશ્વર્યના અધિકારી તમે કે તમારી ઈચ્છાની પાસે અમારે માથું નમાવવું જોઇએ? મિસરના યુવરાજ રામેશિસ? આ કાફ્રી કન્યાના સુખ તરફ તાકી એવી વાત બોલતાં શરમાતા નથી? એટલોએ ધિક્કાર તમારા પ્રાણુમાં આવતો નથી? તમારામાં શું વિવેક નથી?—મનુષ્યત્વ નથી? તમે શું—

રામેશિસ-નાહરિન, તારે માટે મેં ઘણું સહન કર્યું છે. તારે માટે હું હિતાહિત જ્ઞાન વિસર્યો છું,— હવે હું મને પોતાને પકડી રાખી શકતો નથી. મારી વાત માન, નાહરિન, નહિતો હવે મારાથી બાધ્ય છે—બાધ્ય છે.—

નાહરિન-શું? બોલો,—બોલતા બોલતા અટકયા કેમ ?— બોલો, બાધ્ય છે તો બલપ્રયોગ કરવો પડશે. અબલા ઉપર બલપ્રયોગ ન કર્યે મિસર-રાજસિંહાસનનું ગૌરવ વધે કેમ? આવી વાત ન હોત તો મિસરના ભાવી ફારાઓનું મેં કેમ શોભે? બોલો,—હુકમ કરો,—આજ ક્ષણે એઓ અમને બન્દિવાન કરે. જે હાથમાં હાથ દેવા એક દિવસ આજ નાહરિનને વિનતિ કરતા હતા, તેજ હાથે તેને દોરડું બાંધી તાણી લઇ જાઓ.

રામેશિસ-ત્યારે મારો દોષ નથી. રક્ષકગણ ("હો હા હો હા" ની મોટી મોટી બુમો પાડતા પાડતા દલબલ સહિત ખારેબનો પ્રવેશ–તેઓ રામેશિસ અને ત્રણ સૈનિકો તરફ ભાલા ઉગામી ઉભા રહે છે—રામેશિસ અને સિપાઇઓ આશ્ચર્યચકિત થઇ જાય છે. નાહરિન જાણે રામેશિસને આવૃત્ત કરવા બાહુ પ્રસારી ઉભી રહે છે.)

ખારેબ-કોની મગદુર કે અમારી સમ્રાજ્ઞીનો કેશ સ્પર્શ કરે?

નાહરિન-કોણ ખારેબ?

ખારેબ-હાં બ્હેન હું. હું પાછો આવ્યો છું. તારા હુકમે મનુષ્ય થઇ આવ્યો છું. હેથિઓપિયાનું અમારૂં પ્રાચીન રાજ્ય પુનઃ પ્રતિષ્ઠિત કરવા ચાલ્યો છું. દેવી! નવજાગ્રત કાફ્રી જાતિ આજ તને હેથિઓપિયાની સમ્રાજ્ઞીરૂપે સત્કાર કરે છે.

ચતુર્થ અંક.

પ્રથમ દૃશ્ય.

જિનોના ઘરની અંદરનો ઓરડો.

બુલા, જિનો અને કાકાતુયા,

જિનો-ત્યાર પછી બુલા, ત્યાર પછી ?

બુલા-ત્યાર પછી બીજું શું? ડાકુનો સરદાર સારો થઇ ગયો. અમે તેને છોડી દીધો. તેણે કહ્યું—"અમે શું કરીએ?—અમે ઘણાં માણસો છીએ, અમારે કામ તો જોઇએ." એકદમ બારેબ બોલી ઉઠયો—"તારો શો વિચાર છે ? હું મનુષ્ય થયો છું, તમે પણ મનુષ્ય થઇ ચાલો" એમ બોલી ઢાલ બરછી લઇ હે હે કરતા બંને જણ બહાર પડયા, વાડી બહાર જઈ એક વખત જરા પાછું વાળીને જોયુંયે નહિ. એટલો બધો બેઇમાન. હેં બાબા, મનુષ્ય થઇનેયે શું ઢાલ બરછી લઇને ઘુમવું જોઇએ?—ના જે વાડીમાં તે આટલા બધા દિવસ રહી ગયો, તેની તરફ ફરી નજર નાખવાથીએ મનુષ્યમાંથી એકદમ વાંદર થઇ જાય!

જિનો-તેમ છે. પણ તેને માટે તું આમ કરેછે શા માટે?

બુલા-હું એમ કરૂં નહિ? તમે શું બોલો છો બાબા! જે દિવસે તે મારી વાડીમાં હતો, બ્હેન બ્હેન કહી બોલાવતો, વળી કેવી મીઠી વાતો કહેતો અને જવાને વખત અરે! મને એવો ક્રોધ આવે છે એની ઉપર,—મૂર્ખ, આડીઓ, બેઇમાન,—એકવાર જોવા પાછું તો કેટલીએ વાતો સંભળાવી દઉં.

જિનો-અરે રહેવાદે, રહેવાદે. જયારે તેને જોવા પામે, ત્યારે તે વાતો સંભળાવજે. હમણાં નકામી મહેનત કરી મરે છે શું કરવા?

બુલા-વારૂ તમેજ કહો જોઇએ બાબા, કેટલો બધો બેઇમાન,—એકવાર પાછું વાળીનેયે જોયું નહિ?

જિનો-ત્યારે તું એકલી બેઠી બેઠી બક બક કર્યા કર. હું તો આ ચાહયો. કાકાતુયા, જુએ છે ને તારી બ્હેનને બહુ અસુખ થયું છે. તું પાસે રહે. હું બહાર જાઉં છું.—(સ્વગત)—હાય અદૃશ્ય! તેં આ વખતે વળી શો નવો ખેલ શરૂ કર્યો? તારો પંથ તું જ જાણે. (પ્રસ્થાન.)

કાકાતુયા-બ્હેનની અવસ્થા બહુજ ખરાબ દેખાય છે. શો ઉપાય કરવો જોઇએ ? ના કાકાતુયા ? તારામાં કાંઇ બુધ્ધિ શુદ્ધિ નથી.

બુલા-ના, એતો મહા મુશ્કેલ હોય, એવો એક પણ માણસ નથી, કે જેની પાસે બેસી તેના મનની ઇચ્છાને બે એક ગાળો આપી શકાય—તોય હાં કહી બેઠો બેઠો કાન માંડી સાંભળે, અને વચ્ચે વચ્ચે હુંકારો દે. શું કરૂં ? મને બળ્યુ મોકળું મુકી રડવાની ઇચ્છા થાય છે. તેમ કરૂં કે નહિ? થોડીક વાર મા...રે બાપ....રે કહી પુકારૂં ? નારે ! એટલે તો તેજક્ષણે રાજ્યના લોકો આવી ઉભા રહેશે. તે જોવાથી તો બહુજ ખરાબ લાગશે. તેના કરતાં તો પગ ઉપર પગ ચઢાવી ગીત ગાઉં.

કાકાતુયા-તેમસ્તો. બ્હેન બંને આંખમાં ઝળઝળિયાં આવ્યાં છે. ઓહ: પાણીથી એકી વખતે ભરાઇ ગઇ છે. જરાક હાલવાથી શીતકાલના શિશિરની માફક ઝરઝર ઝરી પડશે. ત્યારે હવે શું કરૂં? એકતો એકદમ જાણે જે કાળજી રાખવી, તે તો સમજી શકું છું. પણ બીજી વાત કાંઇ લક્ષમાં આવતી નથી. એક લોટો જળ લાવી આંખે ને મુખે છાંટું ? ના, એકાદ પંખો લાવી પાછળ જઇ હવા નાખું ? ઓ બાબા, તેમ કરીશ તો તો હમણાંજ મારવા દોડશે. ઓહઃ કાકાતુયામાં બુદ્ધિનો છાંટોએ નથી. જોઉં ક્યાંઇ અધોળેક જેટલી બુદ્ધિ વેચાતી મળે છે કે નહિ.

(પ્રસ્થાન.)

જુલા—

સુખની નિશા પૂરી થાય
 દીપક જાય—બુઝાય ... ...સુખની—
ધ્રુવ તારો છુપે મેઘની મધ્યે,
 સુઝે દિશા ન, અન્ધાર ... ...સુખની—
અર્ધ ઉંઘે થઇ ભંગ સ્વપ્નથી
 આંસુએ હાસ્ય ધોવાય,... ...સુખની—
અતિ અકરૂણ મર્મે શૈલ વિંધે છે,
 વેદના આપે ઉપહાર ... ...સુખની—
લુંટી લીધું જે જે હતું કંઈ મારૂં,
 એક રાખી હાહાકાર ... ...સુખની—
આવો ફરી આવો પ્રાણ બંધુ કયાં છો ?
 ભૂલે—ચુકે મુજ દ્વાર ... ...સુખની—
પ્રેમ કુસુમ હાર પ્હેરો હો કંઠે,
 નાહક જાય,—સુકાય. ... ...સુખની—

——:o:——

(બે હાથે મોં ઢાંકી ધ્રુસકે ધ્રૂસકે રડવા માંડે છે—એક છબિ લઇ કાકાતુયાનો પુનઃ પ્રવેશ.)

કાકાતુયા–બ્હેન બ્હેન ઉંચે જો, જો આણ્યો છે, પકડી આણ્યો–(જુલાએ અર્થહીન દૃષ્ટિએ કાકાતુયાના મુખ તરફ જોયું—કાકાતુયાએ છબિ જુલાના હાથમાં આપી)–જો તેં પોતે ઘડેલા માણસની છબિ, તારા પોતાના હાથે આંકેલી,—સારી રીતે કાન મચડ જોઉં. (જુલા ઉઠી. કાકાતુયાના ગાલે ચમટી લઇ થપડાક મારી,–પછી છબિ ચુંબન પૂર્વક છાતીએ લઇ પવન વેગે બહાર જતી રહી)–વાહ ! આ ઠીક ! ઇનામ તો સારૂં આપ્યું. વારૂ, બેન સબુર કર,—પહેલાં અસલ મનુષ્યને શોધી કહાડી પકડી લાવું. ત્યાર પછી જોઇ લેવાશે.

——o——

દ્વિતીય દૃશ્ય.

પર્વત ગહ્વર.

નાહરિન અને ખારેબ.

ખારેબ-બ્હેન આજ અમારી રાજધાની, આજ અમારો દુર્ગ, આજ અમારો રાજપ્રસાદ. જે દિવસે ફરીથી અમે સંપૂર્ણ સ્વતંત્ર થઈશું, મિસરીઓ અમને કેદ કરી શકશે નહિ, તે દિવસે આજ સ્થળે અમે તારૂં સિંહાસન સ્થાપન કરીશું. આજ સ્થળે તું રાજદંડ ધારણ કરી, મિસરની સમગ્ર કાફ્રી જાતિ ઉપર તારો ધર્મરાજ્યનો અધિકાર વિસ્તાર કરીશ. ઇથિઓપિયાના એક છેડેથી બીજા છેડા સુધીના બધા તને કર આપશે.

નાહરિન-તે દિવસો કયારે આવશે ભાઇ? સિંહાસને બેસવાનો મારો અધિકાર નથી. રાજદંડ ધારણ કરવાની શક્તિ મારામાં નથી. હું દીન ભિખારણ તે હું ભિખારણજ રહીશ,—પણ તોય ભાઇ, એવા દિવસો કયારે આવશે કે જે દિવસે કાફ્રીઓની પાછી મનુષ્યમાં ગણત્રી થાય, તેઓ પોતાના ઘરમાં સ્વતંત્ર થઇ વસી શકે?

ખારેબ-દેવતાના આશીર્વાદે જલદીથી તે દિવસો આવશે. તેં માત્ર મનેજ મનુષ્ય કર્યો છે એમ નથી. બ્હેન તારા એકના આહ્વાને આજ સમગ્ર કાફ્રી જાતિના પ્રાણે પ્રાણે મનુષ્યત્વ હુંકાર કરી ઉઠે છે. તેઓ પોતાની જાતિને મારી માની ઓળખે છે. ભાઇ માટે ભાઇ પ્રાણ આપવા તૈયાર થાય છે. ઠેક ઠેકાણેથી લોકો આવી તારી પતાકા નીચે આત્મવિસર્જનનો મહામંત્ર ગ્રહણ કરે છે. મિસરમાં જ્યાં જ્યાં કાફ્રીઓનો વાસ છે, ત્યાં ત્યાં અમારા માણસો જાય છે, બાળક વૃધ્ધ બધાને મહામંત્રની દીક્ષા આપે છે. તારા પિતા પોતેજ તેઓના નેતા છે. તેનાં દૃષ્ટાંતે તેના અનુચરો પ્રાણની મમતા પરિત્યાગ કરી સંકલ્પસાધને દૃઢનિશ્ચય થયા છે. હવે સન્દેહને સ્થાન નથી,—બ્હેન, જલદીથી

અમારો સંકલ્પ સિદ્ધ થશે. દેવતાએ આપણા પ્રત્યે જોયું છે, હવે ભય નથી.

નાહરિન-મારા બાબા કયાં છે ભાઇ ?

ખારેબ-હું બરોબર જાણતો નથી, તો પણ રાજધાની પાસે કયાંક છે, એમ ખબર મળ્યા છે.

નાહરિન-તેમ કેમ ?

ખારેબ-હાં બ્હેન, તેમજ. મેં તેમને તે દેશમાં જવાની ના પાડી હતી. તેમણે સાંભળ્યું નહિ. કહ્યું કે—જે સ્થળે વિપદની શંકા વધારે તે સ્થળે જો હું જવાનું સાહસ ન કરૂં, તો જેઓને મારી વાતમાં વિશ્વાસ બેસાડી મારી સાથે લીધા છે, તેઓ સાહસ કરી શકે કેમ? આ મહાકાર્યમાં કાયર પુરૂષોને સ્થાન નથી.

નાહરિન-તે તો ખારેબ મોટી ચિન્તાનો વિષય થયો. હું તો જાણતી હતી કે તેઓ અહિં પાસેજ કયાંક હશે.

ખારેબ-કંઇ ચિન્તા નથી. દેવતા અમને સહાય છે.

નાહરિન-વારૂ, બીજી બાજુએ શી વ્યવસ્થા થઇ છે ખારેબ?

ખારેબ-વ્યવસ્થા તો બધી ઠીક થઇ છે. આવતા માસના સાતમા દિવસે રાજકુમારી સાયા સાથે યુવરાજ રામેશિસના વિવાહ છે. તે દિવસે સમગ્ર મિસર મોજ મજામાં મસ્ત રહેશે. તેજ સુયોગે અમે અમારી કાર્યસિદ્ધિ કરીશું.

નાહરિન- શું કહ્યું ખારેબ? યુવરાજ રામેશિસનો વિવાહ?

ખારેબ-હાં, કેમ તેં શું સાંભળ્યું નથી ? એ વાત તો આ દેશનાં બાલવૃદ્ધ સ્રીપુરૂષ બધાં જાણે છે.

નાહરિન-યુવરાજ રામેશિસનો વિવાહ ? (ચિન્તાતુર થાયછે.)

ખારેબ-શું વિચારે છે, બ્હેન ?

નાહરિન-હેં, ના કંઇ વિચારતી નથી. આવતા માસના સાતમા દિવસે યુવરાજ રામેશિસનો વિવાહ ? ખારેબ તું સાચું કહે છે ?

ખારેબ-હું સાચું કહું છું બ્હેન, તારી પાસે મિથ્યા કહું શા માટે? (વેગે કોઇએક કાફી સૈનિકનો પ્રવેશ) શા ખબર છે ભાઇ?

સૈનિક-ભાઇ સર્વનાશ! પ્રભુ આબનને મિસરીઓ પકડી લઇ ગયા છે.

ખારેબ } તે બને કેમ?—
નાહરિન }

સૈનિક-અમે સૈન્ય સંગ્રહ કરતા કરતા એક વખત કર્નાક શહેરની અતિ નિકટ જઇ પહોંચ્યા. અમે પ્રભુને તે દિશાએ ન જવાનું ઘણુંએ કહ્યું, તેમણે સાંભળ્યું નહિ. તેઓ આગળ ચાલ્યા. તેથી અમે પણ ચાલ્યા. ત્યાર પછી આ વિપદ્ સાથે જે જે હતા, તે બધાય પકડાઇ ગયા છે. હું માત્ર તેઓના ઇશારાથી મહા મુશીબતે નાસી તમને ખબર આપવા આવ્યો છું.

નાહરિન-તું સત્ય કહે છે? મિસરીઓ મારા બાબાને પકડી લઇ ગયા છે?

સૈનિક-દેવી—(માથું નમાવે છે)

નાહરિન-ઠીક, તમે જાઓ. (કાફી સૈનિકનું પ્રસ્થાન.)—ખારેબ, મિસરીઓ મારા બાબાને શી શિક્ષા કરશે? કંઇ અનુમાન કરી શકે છે?

ખારેબ-સ્થિર થા બ્હેન. હું આજ ક્ષણે તેમને છોડાવા જાઉં છું. જો તેમને પાછા લાવી શકીશ તો પાછો આવીશ—ન બન્યું તો, મારાથી તારૂં સામ્રાજ્ય સ્થપાયું નહિ. અને તો તારી સાથે આ જીવનમાં મારે જોવા સાંભળવાનું આટલું જ. (જવા માંડે છે)

નાહરિન-ખારેબ, ઉભો રહે. તું અહિંયાજ રહે. હું મારા પિતાના ઉધ્ધાર માટે જઇશ. બનશે તો ભલે, ન બન્યું તો તેથી કોઇને કંઇ ક્ષતિ નથી.

ખારેબ-નાહરિન, બ્હેન,—

નાહરિન-સાંભળ ખારેબ, તેં દેવતાને નામે સોગંદ લઇ જે વ્રત ગ્રહણ કર્યું છે, તેનાથી ભ્રષ્ટ થા નહિ. એક જણને માટે એકાદ જાતિનું કલ્યાણ, આશા, ઇચ્છા, બધું ઉંડા જળમાં ડુબાડી દે નહિ. મારી પાસે એક બાજુ આખી પૃથ્વી, અને બીજી બાજુ પિતા હોય તોય, તેજ મોટા.—તેમના સમાન મારે બીજું કંઇજ નથી. પરન્તુ તારે મુકાબલે તે કોણ?—બીજા પાંચ જણની માફક એક જણ.

ખારેબ-પણ બ્હેન.

નાહરિન-એમાં પણ બણ કંઇ નહિ ખારેબ, મારા પિતાનો ઉધ્ધાર હુંજ કરીશ. તમે માત્ર તમારૂં કામ કર્યે જાઓ.

ખારેબ-તેને માટે તને અમે એકલી તો જવા દઇ શકીશું નહિ. તું અમારી સમ્રાજ્ઞી—

નાહરિન-ના ના ખારેબ, હું માત્ર મારા બાબાની દીકરી. હું દીન ભિખારણ,— મને છોડી દે ભાઇ, હું જાઉં છું.

ખારેબ-ત્યારે અનુમતિ કર, તારી સાથે થોડાક રક્ષક આપું. તે છદ્મ વેશે તારી પાછળ પાછળ આવશે, તારા તે મર્માન્તિક શત્રુની વાત ધ્યાનમાં છે ને? વિસ્મૃત થાય નહિ.

નાહરિન-વાતો વાતોમાં કાલ વહી જાય છે. હું જાઉં છું. પરંતુ સાવધાન, કોઇપણ મારી સાથે ન આવે. તેમ કર્યે બધું વિફળ થશે. અને તું પણ મારી સાથે આવીશ નહિ. હું તને ના પાડું છું.—સ્મરણમાં રાખજે. (પ્રસ્થાન)

ખારેબ-(થોડીકવાર ચૂપ રહીને)ના, તેમ થઇ શકશે નહિ. નાહરિન! નાહરિન! ભગિની મારી! દેવી મારી! હું તને કોઇ રીતે એકલી વિપદના મુખમાં છોડી દઇ શકતો નથી. હું આ એકજવાર તારો નકાર કરીશ. છદ્મ વેશે તારૂં અનુસરણ કરીશ. જે દેવીની કરૂણાથી ખારેબ આજ મનુષ્ય થયો છે, જીવતાં તો ખારેબ વિપદને તેના કેશનો સ્પર્શ પણ થવા દેશે નહિ.

(પ્રસ્થાન)

તૃતીય દશ્ય.

આમ્રપંથ.

વિરહિણી ગણ— ગીત.

સમરિયા, બેદરદા? તેરી નાહિરે વિચાર—
સુરત દેખાય મુઝે, દિવાની બનાયોરે,
અબ મુઝે રોલાવો બેકાર.
ઝુર ઝુર નયના કાજર પાખારી જાય,
નિંદિયા ના આવે સારી રાતિયા,
વાટ નિરખત દિનુયાં ગુજારિ યાય,
પિયાસ જવાલાય મારિ છાતિયા—
આઓ સમરિયા, બેદરદા પિયા!
હિયા મોરિ કરત પુકાર.

ચતુર્થ દૃશ્ય.

રાજપંથ.

ગડબડ કરતા કરતા કેટલાક નાગરિકોનો પ્રવેશ.

પ્રથમ-ચાલો, અરે ચાલો, ઝટ ચાલો. મોડું થશે, તો પછી મંદિરમાં પેસી શકાશે નહિ.

દ્વિતીય—હા ભાઇ હા, યુવરાજનાં રાજકન્યા સાથે લગ્ન એ કંઇ જેવો તેવો પ્રસંગ? આહાર, પ્રહાર, આમોદ, પ્રમોદ નાચગાનનો એકદમ અત્યુત્તમ બન્દોબસ્ત!

તૃતીય—તેવો હવે થશે નહિ! જુવો તો કેવી ભીડ થઇ છે? પુરૂષ, સ્ત્રી, છોકરા, છોકરી, બુઢ્ઢા, જુવાન જ્યાં હતાં, ત્યાંથી આ તરફથી તૂટી પડયાં છે. ઓહો શેરીએ શેરીએથી લોક ચાલી નીકળ્યાં છે. કાણાં, ખોડાં, આંધળાં આતુર,—જાણે કે એનો પારજ નહિ.

પ્રથમ—ચાલો અરે ચાલો. મોડું કરો નહિ, મોડું કરો નહિ.

દ્વિતીય—હાં ચાલો ચાલો.

(નાગરિકોનું પ્રસ્થાન—છદ્મવેશે કાકાતુયાનો પ્રવેશ)

કાકાતુયા—તેથી હવે, ખારેખ તો શોધતાં કયાંઇ મળતો નથી. આજે જો તે ન મળ્યો તો બ્હેનના પ્રાણ બચશે નહિ. તેથી તેને મેળવવો તો જોઇએજ. પણ કયાંથી મેળવું? આહા તે જો જાણત તો મિથ્યા આટલો રસ્તો હીંડી મરત શાનો? તે જ્યાં હોત ત્યાંજ બરાબર જઇ પકડત, અને કાનપટ્ટી પકડી—ઝપ કરી બાંધે લઇ જઇ એકદમ બ્હેનના પગમાં હાજર કરી દેત. ના હવે પગ ચાલે તેમ નથી. પણે ઝાડ તળે બેસી જરાક વિસામો લઉ.

(ગડબડ કરતા કરતા કેટલાક સૈનિકોનો પ્રવેશ.)

પ્ર. સૈનિક—ઓહઃ આ દેશમાં આટલાં બધાં માણસો છે? સાળા ઘેર ખાવાનું પામે નહિ, તેથી એક દિવસનાં નોતરાની ગંધ આવતાં એકદમ પીપળાનાં પાંદડાની માફક ચાલી નીકળ્યાં છે.

દ્વિ. સૈનિક—ઠીક કહે છે ભાઈ, સાળાઓની ગરમીને લીધે ગૃહસ્થથી રસ્તે પણ ચલાતું નથી. જુવે છે પેલો એક સાળો ઉભો હાં કરતો વિચાર કરે છે—(કાકાતુયા પ્રતિ)–એઈ–તું કોણ છે?

પ્ર. સૈનિક—તારૂં નામ શું?

દ્વિ. સૈનિક—કયાંથી આવ્યો છે.?

પ્ર. સૈનિક—કયાં જાય છે?

કાકાતુયા—ઓહો આવકાર આપો છો?

દ્વિ. સૈનિક—કેમ ચુપ રહ્યો છે? બોલ.

પ્ર. સૈનિક—ચટપટ.

દ્વિ. સૈનિક—શીઘ્ર.

પ્ર. સૈનિક—જલદી.

કાકાતુયા—શું કહું?

દ્વિ. સૈનિક—પહેલાં કહે કયાંથી આવ્યો?

પ્ર. સૈનિક—અને કયાં જાય છે?

કાકાતુયા—હું કાદેશથી આવું છું, જઇશ આમનદેવનાં મંદિરે. ગુરૂ સામન્ટેશ માટે પત્ર લાવ્યો છું.

દ્વિ. સૈનિક—ગુરૂ સામન્ટેશ માટે?

પ્ર. સૈનિક—પત્ર છે?

દ્વિ. સૈનિક—ત્યારે જા જા.

પ્ર. સૈનિક—હાં ત્યારે જા.

કાકાતુયા—જેવી આજ્ઞા. ઉપકારી થયો.

(કાકાતુયાનું પ્રસ્થાન)

દ્વિ. સૈનિક—ચાલો ભાઇ વખત થયો. હવે અહિં ઉભા રહે શું વળશે? વાર લગાડીશું તો વખતે જોવાનું પણ નહિ મળે.

પ્ર. સૈનિક—અરે ના ના. હજુ ઘણી વાર છે. કેવાં રંગ બેરંગી લોકો આવે છે. એ શું ઓછું જોવા જેવું છે? અરે આ ન હોય તો જરાક જોતા જઇએ.

(છદ્મવેશે ખારેબનો પ્રવેશ)

ખારેબ-તેમ કેમ. નાહરિન કઇ દિશામાં ગઇ? હું બરાબર તેની પાછળ પાછળ આવ્યો છું. આ સ્થળે આવી ભીડમાં તેને ખોઈ બેઠો. હાય, ઉન્માદિની! બ્હાવરી માફક કયાં ચાલી ગઇ? કોઇ દિશામાં નજર નહિ. માત્ર ચાલવું અને ચાલવુંજ.

(કોઇ એક સૈનિકનો પ્રવેશ-ખારેબની સાથે ધક્કો લાગે છે-બન્ને એકબીજાનાં સામું જુએ છે.)

તૃ. સૈનિક—તું કોણ રે, ધોળા દિવસેયે રસ્તો સુજતો નથી? આમ કેમ, મુખ તો જાણે ઓળખું છું; પણ કયાં જોયો છે તે કંઇ યાદ આવતું નથી. જોઉં જોઉં—(કૃત્રિમ દાઢી પકડી ખેંચે છે. તે એકદમ ખસી પડે છે)-હાં! (ધીમેધીમે છદ્મવેશ કાઢે છે,) હાં તું!-અરે ભાઇ પકડ પકડ-અનેક દિવસોથી પોબાર ગણી ગએલો માણસ-પકડ-(બધા ખારેબને પકડે છે)

તેથી તો કહ્યું, સાલાને જાણે ઓળખું છું, ઓળખું છું, એમ કેમ લાગે છે!

ખારેબ—ના હવે અટકાવવા તે વૃથા.

તૃ. સૈનિક—ચાલ સાલા ? ચાલ ચાલ આજ પ્રભુ સામન્દેશ પાસેથી મોટું ઇનામ મળશે.

(ખારેબને લઇને બધાનું પ્રસ્થાન)

કાકાતુયા—(ધારી ધારીને જોઇને)—હો !

(પ્રસ્થાન)

પંચમ દૃશ્ય.

—:o:—

આમનદેવનું મંદિર—પ્રાંગણ.

સામન્દેશ—હવે કેટલુંક સહું ? એક મનુષ્યના હૃદયમાં કેટલી જ્વાળા સમાઇ શકે ?; હવે મારાથી આ વહન કરી શકાતું નથી. આમનદેવ! તમે તો સર્વ જુઓ છો, સર્વ જાણોછો. તોય કેમ તેનો પ્રતિકાર કરતા નથી ? એક દિવસ જેઓ મારૂં જીવન મધુમય કરતા હતા, અતિ દીર્ઘ કાળ પહેલાંની તે શાન્ત પ્રભાતે સ્વપ્ન જાગરણની મધ્યે ઉભા રહી, મારી અર્ધ નિંદ્રિત આંખોની સામે આ ચિરપુરાતન ધરણીને નુતન સાજે સજાવતા હતા, તેઓ આજ ક્યાં ?—કેટલા દૂર ? બોલી દો, પ્રભુ! કયારે તેઓને જોવા પામીશ; મારી આ દીર્ઘ કેદ કયારે છુટશે; મારાં આ અશ્રાન્ત ભ્રમણનો અન્ત કયારે આવશે,—(નેપથ્યે ગીત ધ્વનિ)—પેલો યુવરાજના વિવાહનો વરઘોડો આવે છે. અત્યારે પ્રાણની જ્વાળા પ્રાણમાં દાબી રાખી પૃથ્વીને કાજે બળી જવું જોઇએ. હાય, તેઓની વાતો એક જરાક પણ નિર્વિઘ્ને વિચારી શકું તેટલોય અવકાશ નથી. (સામન્દેશ વરઘોડાની દિશામાં જવા તૈયાર થતાં—ગાતી ગાતી સ્રીઓનો પ્રવેશ—તેની પાછળ વિવાહની શોભાયાત્રા, પાછળ હારેમહેબ, સાયા અને રામેશિસ—તેની પાછળ જનસંઘ, સંગે નાહરિન.)

નારીગણુ— ગીત

સોરઠ

જળભર્યો કળશ મારો ખાલી કરોના ખાલી કરોના,
ખાલી કરોના.
નવ—સોહણુ વારિ મારૂં ઢોળી દીયોના—જળ
એ પારે તોફાન બંધુ સાં-સાં-સાં-
આ પારે મીઠી હવા વાહવા,—વા,
એ પારે ઉઠયા તરંગ વારણુ કરો ના—જળ
આપારે બંધુ જળે મોજા ઉઠાઓના-મોજા ઉઠાઓના
મોજા ઉડાઓના
ભરદરિયે નાવ મારી ડુબાવજો ના
આ પારે ઉઠે ગાન, સુણો સુણો સૂરતાન,
ચિડિયાં મીઠી બોલે બાધા દીયોના—બાધા દિયોના
બંધુ બાધા દિયોના.
જળ ભર્યો કળશ મારો ખાલી કરોના,—જળ.

નાહરિન—હું અહિં શા માટે આવી? જાણો કોઇ પાછળથી ધકકા મારતે મારતે મને અહિં લઇ આવ્યું. પિતાના ઉદ્ધારના પ્રયત્નમાં હું બહાર નીકળી છું—પરંતુ આતો ઉત્સવ ક્ષેત્ર! અહિં વેદનાનું સ્થાન કયાં? અશાન્ત પ્રાણુ! સ્થિર થા. આકાશના દેવતાગણુ! થોડીવાર માટે નાહરિનનો કંઠરોધ કરી દો-કે જેથી તેનાં વ્યથિત હૃદયને હજારો તપ્તલોહાના સળીયાથી વિદ્ધ કરવા છતાંય તે વાત કહી શકે નહિ. આજ બધા આનંદે મગ્ન છે. કોઇની વાત કોઇ સાંભળતું નથી. તત્ક્ષણે આ આમોદ ખતમ થતાં સુધી મારે રાહ જોવી જોઇએ.

હારેમહેબ—વત્સ રામેસિસ! મા સાયા! આજ તમારાં જીવનનો એક મહા શુભ દિવસ. જ્યાં સુધી પૃથ્વીમાં જીવો, ત્યાં સુધી તમારાં બધાં સુખ, બધી આશા, બધાં કાર્યમાં આજનાં

મંગળ વાદ્ય વાગી ઊઠશે. ઉષાના પ્રથમ અરૂણરંગની માફક આસો રંગીન પ્રકાશ તમારા મુખે ચઢી નૂતન જ્યોતિથી તમને ભૂષિત કરી દેશે. યાદ રાખો, આજ તમારૂં મિસર સભ્યતા, જ્ઞાન, વિજ્ઞાનના પ્રકાશે ધરણીનો અંધકાર દૂર કરે છે. બાબીલોન, સિરિયા, ફિનિશ્યા, તમારાજ પ્રકાશે ઉદ્‌ભાસિત છે. આજ તમારા ગૌરવ મુકુટના મધ્યમણિ મેમફીસ અન્ધકાર, થિબ્સ જનશુન્ય, નીલના તીરે આઇસીસનું પવિત્ર મંદિર ધ્વંસપ્રાય છે. બધાં સ્થાનનો અધિકાર ભોગવે છે, તમારી આ રાજધાની કર્નાક. એના ગૌરવે તમારૂં ગૌરવ. મિસરનાં ગૌરવે જગતનું ગૌરવ. હું વધારે શું કહું? આશીર્વાદ આપું છું કે તમે સુખી થાઓ, આમરણ સુખમાં રહો, દિવસે દિવસે તમારૂં ગૌરવ વધો.

નારીગણ— ગીત.

મંગલ થાઓ મિલનરે
જીવો જીવો જીવો, નિત્ય; અતૂટ બનો બંધનરે.
પુણ્ય સુખ શાન્તિ તૃપ્તિ વિરાજો ભવનેરે,
શુભ્ર જીવન કરો વહન યશોજ્જ્વલ વદને,
પુલક મધુ પવનેરે.
ચરણ તળે રહો બદ્ધ પ્રણત-ધાન્ય ધરણીરે,
સંતતિકુલ બનો પૂજ્ય થઇ કીર્તિ ગુંજ્ય,
વિશ્વના મુકુટ મણિરે—

હારેમહેબ—(સામન્દેશ પ્રતિ)—પ્રભુ! આપ આશીર્વાદ આપો. અને આમનદેવની સાક્ષીએ આમને વિવાહ બન્ધને આબદ્ધ કરો.

સામન્દેશ—હું કાયમનોવાકયે આશીર્વાદ આપું છું. વિશ્વદેવતા આમનની કૃપાયે તમે ચિર સુખી થાઓ. ચિર જયી થાઓ, જગતના ઉચ્ચ શિખરે આરોહણ કરી જગતનાં પૂજ્ય બનો.

નાહરિન—નાહરિન! મંદિર દ્વારે કુતરી! ચુપ થા ચુપ થા. નાસી ગઇ નહિ? ત્યારે અહિંથી તો દૂર થઈ જા. તોય?—તોય? —ત્યારે ઉભી રહે,—(બે હાથે પોતાનું ગળું દાબી રાખીને)—

સામન્દેશ—રામેસિસ ! સાચા ? આવો, હાથમાં હાથ આપો. આજથી,—

નાહરિન—ના, ના, શાન્ત થાઓ, ક્ષણ કાળ થોભો. જો આ વિશ્વ-વિખ્યાત ફારાઓ હારેમહેબનો અધિકાર હોય, જો આ મહામાન્ય ફારાઓના સિંહાસન નીચે મોટા છોટા બધાંને સમાન ભાવે ન્યાય પામવાની આશા હોય તો જ્યાં સુધી આ ક્ષુદ્ર કાફ્રી બાલિકાના એક ગુરૂતર આરોપનો તપાસ થાય ત્યાં સુધી થોભો.

રામેસિસ—(સ્વગત)—નાહરિન !—શું સર્વનાશ ? મારી વિરૂદ્ધ આરોપ મૂકવા આવી છે?—હવે બચાવ નથી.

હારેમહેબ-કોણ તું બાલિકા ? મિસરના ફારાઓ હારેમહેબની સામે ઉભા રહી આવી રીતે અસમ સાહસિક ઉધ્ધત વાક્ય ઉચ્ચારણ કરેછે ? એવો કેવો તારો ગુરૂતર આરોપ છે કે જેથી ક્ષણમાત્ર વિલંબ સહન થયો નહિ ?—જેને માટે તું મારાં યોજેલાં શુભ કાર્યમાં વિક્ષેપ કરવા તૈયાર થઇછે ?

નાહરિન-સમ્રાટ્ મારો આરોપ અતિ ગુરૂતર. પરંતુ તે પ્રકાશ કરૂં તે પહેલાં મને અભય આપો કે હું ન્યાય પામીશ. પ્રભુ, મારી દુષ્ટતા માફ કરો. હું ખરેખર અન્યાય પામવાથીજ આવીછું. અન્યાય, અત્યાચારની હું અભ્યાસી તેથી આજ સમ્રાટ્‌ની સંમુખે ઉભા છતાં મારો ગભરાટ દૂર થતો નથી.

સામન્દેશ-સમ્રાટ્ આ શું ? મિસરની સર્વોચ્ચ સંમાનિત વ્યક્તિ વચ્ચે ઉભા રહી, એક તિરસ્કારપાત્ર કાફ્રી બાલિકા આપણા શુભ કાર્યમાં વિઘ્ન કરવાનું સાહસ કરે અને તમે તેને આશ્રય આપો,—એ તો મારી કલ્પનામાં પણ આવતું નથી. સમ્રાટ્ શુભ કાર્યમાં આ અમંગલ અસહ્ય. જો મારો સદુપદેશ સાંભળો તો આ ક્ષણે કુલક્ષણી કાફ્રી બાલિકાને દૂર કરી દો.

હારેમહેબ—ના પ્રભુ, આ કંઇ કાફ્રી બાલિકા નથી. એક બાલિકાનું રૂપ લઇ મારી અસંખ્ય કાફ્રી પ્રજા મારી સામે આવી મારા શુદ્ધ ન્યાયનો સન્દેહ પ્રકાશ કરેછે. મારા ગર્વને આઘાત

કરેછે,—હું ખરેખર ફારાઓ હારેમહેબ કે નહિ તે તેનો પ્રશ્ન છે. મંગળ હો અમંગળ હો. હું આનો આરોપ સાંભળીશ, અને ન્યાય કરીશ. બાલિકા હું તને અભય આપું છું. તારો જે આરોપ હોય તે નિર્ભય રીતે બોલ. હું આમનદેવની સંમુખ પ્રતિજ્ઞા કરૂં છું કે હું શુદ્ધ ન્યાય કરીશ.

નાહરિન–ત્યારે કહો સમ્રાટ્. જો કોઇ એક સંસાર–જ્ઞાન-હીના સરલા બાલિકાને પ્રેમનાં પ્રલોભને સ્વર્ગ બતાવી, તેનાં મન, પ્રાણને ઉચ્છિષ્ટ કરી પછી તેને કલંકના નરકે ફેંકે, તો તેની સજા શી? જો કોઇ દેખતો પુરૂષ એક અન્ધ નારીને અમૃતનો લોભ બતાવી તેને સુખે હળાહળ આપે તો તેની સજા શી?

હારેમહેબ–બાલિકા સ્પષ્ટ રીતે બોલ તારો શો આરોપ છે? કોના વિરૂદ્ધે તારો આરોપ?

નાહરિન–સમ્રાટ્! કહીશ,—પરન્તુ ઇન્સાફ થશે કે?

હારેમહેબ–ઇન્સાફ, ઇન્સાફ, ઇન્સાફ—હું પ્રતિજ્ઞા કરૂં છું કે હું ઇન્સાફ કરીશ. એવો કે જો કદાચ આ યુવરાજ રામેસિસ અપરાધી હોય તેમ પુરવાર થાય, તો પણ તું ન્યાય પામીશ. કહે શો તારો આરોપ? કોના વિરૂદ્ધે તારો આરોપ?

નાહરિન–ત્યારે આપ જે બોલોછો તેજ મારો આરોપ, અને આ યુવરાજ રામેસિસની વિરૂદ્ધજ મારો આરોપ—

સામન્દેશ–ચૂપ કર, તિરસ્કારયુક્ત કુતરી! આ વિવાહ સભા; આ બડબડવાનું સ્થાન નથી. સમ્રાટ્! સમ્રાટ્! તમે શું હજુ પણ સાંભળવા ઇચ્છોછો?

હારેમહેબ–બાલિકા તું શું કહેછે! યુવરાજ રામેસિસ અપરાધી?

નાહરિન–હાં સમ્રાટ્! હું સત્ય બોલું છું. યુવરાજ રામેસિસ અપરાધી. મારૂં—આ દરિદ્ર કાફ્રી બાલિકાના સેંકડો દુઃખ અને કેટલીય અશાન્તિમાં–આટલું થોડું ક્ષુદ્ર સુખ પણ અસહ્ય થયું હતું કોને? આને આ પવિત્ર કુમારીના શુભ્ર અન્તઃકરણમાં

હંમેશની કાળી મેશ લગાડી દીધી છે કોણે ?—આમણેજ. મારાં સુખસ્વપ્નનાં મહાન સ્વર્ગને પદદલિત કરી આ કુમળી છાતીમાં નૃશંસ ઘાતકની પેઠે છરી મારી છે કોણે ?-આમણેજ. કેમ સમ્રાટ્ ચૂપ બેશી રહ્યા છો ? આપ જો ખરેખર ફારાઓ હારેમહેબ હો તો આપનું વચન પાળો. ઇન્સાફ કરો.

સાયા-એ અસંભવ. મિથ્યા વાત કાઢી કુમારી ! તું શું જાણતી નથી કે સમ્રાટ્‌ની સામે ઉભા રહી મિથ્યા આરોપ કરતાં શું થાય ?

નાહરિન-જાણું છું—ત્યારેજ કહું છું. સમ્રાટનન્દિની ! આપને જો આંખ હોય તો જુઓ, જો કાન હોય તો સાંભળો, જો હૃદય હોય તો વિચારો. જે સ્વાર્થપર એક સ્ત્રી તરફ વફાદાર થાય નહિ તે બીજી સ્ત્રી તરફ વફાદાર રહેશે શેનો ? જે એકની વ્યથા સમજે નહિ તે બીજાની સમજશે શી રીતે ?

હારેમહેબ-રામેશિસ ! નતશિરે ચૂપ થઇ રહ્યોછે કેમ ? આ વાતના ઉત્તરમાં તારે કહેવાનું હોય તો કહે.

નાહરિન-બોલો—આ આમનદેવની મૂર્તિ તરફ જોઇ બોલો, મારા મોં સામે જોઇને બોલો,—તમારે શું કહેવાનું છે ?

હારેમહેબ-કેમ તોય ચૂપ થઇ રહ્યો? રામેશિસ! રામેશિસ! તું જો મનમાં એમ સમજતો હોય કે ચુપ થઇ રહેવાથી મારા વિચારમાંથી છુટકારો પામીશ તો તું ભૂલ કરેછે.

સાયા-બોલો પ્રિયતમ, આટલો બધો શો વિચાર કરોછો ? બોલો, બોલો, આ આરોપ મિથ્યા.

સામન્દેશ-સમ્રાટ ! યુવરાજ તમારો ક્રોધ જોઇ ભયભીત થયાછે, તેથી કંઇ બોલી શકતા નથી. તમે એને મારી પાસે રાખી જાઓ,—એ મારી પાસે નિશ્ચય સત્ય વાત કહેશે.

નાહરિન-કેમ સમ્રાટ? ઇન્સાફ કરો. આપે પ્રતિજ્ઞા કરી છે. પ્રતિજ્ઞાની રક્ષા કરો.

હારેમહેબ—રામેશિસ ! મારી પાસે આવ (રામેશિસે આદેશ પાલન કર્યો.) રામેશિસ ! હું તને આ છેલ્લીજ વાર પૂછું છું, જવાબ

આપ. જો નહિ આપે તો આ તલવાર દેખી છે? તેજ ક્ષણે તારી છાતીમાં પેસી જશે. બોલ, આ બાલિકાના આરોપ વિરૂધ્ધમાં તારે કંઇ કહેવાનું છે? કેમ તોપણ ચુપ રહ્યો? ત્યારે તો દુષ્ટ—

(સાયા અને નાહરિન દોડી આવી બંનેની વચમાં ઉભી રહી.)

નાહરિન-સમ્રાટ્ ઇન્સાફ કરો, વધ કરો નહિ.

સાયા-બાબા, બાબા, દયા કરો, રક્ષા કરો.

હારેમહેબ-સાયા! જો આ પામરને માટે દયાભિક્ષા માગવી હોય તો કાફ્રી બાલિકાના પગ પકડી દયાભિક્ષા માગ. હું સમજું છું કે એના પ્રાણમાં દયા છે. જો એ ક્ષમા કરે તોજ હું ક્ષમા કરીશ. નહિતર ક્ષમા કરવાનો મારો અધિકાર નથી.

સામન્દેશ-સમ્રાટ્ તમે શુધ્ધિ ખોઇ છે. શું કરો છો તે સમજી શકતા નથી.

હારેમહેબ-જોઉં છું, કે તમે બધા મારા કર્તવ્યપથમાં અન્તરાય કરો છો, પરંતુ તમારો તે પ્રયત્ન વૃથા છે. તમે કોઇરીતે મને વિચલિત કરી શકશો નહિ. મેં સર્વના દેખતાં દેવતાને નામે સોગંદ લીધા છે. મિસરનો ફારાઓ હારેમહેબ કદાપિ સોગંદ ભંગ કરે નહિ. રામેશિસ! મેં તને હજુ ત્રણ દિવસનો સમય આપ્યો છે. આજથી ત્રણ દિવસમાં જો ધર્માધિકારી સામે તારા દોષને દૂર ન કરી શકે તો તને પ્રાણદંડ થશે. બરાબર યાદ રાખજે.

સામન્દેશ-સમ્રાટ્! મિસરનો મુખ્ય ધર્માધિકારી તો હું. મારી પાસે આ આરોપનો ઇન્સાફ થશે તે પહેલાં યુવરાજના મૃત્યુદંડનો ઉચ્ચાર કરવાનો તમારો અધિકાર નથી.

હારેમહેબ-ઉત્તમ. પરંતુ પ્રભુ! યાદ રાખજો કે અદાલતની આંખે મિસરનો યુવરાજ અને એક દીન કાફ્રી, બન્ને સમાન. તેથી દેવતા તરફ જોઇ, ધર્મ તરફ જોઇ, શુધ્ધ ન્યાય કરજો. રામેશિસ મનમાં રાખજે કે હવે માત્ર ત્રણ દિવસનોજ સમય છે. સિપાઇ? આ દુષ્ટને કેદ કરી કારાગારે લઇ જાઓ.

(આદેશ થતાં બે સિપાઇ ઉઘાડી તલવાર હાથમાં લઇ રામેશિસની બે પાસે આવી ઉભા.)

પંચમ અંક.

પ્રથમ દૃશ્ય.

નદીતીર-બુલા અને કાકાતુયા.

બુલા-હું તો કંઇજ સમજી શકતી નથી, કાકાતુયા! આ એક છબિમાં તે એટલું બધું શું છે કે જે જોઇને ગુરૂ સામન્દેશ તેજ વખતે તે હતભાગ્ય દરિદ્રને છોડી મુકશે! બાબાએ તો એમના કંઇ કાળના પેટીપટારા શોધી શોધી આ છબિને બહાર કાઢી છે. કેવાં જતનથી એને રાખી હતી! ઝાડની છાલ ઉપર છાલ અને તેની ઉપર પચ્ચીસેક કાપડનાં પડ! તેની અંદરથી જ્યારે એને બહાર કાઢી ત્યારે મેં તો મનમાં જાણ્યું કે કંઇનું કંઇ હશે?

કાકાતુયા-ત્યારે તો બેન! પ્રસંગ તો ભારે જામ્યો છે. પણ બધો તો મને પણ સમજાતો નથી. અને જાણી સમજીને યે શું થાય? બાબાએ જેમ જેમ કહ્યું છે તેમ તેમ કર્યાં જઇએ. પીછે દેખ લેંગે. જોઉં, છબિ એકવાર મારા હાથમાં આપો તો? એકવાર સારીરીતે હાલહવાલ જોઇ લઉં.

બુલા-પણ બાબા પોતે કેમ ન આવ્યા? મેં તેમને બહુ બહુ કહ્યું; પણ કોઇ રીતે ગુરૂ સામન્દેશનો મેળાપ કરવા તેમણે ઇચ્છયું નહિ, શા માટે? તે પણ એક માણસ. પકડત. કંઇ આખાને આખા ગળી જાત તો નહિ. ના, મને બાબા ઉપરતો બહુ ક્રોધ આવે છે.

કાકાતુયા-હાઃ હાઃ હાઃ હાઃ—

બુલા-કેમ રે! એકદમ ગાંડો થઇ ગયો કે શું?

કાકાતુયા-(આંગળીદ્વારા ચિત્ર પ્રતિ નિર્દેશ કરીને) કૈ—અર્થાત્ તાકીને જો. ઓહ આ ભૂતડી બુઢ્ઢીને જુઓ છો ?—કેવી કાળી ! મારા કરતાંયે થોડી ઘણી વધારે. પણ તેને ખોળે આ લાલ સુંદર છોકરો જુઓ છો ?—એ નહિ, એતો સાંકળે બાંધેલો એક વાંદર—આ—હાં, જુઓ છો ?—જાણે અમાવાસ્યાના આકાશમાં એક ચાંદ—આનો અર્થ શો થાય બ્હેન, અને આની સાથે ગુરૂ સામન્દેશને સંબંધ પણ શો ?

બુલા-એનો અર્થ ચુલામાંની રાખ, અને સંબંધ આડી વાટની ધૂળ. બુઢાપણમાં બાબાની ડાગળી ચસકી છે. નહિ તો માણસ વળી એક છબિ દેખીને તે ભય પામે ?

કાકાતુયા-આ બુઢ્ઢી કાંઇ દાઇ તો નથી. નહિ તો આમ છોકરાને માથે હાથ ફેરવી શકે નહિ. નિશ્ચય એ છોકરાની મા. તેથી સિદ્ધ થાય છે કે કાળી માનો ગોરો છોકરો. ગુરૂ સામન્દેશની સાથે એનો સંબંધ શો ? હાં આ શું ? એ તો છોકરાનાં કપાળે એક તલ—બરાબર મેળવી લેવો જોઇએ. તે જો હોય તો તો બસ, કામ ફત્તેહ ! બેન, કૈ—અર્થાત્ સમજી લીધું છે.

બુલા-શું રે શું સમજી લીધું છે ?

કાકાતુયા-તે અત્યારે કહેવાનો સમય નથી. તેને આવવાનો વખત થયો છે. હમણાંજ તે સૂર્યને પ્રણામ કરવા આવશે. તમે શરૂ કરી દો. એ આવે છે—એ આવી પહોંચ્યો હાં. બેસી જાઓ—ઓહઃ બધું ધૂળ કર્યું—કૈ !

(સામન્દેશનો પ્રવેશ.)

બુલા-મારી લક્ષ્મી, મારા દાદા, મારા ભાઇ, છબિ આપ. આજ એક દિવસ ન ખાવે કંઇ જતું રહેવાનું નથી. એવા તો ઘણા દિવસો ખાધા વગરના ગયા છે, તો પણ આપણે આજ બચ્યાં છીએ. પરંતુ એ છબિ જતાં જેને માટે આપણે આટલું કષ્ટ ખમી આટલે દૂર આવ્યાં છીએ તેનો પાર આવશે નહિ.

સામન્દેશ-કેટલો વખત—હજી કેટલો વખત દુનિયામાં જીવવું પડશે. આશા નહિ, સુખ નહિ, શાન્તિ નહિ—છે માત્ર

એક શંકા—એને માટે તો દુનિયામાં બચવું પડશે. પિતાની ગણના અભ્રાન્ત. તે કહેતા હતા કે એંશીમે વરસે મારો છદ્મ વેશ છૂટશે—સ્વરૂપ પ્રકાશિત થશે. આજ દિવસ સુધી તેનો અર્થ સમજી શકયો નહિ, પણ હવે સમજાય છે. જેમ દિવસ જાય છે, તેમ તે વાતનો અર્થ પરિસ્ફુટ થતો જાય છે. કોઇ કયાંકથી આવી મારો જન્મવૃત્તાંત, મારી કલંકકહાણી પ્રકાશ કરી દઇ ગૌરવનાં સર્વોચ્ચ શિખરેથી મને નર્કની અંધકારમય ગુફામાં ફેંકી દેશે.-કોણ તે ? મારો આવો મર્માન્તિક શત્રુ કોણ છે? તેની વાતનો વિશ્વાસ કોણ કરશે ? તેનું માત્ર એક પ્રમાણ તે નિરર્થક છબિ. તે શું આજ પણ તેવીજ ઉજ્જવલ છે કે કાળના અમોઘ ઝપાટા-ઓથી તેની કાલિમા રેખા ભુંસાઇ ગઇ છે ?

કાકાતુયા—ઠીક થયું છે.—તલતો બરાબર જગ્યાએ છે. હવે જાય કયાં ? કો !—અરે મેં બળી, આજ જો ખાધા વગર મરૂં, તો કાલ આ છબિ કોઇને હાથે ગઇ કે ન ગઇ તેમાં મારે શું ? મને છબિ આપ. બજારે જઇ વેચી આવું. બેચાર પૈસા જે મળશે તે આજ તો ખાઇને બચું,—કાલ તો કંઇક મળશે. ફરી જઇને પાછી લઇ આવીશ.

સામન્દેશ—આ કોણ ? એ છબિ શું ? આ શું ? મારા હૃદયમાં સહસા આ શું થઇ ઊઠયું? ના, જોઉં તો ખરો. બાલિકા ? તમારા હાથમાં શેની છબિ છે ? એક વાર જોવા દેશો કે ?

બુલ્લા—હાં. પણ દુરથી. કોઇના હાથમાં હું આ છબિ એક ક્ષણ પણ છોડી શકતી નથી. આ રહી જુઓ—

સામન્દેશ—તેજ ચિત્ર !—આજ પણ તેવુંજ ઉજ્જવળ રહ્યું છે !—દેવતાએ મેળવી આપ્યું છે. જ્યારે એકવાર સંધાન મળ્યું છે, ત્યારે હવે છોડવું નહિ. આહા બચ્યો. બાલિકા ! આ છબિ મને આપો. હું તમને ખુબ મોટું ઇનામ આપીશ.

કાકાતુયા—(સ્વગત)—હવે તો ઓસડ જડયું છે.—(પ્રકાશ)—અરે આપી દે. એ છબિ આપીશ નહિ? ના, તું ધીમી વાતોનું માણસ નથી—(છીનવી લેવા જાય છે)—

બુલા—(ધિક્કાર કરીને)—ઓરે ! સમ તમને, મારી છબિ લ્યો નહિ. હું આપીશ નહિ, કોઇપણ રીતે આપીશ નહિ, પ્રાણ જતાંએ નહિ—(કાકાતુયાના હાથે બચકું ભર્યું)—

કાકાતુયા—ઉઃ હુઃ હુઃ ! રાક્ષસીના દાંતમાં જાણે કાળ-સર્પનું ઝેર !

સામન્દેશ—બાલિકા, તમારે આ છબિના બદલામાં શું જોઇએ છે ? જેટલા શિક્કા માગો તેટલા હું તમને આપીશ. બોલો તમારે કેટલા શિક્કા જોઇએ છીએ ?

બુલા—લાખ શિકકા આપતાંએ નહિ.

સામન્દેશ—વારૂ. હું બે લાખ શિક્કા આપું છું.

બુલા—દશ લાખે નહિ—કરોડ પણ નહિ. શિક્કા આપી આ છબિ કોઇ વેચાતી લઇ શકશે નહિ.

સામન્દેશ—ત્યારે ?—

કાકાતુયા—અરે અભાગણી બળ્યાં મોઢાંવાળી! અત્યારેજ આપી દે ! લાખ શિક્કા શું જેવી તેવી વાત? હજારો મળીને લાખ થાય,—એક દિવસમાં આપણે મોટાં માણસ થઇ જઇશું. શું કરશે આવી રાખ જેવી છબિ રાખીને ? હું તો આના જેવી છબિ પાંચ પૈસા આપીને યે લઉં નહિ.

સામન્દેશ—બાલિકા, બોલો શું કરૂં, તો તમે આ છબિ આપો ?

કાકાતુયા—મહાશય, આપ આ ગાંડીની સાથે વધારે મિથ્યા બકબકાટ કરી મિજાજ ખરાબ કરશો નહિ. આપ મારી સાથે ચાલો. હું આના કરતાં વધારે સારી છબિ પાંચ લઇ આપીશ.

સામન્દેશ—ચૂપ રહે. બાલિકા, બોલો, તમે આ છબિના બદલામાં શું ઇચ્છો છો ?

બુલા—હું ઇચ્છું છું—મારો એક માણસ ખોઇ બેઠી છું. તે આ શહેરની દિશામાં આવ્યો હતો, અને પાછો ફર્યો નથી. આપ કૃપા કરી આ છબિના બદલામાં તેને શોધી લાવી આપો. મેં

સાંભળ્યું છે, કે પૃથ્વીમાં એવો એક માણસ છે, કે જેને આ છબિની અહુજ દરકાર છે. આપ જો તેજ માણસ હો તો દયા કરી મારા ઉપર આટલો ઉપકાર કરો; અને જો આપ તે માણસ ન હો તો આપ આપના કામે જાઓ,-આપ આ છબિ વેચાતી લઇ શકશો નહિ.

સામન્દેશ—આશ્ચર્ય ! બાલિકા, આ વાત તમને કોણે કહી ?

બુલા—મારા બાબાએ કહી છે. તેમણે જે સોદાગર પાસેથી આ છબિ લીધી હતી, તેણે તેમને કહ્યું હતું.

સામન્દેશ—સોદાગર ? તે સોદાગર કયાં રહે છે ?

બુલા—જાણતી નથી. તો પણ સાંભળ્યું છે કે ઘણા દિવસો પહેલાં સિરિયા દેશમાં તેની સાથે બાબાનો મેળાપ થયો હતો.

સામન્દેશ—તમારા બાબા કયાં છે ?

બુલા—તેઓ માંદા હોવાથી ઘેર છે.

સામન્દેશ—જોવું પડશે, શોધી જોવું પડશે. સમગ્ર સિરિયા તલ તલ કરી જોઇશ કે તેઓ આજે જીવતાં છે કે નહિ. બાલિકા! હું તેજ માણસ કે જેને આ છબિની દરકાર છે. બોલો, તમે કોને ખોયો છે, તેનું નામ શું ? હું શોધી જોઇશ. જો તેને કયાંય પણ મેળવી શકું તો.

બુલા—તેનું નામ ખારેબ.

સામન્દેશ—ખારેબ ? કાફ્રી ખારેબ ?

બુલા—હાં તેજ.

સામન્દેશ—બાલિકા, તે મારી પાસેજ છે. તમે મારી સાથે ચાલો, હું તમારા માગ્યા મૂલ્યથી આ છબિ ખરીદીશ. તમારા હાથમાં ખારેબને સોંપી આ છબિ ગ્રહણ કરીશ.

બુલા—સત્ય કહો છો ?—મહાશય, આપ ઘણા દયાળુ દેવતા. આપને હજુ ઘણા દિવસો જીવતા રાખો, જેથી આપ મારા જેવી અનેક ભિખારણોના પ્રાણ બચાવી શકશો.

કાકાતુયા—(પડદામાં) કો ! (પ્રસ્થાન.)

દ્વિતીય દૃશ્ય.

આબનના પરિત્યક્ત ગૃહ પાસેની પર્વત ભૂમિ.

પાછળ એક નાની નદી વહી જાય છે.

નાહરિન—આ સ્થાને—આ સ્થાને તે દિવસે મારૂં કાફ્રી-જીવનનું પ્રથમ સુપ્રભાત થયું હતું, મારા જન્મજન્માંતરનો આરાધ્ય દેવતા મેઘાન્તે નવશારદ પ્રભાતના રંગેલા રવિની માફક નવરંગે રંજિત, એક નૂતન ભવિષ્ય લઇ મારા સંમુખ આવી ઉભો હતો. હમણાંયે જાણે એ સ્પષ્ટ જોઉં છું—આજ સ્થાને હું મૃદુ-મલયતાડિતા વેલીની માફક નવયૌવનભરી મૃદુ મૃદુ કાંપતી હતી, અને તેણે હાથમાં હાથ પકડી એક દૃષ્ટે મારા મુખ તરફ જોઈ કહ્યું હતું—"ચાહું છું, ચાહું છું, ચાહું છું."—જાણે એકાદ સ્વપ્ન! મારૂં તે સ્વપ્ન આજે ભાંગી ગયું છે. જાય, ત્યારે આજ મારૂં સ્વર્ગ. સાંભળ્યું છે કે મરૂભૂમિનો મૃગજળભ્રાન્ત પથિક મૃત્યુકાળ ઉપસ્થિત થયે ફરતો ફરતો તેનાં ભ્રાન્તિનાં પ્રથમ સ્થાનેજ પાછો આવે. હું પણ આજ તેવીજ રીતે આ સ્થાને આવી છું. મારે મરવાનો સમય થયો છે, તેથી આ ભૂમિના એક માદક આહ્વાને મારા પ્રાણની ભીતર પ્રતિધ્વનિત થઇ મને ચુમ્બકની માફક આ સ્થાને ખેંચી આણી છે. રામેશિસ, રામેશિસ, જાણતી નથી કે તમે નાહરિનને આજ કેવી ધારી હશે. જેવી ધારી હોય તેવી. તેથી કાંઇ લાભ હાનિ નથી. કાલ પ્રકાશ ન્યાયાસન આગળે જ્યારે તમારી વિરૂધ્ધ આરોપ કર્યે કોઇ બચવાનું નથી, જ્યારે નિર્લજની માફક કોઇ ચિત્કાર કરી બોલશે નહિ—'સમ્રાટ્ વિચાર કરો, વિચાર કરો'—ત્યારે ધારૂં છું કે તમે મને ઠીક ઓળખશો. ત્યારે સમજશો હું તમને કેટલા ચાહું છું. ત્યારે પ્રિયતમ! એકવાર આવી આ સ્થાને ઉભા રહો, આ ભુમિ પર

પગ રાખી આકાશને સંબોધન કરી મોટા સ્વરે બોલો—' નાહરિન ! હું તને ચાહું છું '—માત્ર એકજવાર—તેથીય હું તૃપ્તિ પામીશ. મારો વ્યાકુળ આત્મા શાન્ત થઈ ઉંઘમાં પડશે. હવે શા માટે ? આજ વખતે બધું પુરૂં થશે. બાબા ! હું તમારી અભાગિની કન્યા, તમારી રક્ષા કરી શકી નહિ. મારી છાતી ભાંગી ગઇ છે, એ ભગ્ન-પ્રાણુમાં હવે શક્તિ નથી. મને ક્ષમા કરો. બાબા હું જાઉં છું—
(નાહરિન જળમાં કુદકો મારવા તૈયાર થાય છે—સાયાનો પ્રવેશ)

સાયા–નાહરિન, નાહરિન,—આશું ? (હાથ પકડી અટકાવે છે)

નાહરિન–કોણ તમે?—શા માટે આવી રીતે પાછળથી તમે મારો પંથ ભુલાવી દીધો ?

સાયા–નાહરિન, હું તમારી પાસે આવી છું; એક વાત કહેવા આવી છું.

નાહરિન–તમે !—સમ્રાટ નન્દિની સાયા !—તમે મારી પાસે એક વાત કહેવા આવ્યાં છો !

સાયા–નાહરિન, તમે મરવા જતાં હતાં શા માટે?

નાહરિન–તે વાતનું તમારે પ્રયોજન શું ? હું મરવા જતી હતી તે માત્ર હુંજ જાણું છું. બીજું કોઇ તે જાણે તેથી કંઇ સમજી શકે ? જવા દો, તમે શું કહેવા મારી પાસે આવ્યાં છો, તે કહો. મને વધારે અવકાશ નથી.

સાયા–નાહરિન, તમે યુવરાજને ક્ષમા કરો. તેને માથે તમે જે આરોપ મૂકયો છે, તે પાછો ખેંચી લો—તેમને બચાવો.

નાહરિન–આજ વાત ? આ વાત કહેવા તમે મારી પાસે આવ્યાં છો ? આટલું કષ્ટ લઇ શોધી શોધી મારી પાસે આવવાનું તમારે શું પ્રયોજન હતું ? એનો તો હું ઉપાય કરવા જતી હતી,—મારા આ વક્ષપિંજરમાંથી અવરૂદ્ધ પ્રાણવાયુને વંટોળની માફક છોડી દઇ તેના પથની ધૂળ કાંકરીને ઉડાડી દેવા જતી હતી,—તમે આવીને તે બધું ધૂળ ધાણી કર્યું.

સાયા–તે શું ? તે તો આત્મ હત્યા!

નાહરિન-હત્યા નહિ, પણ બળિદાન, તમે તેને આત્મ હત્યા કહો છો, સમ્રાટ્ કન્યા ? આ આકાશ તરફ જૂઓ. હિવારોષે કલાન્ત સવિતા અસ્ત થાય છે. કેવાં ગાઢ રક્તવર્ણાં ચીર તેણે ઉન્નત ક્ષિતિજને પહેરાવ્યાં છે! એ સૂર્ય ડુબી જાય, એવું સુંદર મૂખ મ્લાન થઇ જાય, એ દુઃખે કમલિની જો પોતાની છાતી ચીરી રક્ત કાઢી તેનું લલાટ રંગી રાખવા ચાહે તો તેને તમે આત્મ હત્યા કહો, સમ્રાટ્ કન્યા ?

સાયા-પણ, હું સમજી શકતી નથી—તમે યુવરાજને આટલા બધા ચાહો છો, અને તેની વિરૂદ્ધે આવો આરોપ મૂકો છો?

નાહરિન-મારી અવસ્થા તમે કેવી રીતે સમજો ? એ તમને સમજાવી શકીશ નહિ,—હું પોતેજ સારી રીતે સમજી શકી નથી. તો પણ એટલું તો ચોક્કસ જાણું છું કે, જો હું ન મરૂં તો યુવરાજની પ્રાણ રક્ષા થશે નહિ.

સાયા-કેમ તમે તેને ક્ષમા કરજો. કાલ ધર્માધિકારીની સંમુખ ઉભા રહી મુક્ત કંઠે કહેજો કે તેમની વિરૂદ્ધ તમારે કંઇ અભિયોગ નથી.

નાહરિન-ના, હું તેમ કરી શકીશ નહિ. તેના કરતાં આ સજા સારી. બરોબર વિચાર કર્યો છે. તમે જાઓ, સમ્રાટ્ કન્યા ! મને મરવા દો,—આ સ્થાને એક ક્ષણ પણ વિલંબ કરો નહિ.

સાયા-ના, હું કોઇ રીતે તમને એકલાં મૂકી જઇશ નહિ— તમને મરવા દઇશ નહિ.

નાહરિન-ત્યારે હવે મારો દોષ નથી. હું તમને આ છેલ્લીજ વાર કહું છું. અને તો આજ ક્ષણે આ સ્થાન પરિત્યાગ કરો, નહિતર યુવરાજનાં ઉષ્ણ શોણિતે કાલ વધભૂમિ રંગિત થશે. યાદ રાખો, આ વાતોના પ્રલાપ નથી,—જે મારા ભાગ્યમાં નથી, તે તમારે ભાગ્યે પણ હશે નહિ.

સાયા-વિષમ ધર્મ સંકટ! એક બાજુ મિસરનો ભાવી ફારાઓ, મારો ઇહપરકાલ રામેસિસ, બીજી બાજુ આ પ્રાણમયી કાફ્રી-બાલિકા. હું જો અહિંયાથી ચાલી જાઉં, તો આ આત્મહત્યા

કરશે,—જો ન જાઉં તો તે પ્રાણ દેશે. હવે હું શું કરૂં? કંઈ પણ સમજી શકતી નથી. કોણ મને કહી દે કે અત્યારે મારૂં કર્તવ્ય શું? ઇષ્ટદેવ! તમે સ્વર્ગમાંથી મને કહી દો, અત્યારે મારૂં કર્તવ્ય શું?

નાહરિન-કેમ, હજુ પણ ઉભાં રહ્યાં? હવે એક ક્ષણ માત્ર સમય. એટલામાં વિચારી લો. જવું કે રહેવું—યુવરાજ રામેશિસ મરે કે કાફ્રી કન્યા નાહરિન મરે? તો પણ ઉભાં રહ્યાં? તો રહો, હું જાઉં છું. કાલ યુવરાજ રામેશિસ મરશે. પરંતુ તે દોષ મારો નહિ તે પાપ તમારૂં.

(નાહરિન જવા માંડે છે—સાયા બોલાવે છે.)

સાયા-નાહરિન, નાહરિન, જાઓ નહિ. એકાદ વાત સાંભળો. (હાથ પકડીને) નાહરિન, દયા કરો; યુવરાજને ક્ષમા કરો; તેમની પ્રાણભિક્ષા આપો.

નાહરિન-દયા. ક્ષમા, પ્રાણ ભિક્ષા—તે બધાંની તમે શું મારી પાસે થાપણ મૂકી છે? ના હું આપી શકતી નથી. એ બધું મારી પાસે નથી. હું હીના હીના કંગાલિની, મિસરની ઉચ્છિષ્ટ-ભોજી કુરકુરી. આ બધી મોટી મોટી મોંઘી વસ્તુઓ હું ક્યાંથી મેળવું? તમે મિસરની રાજ કન્યા, તમારા પ્રાસાદમાં શોધો, તમારા અસંખ્ય મણિમાણિક્યજડિત રત્નાલંકારમાં શોધો,—એ બધી વસ્તુઓ મળે તો આપી શકો એવું બને. મારા ઘરમાં, દીન કાફ્રોના ઘરમાં એ બધું કોઇ કદાચેય શોધે નહિ, દેખે નહિ, ઇચ્છે નહિ, મળે નહિ. તમે પણ ઇચ્છો નહિ, મેળવી શકો નહિ.

(નાહરિન જવા માંડે છે—સાયા તેના પદ તળે પડી ગતિરોધ કરે છે)

સાયા-કેમ મેળવી શકીશ નહિ બ્હેન? હું તો તમારી નાની બ્હેન. તમારો સ્નેહ, તમારી દયા, તમારો પ્રેમ એજ તમારી પાસે મારૂં પ્રાપ્ય. તેનાથીએ તમે મને વંચિત રાખવા ઇચ્છો છો? નાહરિન! દેવી! બ્હેન મારી! તમારા જેવી મોટી બ્હેનના આશ્રયે આવી તમારી નાની બેનડી નિરાશ મનથી પાછી ફરશે? એકાદ ઉપકાર તો કરી શકશોને? આ કંઇ રીતિ નથી. તમારે આપવું પડશે, બોલો આપશોને?

નાહરિન–હવે રહી શકાતું નથી. મારો સંકલ્પ ભરતીના જળમાં તરણાની માફક તણાઇ ગયો છે. રાજકુમારી, ઉઠો. હું તમારી પાસે પરાજય સ્વીકાર કરૂં છું. દેવતા તમારા સ્વામીને ચિરંજીવી કરો. તેમને કહેજો, કે નાહરિનનાં પ્રાણનું બન્ધન છુટી ગયું છે. બીજું—

સાયા–બીજું શું બ્હેન ?

નાહરિન–બીજું બની શકે તો મારા બાબાની રક્ષા કરજો. તેઓ રાજાને હુકમે બન્દિ થયા છે. તમારા પિતા પાસે તેની પ્રાણભિક્ષા માગી લેજો.

સાયા–તમે નિશ્ચિંત થાઓ, હું તેમની પ્રાણ રક્ષાનો ભાર ગ્રહણ કરૂં છું.

તૃતીય દૃશ્ય.

ખારેબ નિમીલિત નયને ભૂમિ ઉપર બેઠો છે.

(સામન્દેશ અને બાલકવેષધારિણી બુલાનો પ્રવેશ.)

સામન્દેશ–મેં તેના પ્રાણદંડનો આદેશ આપ્યો હતો. કાલ પ્રભાતે આની જીવન લીલા પૂરી થાત. દેવતાની ઇચ્છા કંઇ બીજી હશે તેથીજ તમે આવી વચ્ચે ઉભાં રહ્યાં. એ હવે તમારો. તમે એને લઈ જઇ તમારી મરજી પ્રમાણે કરી શકો છો.

(સામન્દેશનું પ્રસ્થાન.)

ખારેબ–ક્યાં ચાલી છે છુટ્ટી ઉન્માદિની ? વીખેરાએલા કેશે, વીખેરાએલા વેશે, પ્રોજ્જ્વલ નયને, સ્નેહનો દીપ્ત હુતાશન જાગી ઉઠે છે, કંઠે ભાષા નહિ. દેહે અનુભૂતિ નહિ, હૃદયે કંપ નહિ. માત્ર એક જાગ્રત્ મહા સ્વપ્નનાં ધ્યાને તન્મય થઇ ચાલી નીકળી છે ! જરાક ઉભી રહે. એકવાર પાછું વાળીને જો. એકવાર પ્રાણ ભરી જોઇ લઉં. જીવન સફળ કરી લઉં—

બુલા—ખારેબ ! ખારેબ !

ખારેબ—હજી કેટલી દૂર જઇશ ? હું તો બહુ પાછળ રહી ગયો છું. પકડી શકીશ નહિ તે જાણે છે, તો પણ દૃષ્ટિની બહાર ચાલી જાય છે, શા માટે ? દયા કર દેવી, જરાક ઉભી રહે.—

બુલા—ખારેબ, ખારેબ, કોના ધ્યાનમાં ડુબી ગયો છું ?— કોણ તે દેવી ?

ખારેબ—આજ નહિ તો પછી ક્યારે ડુબું ? હવે તો સમય નથી. મારૂં ખેલવું પુરૂં થયું છે. કાલ પ્રભાતે આ દેહ ધુળમાં આળોટાશે. આ પ્રાણ ક્યાં હશે તે તો જાણતો નથી.

બુલા—ખારેબ ! ખારેબ !—(પાછળથી ધક્કો મારે છે.)

ખારેબ—કોણ તમે ? શું જોઇએ છે ? હું બરોબર છું. મને વિરકત કરો નહિ. જાઓ.

બુલા—હું તારો રક્ષક છું. કાલ પ્રભાતે ગુરૂ સામન્દેશના આદેશથી તને પ્રાણદંડ થશે. હું પૂછવા આવ્યો છું કે આજ તારે કંઇ કહેવાનું છે. જો કંઇ પ્રાર્થનીય હોય તો મને કહે. હું તે પૂર્ણ કરવા યત્ન કરીશ.

ખારેબ—મારા રક્ષક ?—તમે મારી પ્રાર્થના પૂર્ણ કરશો ?

બુલા—હાં, આશ્ચર્ય થાયછે શું ?

ખારેબ—ના કંઇ નહિ. કર ભાઇ, મારી પ્રાર્થના પૂર્ણ કર.—મને દેવી દર્શન કરાવ. મરવા પહેલાં તેનાં ચરણે વર માગી લઉં કે જેથી ફરીથી હું મનુષ્ય થઇ જન્મું; જેથી પરજન્મે તેને જોઇ શકું, તેની સેવા કરી શકું.

બુલા—પિશાચણી તારી દેવી ! વાહ, જાદુગરી તો ખૂબ.. એક વાર તારી દેવીનું ઠેકાણું મને આપ. તેનું નાક કાન કાપી ઝાડુ મારતે મારતે દેશની બહાર કાઢી મૂકું.

ખારેબ—(કુદકો મારી ઉઠી બુલાનું ગળું દબાવે છે.)—ત્યારે તો રે જંગલી—

બુલા—આહા, છોડ,-છોડ-બહુ વાગે છે-છોડ-હું-ઓયરે-હું.

ખારેબ-કોણ તું ?—(સહસા બુલાનો વેશ પરિવર્તન)-આશું ઇન્દ્રજાળ કે સ્વપ્ન ?—તમે ?-બુલા ?

બુલા-હવે મમતાએ કામ શું ? હું હવે કંઇ દેવી નથી. કે તારી પશુતાને બેમાલુમ હજમ કરી નાખું. મરણ દશા મારીજ કે તારી જેવા જંગલી બુદ્ધિહીન સાથે પ્રીત કરવા ગઇ.

ખારેબ-મેં અજાણે અપરાધ કર્યો છે, મને ક્ષમા કરો. હું તો જાઉં છું, હવે ક્રોધ શા માટે? તમે મને ક્ષમા કરો, અને મારા તરફથી બાબાને કહેજો—

બુલા-ઓહઃ જાઓ છો !—પેટી પટારા બાંધી કયાં જાઓ છો આપ ? જવું તો જાણે અહિંજ પડયું રહ્યું છે, કેમને ?

ખારેબ—તમે તે જાણતાં નથી ! સામન્દેશે મારા પ્રાણ-દંડનો આદેશ આપ્યો છે.

બુલા-હવે કાલ પ્રભાતે નહિ, આજ રાત્રેજ. તારા પ્રાણ લેવાનો ભાર મારા ઉપર પડયો છે. અને, તેથી હું 'ચાલવાની આજ્ઞા થઇ' કહેવા આવી છું. કાકાતુયા !

(દીવો લઇને કાકાતુયાનો પ્રવેશ.)

બુલા-આને બાંધી લઇ ચાલ તો. આ શું, તારા હાથમાં અત્યારે વળી દીવો ! આ મુઆ બાંધીશ શી રીતે ?

કાકાતુયા-દીવા વિના પ્રાણદંડ થશે શી રીતે ? અન્ધકારમાં ગળે ફાંસી પેરાવવા જતાં કદાચ એ પગ પકડી લે તો ?

બુલા-(થપડાક મારવા જાય છે.—કાકાતુયા થપડાક ચૂકવી સરકી ઉભો રહે છે.)—ત્યારે ઓ બળ્યા મોઢાવાળા ! હવે મશ્કરી કરવાની નથી. ચાલ, દીવો ધર. (ખારેબ પ્રતિ)—ચાલ રે ચાલ, તારા પ્રાણદંડનો સમય થયો છે.

ખારેબ-તમે શું બોલો છો ? હું તો કંઇ સમજી શકતો નથી.

બુલા-આહા ચાલને-(ધક્કો મારે છે.)-હવે સમજીને શું કામ છે ?—તું ચાલને. (બધાનું પ્રસ્થાન.)

ચતુર્થ દૃશ્ય.

ન્યાય મંદિર.

ન્યાયાધીશના આસને સામન્દેશ—એક બાજુ નાહરિન ઉભી છે—બીજી બાજુ રામેસિસ ઉભો છે—રક્ષકગણ યથાસ્થાને ઉભા છે.

સામન્દેશ—નાહરિન, સમ્રાટે તારા પિતાને ક્ષમા કરી છે. (બન્દિવાન આબનને લઇને કોઇ એક રક્ષકનો પ્રવેશ)—આબન, તું મુક્ત. સમ્રાટે તને અને તારા સંગીઓને ક્ષમા કરી છે.

નાહરિન—સમ્રાટ્‌ની જય થાઓ, દેવતા તેમને દીર્ઘજીવી કરો.—(આબન નાહરિન પાસે આવી ઉભો રહે છે.)

આબન—નાહરિન, હું સમજી શકતો નથી કે તેં શું મારૂં ઉદ્ધાર સાધન કર્યું હતું?

નાહરિન—દેવતાએ કર્યું છે, બાબા.

સામન્દેશ—નાહરિન, હવે તારા આરોપનો વિચાર થશે.

નાહરિન—પ્રભુ, હું મારા આરોપને પાછો ખેંચી લઉં છું. આપનો જયજયકાર થાઓ, સમ્રાટ્‌નું ગૌરવ વર્ધિત થાઓ, યુવરાજ દીર્ઘજીવી થાઓ, મારો કંઇ આરોપ નથી.

આબન—તેનો આરોપ, શું પાછો ખેંચી લેવાનો? હું તો કંઇજ સમજી શકતો નથી.

નાહરિન—બાબા, મેં સમ્રાટ્ પાસે યુવરાજના વિરૂદ્ધ આરોપ મૂકયો હતો. (મૂખ નીચું કરી નખે ખણવા માંડે છે)

આબન—સમજ્યો. પણ હમણાં તું આ શું બોલી?

સામન્દેશ—નાહરિન, સારી રીતે વિચારીને બોલ. તું શું ખરેજ તારો આરોપ પાછો ખેંચી લે છે? કંઇજ સન્દેહ નથી? આ ધર્માધિકરણ, આ સ્થાને જેમ તેમ બોલવું ચાલે નહિ. જે બોલવાનું હોય તે ધીર ચિત્તે વિચારીને બોલ.

આબન-નાહરિન, નાહરિન, હજુ સમય છે. હજી વિચારી લે. મને લાગે છે કે તને મતિભ્રમ થયો છે, જે બોલે છે તેનો અર્થ સમજી શકતી લાગતી નથી.

નાહરિન-હું સત્યજ યુવરાજ વિરૂધ્ધનો મારો આરોપ પાછો ખેચું છું, તેમાં કંઇ સંદેહ નથી.

આબન-હાય. તને લઇને હું શું કરૂં ! કોણ જાણે કોણે તને જાદુ કર્યું છે. તું એકી વખતે પોતાના સર્વ નાશે આવૃત્ત થઇ છું. ન્યાયમુર્તિ, મારી કન્યા અસુસ્થ છે. એનું મસ્તક ભમી ગયું છે. એની વાત ગ્રાહ્ય નથી. એનાં તરફથી હું કહું છું કે યુવરાજ અપરાધી. તેમને જો પોતાના પક્ષમાં કંઇ કહેવાનું હોય તો કહે, પોતાની નિર્દોષિતા પ્રમાણ કરે.

સામન્દેશ-નાહરિન, મારી વાતનો ઉત્તર આપ.

નાહરિન-હું સંપૂર્ણ સુસ્થ છું. મારા મસ્તકમાં કંઇ વિકાર થયો નથી. હું મારા આરોપને પાછો ખેંચી લઇશ.

સામન્દેશ-ત્યારે તમે એમ કહેવા માગો છો કે યુવરાજ નિરપરાધ ?—

નાહરિન-હું મારો આરોપ પાછો ખેંચી લઉં છું—એને આપ જે સમજો તે, મને કંઇ વાંધો નથી.

(સામન્દેશ એક ચિત્તે લખવા માંડે છે.)

સામન્દેશ-નાહરિન, સમજ્યો. તારૂં ઉધ્ધારસાધન દેવતાથી પણ દુઃસાધ્ય. મારા પોતાને માટે મને દુઃખ નથી, દુઃખ તારે માટે. દુઃખ એજ કે તેં બુધ્ધિમતી છતાં પોતેજ પોતાનું ગળું ફાંસીમાં નાંખ્યું. આજ સમજ્યો દેવતાની ઇચ્છા વિરૂધ્ધ મનુષ્યનો યત્ન તે માત્ર ગાંડપણ.

નાહરિન-બાબા, બાબા, સમગ્ર પૃથ્વી મારો ત્યાગ કરે તો કરવા દો. સર્વ જગત્ મારી વિરૂધ્ધમાં ઉભું રહો; પણ તમે મારા ઉપર ક્રોધ કરો નહિ, તમે મારો ત્યાગ કરો નહિ.

સામન્દેશ-નાહરિન, હું તને સમ્રાટ્ની સમક્ષ યુવરાજ ઉપર મિથ્યા આરોપ મુકવાના અપરાધથી અભિયુક્ત કરૂં છું.

અને આબન, તેં એનું સમર્થન કર્યું છે, માટે તું યે અપરાધી. તું રાજાના હુકમથી મુક્ત છે. પણ હું તને ફરીથી અભિયુક્ત કરૂં છું. તારો અપરાધ જેટલો મોટો હશે, મારા વિચારે તારો દંડ પણ તેટલોજ મોટો થશે. તમે મહામાન્ય ફારાઓની સામાન્ય કાફ્રી પ્રજા છતાં તેના ભ્રાતુષ્પુત્ર રામેશિસના જીવન પ્રતિ હિંસા કરી છે, ધર્માધિકારીની સમક્ષ જુઠું બોલ્યાં છો. એ અપરાધથી તમને ઉભયને જીવતાં ઉકળતા તેલના તવામાં નાખવામાં આવશે.

રામેશિસ–ના, ના, પ્રભુ, હું અપરાધી. હું અપરાધ સ્વીકાર કરૂં છું.

સામન્દેશ–યુવરાજ તમે મુક્ત. તમે આજ ક્ષણે આ સ્થાન ત્યાગ કરી શકો છો.

નાહરિન–ના ના, અપરાધ મેં કર્યો છે, શિક્ષા મને કરો. મારા પિતા સંપૂર્ણ નિરપરાધ, તેમને શા માટે શિક્ષા કરો છો ?

રામેશિસ–ઓહઃ કેવો સર્વનાશ કર્યો છે ! હુંજ એમના મૃત્યુનું કારણ. આ પાપનો બોજો મારે શિર આવી પડયો છે. નિરપરાધિની સરલા બાલિકા આ લજ્જાસ્પદ કપટબુદ્ધિ કેમ કરી સમજે ? ધર્મથી હુંજ તેનો સ્વામી. મેં કેમ એને વખત છતાં સાવધાન કરી નહિ.—પ્રભુ—

સામન્દેશ–યુવરાજ, તમે શું મારો આદેશ સાંભળતા નથી ? તમે મુક્ત, ઇચ્છા હોય તો આ સ્થાન ત્યાગ કરી શકો છો. અથવા અહિં રહી શકો છો. પરંતુ સાવધાન, તમે જો વિના પ્રયોજને વાત કરશો, તો હું તમને ન્યાય સ્થાન ત્યાગ કરવાની ફરજ પાડીશ.

આબન–સામન્દેશ, મેં કોઈ વખતે તમારી પાસે દયાની–ભિક્ષા માગી નથી. દયાની આશા પણ રાખી નથી. આજ આ બુઢ્ઢાપણામાં પ્રથમ વાર આ સફેદ મસ્તક તમને નમે છે. સામન્દેશ, દયા કરી મને શિક્ષા કરો, આ અબોધ બાલિકાને ક્ષમા કરો. આ બાલિકા પ્રતિ નિર્દય થાઓ નહિ.—યાદ રાખો, એક દિવસ દયાની જરૂર તમારે પણ પડશે.

સામન્દેશ-આજ એ બાલિકા છે, તે દિવસે જ્યારે દેવતાની સમક્ષે, સમ્રાટની સમક્ષે, સમગ્ર મિસરની સમક્ષે, નિર્લજ્જિની માફક પોતાની મિથ્યા કલંક ઘોષણા કરી હતી, ત્યારે તે વૃધ્ધા હતી? બ્રાહ્મન, આજ તું તેની દયા ભિક્ષા માગે છે, પણ વિચારી જો કે તેનો આરોપ સપ્રમાણ થયો હોત તો યુવરાજને શી શિક્ષા થાત.

નાહરિન-વિચારપતિ, બ્રાહ્મનની કન્યા નાહરિન કલંકિની નથી. પરંતુ તે વાત તમને કહેવાથી ફાયદો નથી. તમે વૃદ્ધ. હજારો ઉત્તાપોના આઘાતથી તમારા કેશ ધોળા થયા છે, તમારી છાતી સુધી પોંચતી ધોળી મૂછો તમારા પરિણત વર્ષોનો પરિચય આપે છે. તમે વૃદ્ધનું સન્માન કરી મારા પિતાને બચાવો. નાહરિન તમારા આદેશે હસતે મોંએ ભીષણ મૃત્યુને આલિંગન કરશે. મૃત્યુ કાળે દેવતા પાસે તમારા ઇહપરકાલની મંગળ પ્રાર્થના કરશે.

સામન્દેશ-તમે પરસ્પર દયાભિક્ષા માગો છો. મિસરમાં કાઈને માટે દયા એટલી સહેલી નથી. તમારે બંનેને શિક્ષા ભોગવવી પડશે. હું પોતેજ ઉભો રહી તમને બન્નેને શિક્ષા કરીશ જેથી કંઇ સન્દેહ ન રહે.

નાહરિન-ના ના, એટલા નિષ્ઠુર તમે થઇ શકશો નહિ. તમે વિચારક હોઇનેચે રક્તમાંસના મનુષ્ય તો છોજ. તમારા પ્રાણમાં બીલકુલ દયા નથી. એ કોઇરીતે સંભવે નહિ. જુઓ, સિંહના કરતાં શોણિત લોલુપ નિર્દય પશુ પૃથ્વીમાં કોઇ નથી, તે પણ શિકારમાં વૃદ્ધ, દુર્બળ કે રોગી જોઇ દયા કરી તેનો પરિત્યાગ કરે છે. તમે શું તેમ પણ કરશો નહિ ? પહાડોના શરીરે ઝરણાં હોય છે. મરૂ ભૂમિની છાતીએ પણ બાગ હોય છે,—તમારી છાતીમાં દયા નથી એ બની શકે નહિ. વિચારી જુઓ, તમને પણ જો આવી એકાદ દીકરી હોત, તે જો તમારે માટે બીજા પાસે આવી રીતે માથું પછાડી તમને બચાવવા માટે આકુળ વ્યાકુળ થતી હોત, ત્યારે તે ગમે તેટલો નિષ્ઠુર હોય, તો પણ શું દયા કર્યા વિના રહી શકત ? ત્યારે તમે દયા કરશો કેમ નહિ ?

સામન્દેશ-મારી દીકરી,—મારી દીકરી—ના ના, હું આ શું બોલું છું ! નાહરિન, મારે દીકરી નથી, દીકરો નથી, કોઇ નથી. મારામાં દયા માયા પણ નથી. હું જાણતો નથી, મારે દીકરી હોત તો તે આવી અવસ્થામાં મારે માટે શું કરત. તેનાં પ્રાણની ભિતર શું હોત. હું સિંહ કરતાંએ નિર્દય, સર્પ કરતાંએ ક્રૂર, મરૂભૂમિ કરતાંયે નીરસ, પહાડ કરતાંએ કઠીન. મારી પાસે દયાની આશા રાખો નહિ, મેળવશો નહિ. જેને પોતાની દીકરી નથી, તે બીજાની દીકરીની વ્યથા શું સમજે ? શી રીતે સમજે ? હું દયા કરીશ નહિ.

નાહરિન—કરશો નહિ ? વારૂ, આ હું તમારા પગ તળે પડી રહું છું, તમારા બે પગ મારી છાતી સાથે પકડી રાખું છું. જોઉં શી રીતે તમે દયા કર્યા વિના રહી શકો છો. જોઉં કેમ કરી તમે મારો નકાર કરો છો.

સામન્દેશ-આબન, તારી કન્યાને ઉપાડી લે,—આજ મુહૂર્તે ઉપાડી લે.

આબન-(નાહરિન ને ઉપાડીને) નાહરિન, ઉઠ. આ મરૂભૂમિનો બાગ નથી. આ સ્થાને જળ ઇચ્છીએ તે કયાંથી મળે ? વૃથા ઇચ્છી શા માટે દુર્બળતાનો પ્રકાશ કરે છે ?

નાહરિન—બાબા, હુંજ તમારી દુર્દશાનું કારણ—(આબનની છાતીએ બાઝી પડી રડવા માંડે છે—આબન તેના મસ્તકે હાથ ફેરવે છે.)

રામેશિસ-પ્રભુ, હું મિસરનો ભાવિ ફારાઓ, આપની પાસે આમનાં જીવનની ભિક્ષા માગું છું.

સામન્દેશ-એ શું યુવરાજ ? તમને પણ મતિભ્રમ થયો છે ? આ તુચ્છ કાફ્રીએ તમારૂં જીવન વિપન્ન કર્યું હતું. તેઓનો બચાવ કરવાથી બને તો ફરીથી કોઇ દિવસ કંઇનું કંઇ કરી બેસશે. તેઓને કોઇપણ રીતે ક્ષમા કરી શકાય તેમ નથી.

રામેશિસ-ભલે કાફ્રી હોય, ભલે મારા જીવનનો અંતરાય હોય, તો પણ તેઓને ક્ષમા કરો.

સામન્દેશ-ના તેમ થઇ શકશે નહિ. એ વિચાર કરીનેજ તેઓને દંડ દીધો છે. મારા આદેશને અમાન્ય કરવાનો અધિકાર મને પોતાને પણ નથી.

રામેશિસ—ના, તે માત્ર વાત માફક વાત. આપ ઇચ્છો તો બધુંજ થાય.

સામન્દેશ—(વિચારીને) વારૂ. તમે જાઓ.

રામેશિસ—આપનો આદેશ શિરોધાર્ય. હું આપની પાસે આ બેનાં જીવનની થાપણ મુકી જાઉં છું. (પ્રસ્થાન)

સામન્દેશ—આબન, નાહરિન, હું એક સર્તે તમને જીવન-ભિક્ષા આપી શકું.

આબન—તમે?—એક સર્તે અમને જીવનભિક્ષા આપી શકો?—નિશ્ચય તે સર્તનું પાલન અમારાથી સાધ્ય હશે તોજ.

સામન્દેશ—ના તેમ નથી. તમે ઇચ્છા કરો તો કરી શકો. તે કાર્ય અતિ સહજ છે.

નાહરિન—શું?

સામન્દેશ—તમે તમારો ધર્મ ત્યાગ કરી અમારા ધર્મનો આશ્રય લ્યો. તિરસ્કાર યોગ્ય દેવતા શેબેકનો ત્યાગ કરી આમન-દેવનાં શરણાગત થાઓ. તમારૂં જીવન નિરાપદ થશે.

આબન—સામન્દેશ, તમે શું આ પકવસુછોના વૃદ્ધને એટલો બધો કોમળ ધાર્યો? ના; સામન્દેશ, આ કન્યાનાં જીવનનું મારે પ્રયોજન નથી.

સામન્દેશ-ઉત્તમ. રક્ષકગણ લઇ ચાલો. (પ્રસ્થાન)

—:o:—

પંચમ દૃશ્ય.

ઉદ્યાન

ગાતે ગાતે બુલાનો પ્રવેશ.

બુલા— ગીત

ઉર ભગ્ન થયું ને વ્યર્થ બને સૌ હાસિખેલા,
ધીમે ધીમે અંધાર ઉતરે વ્યર્થ વીતી જાય વેળા,
પ્રભાતે નયન ખોલી નીરખું તરૂણ તપન,
તતક્ષણ ભૂલે ખૂલે ઉરદ્વાર પુલકે કરૂં હું વરણ.

સાંભળું આશાનું ગાન આપી દઉં પ્રાણદાન,
તોયે થતો ન મારો,
ઓ દૂરથી આવે એની આવાહન વાણી,
કેમ શકું અવગણી.

(ખારેબનો પ્રવેશ.)

ખારેબ-બુલા!—

બુલા-ચૂપ. મારે હાથે તારો પ્રાણદંડ થયો છે. તું અહિંયાં બન્દિવાન. આવીરીતે વાત કરવાનો તને અધિકાર નથી.

ખારેબ-બુલા, પરિહાસ નથી. હું તેજ વાત તમને કહેવા આવ્યો છું. તમે મારી જીવન રક્ષા કરી છે. દયા કરી મને મુક્તિ આપો. જે ધ્રુવતારાએ મારો અન્ધકારમય જીવનપંથ જ્યોતિર્મય કરી મને રસ્તો દેખાડયો હતો, જેને લક્ષ કરી હું આ વિપદ-સન્કુલ-રાજધાનીમાં આવી પોતેજ વિપત્તિમાં પડયો, તેને હું ખોઇ બેઠો છું. મને અનુમતિ આપો. હું ફરીથી તેની શોધમાં જાઉં.

બુલા-તે કોણ? તેજ દેવી, નહિ કે?

ખારેબ-તેને નામે મશ્કરી કરો નહિ. સત્યજ તે દેવી. જો તમે તેને એકવાર જુઓ—

બુલા-એજ મને મોટું દુઃખ છે કે એકવાર પણ જોવા વખત આવ્યો નહિ.—

ખારેબ-(ક્રોધે ભરાઇ) જોવા પામો તો શું કરો?

બુલા-આહા, ચટકી કેમ લાગે છે? જોવા પામત, તો પૂજા કરત. બીજું શું કરત?—(ખારેબ અસંતુષ્ટ ચૂપ થઇ રહ્યો)-વારૂ, જા એક વાત મને સમજાવી શકીશ?

ખારેબ-શું?

બુલા-તું તો તે દલબલ લઇ-'મનુષ્ય થયો છું મનુષ્ય થયો છું'-એવી બુમો પાડતો બહાર પડયો,-ત્યાર પછી એ દેવી કયાંથી આવી પડી? તેને શું પહેલેથીજ કાંધે બેસાડી હતી કે રસ્તાની વચ્ચેથી ઉડી આવી તે ચોટી પડી? અને તે વખતે જે બધી લાંબી લાંબી વાત કહેતો-'હેથીઓપિયા,-'સ્વાધીનતા'-'પ્રાચીન-સામ્રાજ્ય'- તે બધું ગયું કયાં? દેવીએ શું તારી સાથે સાથે તે બધાને પણ બેમાલુમ હજમ કરી નાખ્યાં?

ખારેબ–તેના ઉપદેશથી હું મનુષ્ય થયો છું, તેનાજ ઉપદેશે હેથિઓપિયાની અમારી પ્રાચીન સ્વાધીનતા પુનઃ પ્રતિષ્ઠિત કરવા જતો હતો. એવામાં ઓચિંતા તેના પિતાના વિપદ્‌નો સંવાદ સાંભળી તે તેના ઉદ્ધારના પ્રયત્ને ચાલી ગઈ.

બુલા–અને તમે ડાંગડંડા ખલે નાખી દેવસેવાની ફીકરમાં બહાર પડયા–કેમ એમજને? તે તો સારૂં કર્યું છે. તેમાં વળી આમ છાનગુપતીયા કરી શામાટે બોલે છે! હમણાં અમારી પાસે બે દિવસ રહે. નિશ્ચિંત થઈ, બે દિવસ ખાઈ, પી, ગાઇ, જોર મેળવી લે. ત્યાર પછી ન હોયતો ફરીથી તેની શોધમાં જજે.

(જિનોનો પ્રવેશ)

જિનો–ખારેબ?–તમે ખરેખર મનુષ્ય થયા છો. ખરા ગુરૂતર કર્તવ્યનો ભાર માથે લીધો છે. તે કર્તવ્યથી અમે કોઇ તમને વિરક્ત કરીશું નહિ; પરંતુ તમે એકલા,–દુઃખમાં સાન્ત્વના આપે, વિપદ્‌માં હિમ્મત આપે, સંપદમાં સુખી કરે, એવું તમારે કોઇ નથી. તમારે એક સાથી જોઇએ.

(કાકાતુયાનો પ્રવેશ.)

કાકાતુયા–ઠીક !–અર્થાત્ ઠીક વાત.

ખારેબ–આપ મારા પિતૃતુલ્ય, નહિતો મારો કહી મારૂં પોષણ કોણ કરે?

જિનો–આ બાલિકાની સાથે તમે વિવાહ કરો.

બુલા–વાહ? વિવાહતો જાણે એકદમ સસ્તો છે ને?

ખારેબ–(ચમકીને) વિવાહ?

કાકાતુયા–કેમ ભાઇ, ચમકી ઉઠયા? તમને કાંઇ કોદાળી ઉપાડવા કહ્યું નથી, લાકડાં કાપવાનું એ કહ્યું નથી. માત્ર એક વિ-વા-હ. તેમાં તે એટલું બધું ભારે શું છે? કોઇ કંઇ આંખ કાન જોઇ હપ કરી ગળી જાય એવું તો નથી.

બુલા–ઓહઃ કાકાતુયા થોભને! તેમાંનું કાંઇજ કરવું નહિ પડે. તમે જ્યાં ઇચ્છા હોય ત્યાં જઈ શકોછો–(નિશ્વાસ નાખી)–આહા, મને બહુજ ઉંઘ આવે છે. હું જઈ જરાક ઉંઘી લઉં.

જિનો–બુલા! ઉભી રહે. ખારેબ? આ બાલિકા–

બુલા—બાલિકા વળી શેની ? આ સ્થાને બાલિકા ટાલિકા કોઇ નથી. ચાલો બાબા, તમારે ખાવાનો સમય થયો છે. (ખેંચી લઇ જવા પ્રયત્ન કરે છે.)

આરેબ—હમણાં હું શી રીતે વિવાહ કરૂં ?

કાકાતુયા—જેવી રીતે બધાય કરે છે, તેવી રીતે.

આરેબ—વિવાહ માત્ર બંધન. મને હમણાં સોનાંની સાંકળે પડવાનો અવકાશ નથી. ડગલે ડગલે મારા જીવનની શંકા ચાલુ છે. તેના શિવાય સ્વેચ્છાથી જે ભાર માથા ઉપર લીધો છે તેને વહન કરવા માટે મારી બધી શકિતનું પ્રયોજન છે. તેના ઉપર એક વધારે ભાર ભરવાથી પગ કેમ ઉપડે ?

જિનો—બોલો નથી આરેબ. હું તમને નૂતન શકિત આપું છું. તમે નક્કી માનજો કે મારી કન્યા તમારા કર્તવ્ય પાલનમાં સહાયતા કરશે. કોઇ વખતેયે અન્તરાય કરશે નહિ.

આરેબ—એ જે અબલા—

કાકાતુયા—વિવાહ તો સાધારણ રીતે અબલાની સાથેજ થાય. તેમાં તે આટલી બધી મુંઝવણ શી ભાઇ?

જિનો—વિચારી જો આરેબ, જેની તું દેવી કહી પૂજા કરે છે, તે પણ નારી છે.

કાકાતુયા—ના, હવે મને સારૂં લાગતું નથી. આ બધી બકબકાટની વાતો, કે જેને નથી માથું કે નથી ધડ. આ બધું બોલવાથી લાભ શો?—સાંભળો ભાઇ, આ આજુ આવો.—(ખેંચી બુલા પાસે લઇ આવીને)—હું તમને એક સારો રસ્તો બતાવું છું. જોઉં બેન,—(હાથ પકડીને આરેબની સાથે હાથ મેળવી દે છે,)—કો—બસ—હવે બોલો તો બંધન, જોઉં કેટલું જોર છે.

(બુલા અને આરેબ ઉભય નિસ્તર બની નતશિરે ઉભાં રહ્યાં.)

જિનો—હું કાયમનોવાકયે આશીર્વાદ આપું છું, કે તમે દીર્ઘજીવી થાઓ, સુખી થાઓ, પરસ્પરને સહાય થાઓ. ચાલો, દેવતાના આશીર્વાદ ગ્રહણ કરી ઉભય કર્તવ્ય પંથે અગ્રેસર થાઓ.

કાકાતુયા—કો. (બધાનું પ્રસ્થાન)

—:૦:—

ષષ્ઠ દૃશ્ય.

વધભૂમિ.

એક મોટા ચુલા ઉપર મોટા તવામાં ગરમ તેલ કડકડે છે. રક્ષકગણુ યથાસ્થાને ઉભા છે.

(સામન્દેશ તેની પાછળ રક્ષકોથી વિંટળાયલાં આબન અને નાહરિનનો પ્રવેશ.)

સામન્દેશ—બધાં સાધન તૈયાર છે?

૧. **રક્ષક**—હાં પ્રભુ, બધું તૈયાર છે.

આબન—સામન્દેશ, તમારી પાસે મેં એકવાર દયાભિક્ષા માગીછે, હવે માગીશ નહિ. કારણ જે તમારી પાસે નથી તે ઇચ્છવું વૃથા છે. પરંતુ ધારૂં છું કે એક શિષ્ટાચારની તમારી પાસેથી આશા કરી શકું?

સામન્દેશ—ના. મારી પાસે કંઇ નથી—વારૂ તું શું ઇચ્છેછે, બોલ.

આબન—પૃથ્વીમાં સર્વ દેશે સર્વ કાળે એક પ્રથા છે, કે જેના પ્રતિ મૃત્યુદંડનો આદેશ થયો હોય, તેની શેષ વાસના અપૂર્ણ ન રહે. તમે શું મારી શેષ વાસના પૂર્ણ કરવા તૈયાર છો?

સામન્દેશ—તારી શેષ વાસના શી છે?

આબન—સામન્દેશ, તમે પણ સન્તાનના પિતા છો. અપત્યસ્નેહ શું તે તમે રગે રગમાં સમજોછો. તમારી દીકરી આજ જો તમારી છાતીએ બાઝી હોત, તો તમે તે સ્નેહ, જેવી રીતે અનુભવ કરત,—આજ તે નથી. ધારૂં છું કે તો પણ તમે તે તીવ્રભાવે અનુભવ કરોછો.

સામન્દેશ—તેં શી રીતે જાણ્યું, કે હું સન્તાનનો પિતા છું? તને કોણે કહ્યું, કે મારે કોઇ કાળે સન્તાન હતું?

આબન—હું જાણું છું. ગમે તે રીતે મેં જાણ્યું. સામન્દેશ, તમે મને જાણતા નથી, પરંતુ હું તો તમને બહુ કાળથી જાણું છું.

સામન્દેશ—શું જાણે છે? તું મારા સંબંધમાં કેટલુંક જાણે છે?

આબન—જેટલું છે, તેટલું. હમણાં તે બોલવું નિષ્પ્રયોજન છે. સાંભળો, હું જે કહેવાનો હતો તે. મારી શેષ વાસના પૂર્ણ કરો. મારી બે વાસના છે. તેમાંની એક પણ પૂર્ણ થયે હું સુખમાં મરી શકીશ.

સામન્દેશ—બોલ.

આબન-તમે જ્ઞાનથી અજ્ઞાનથી અમારા પ્રતિ યથેષ્ટ અત્યાચાર કર્યો છે. મૃત્યુકાળે શા માટે એક વધારે દગો દો છો. મને કન્યાનું મૃત્યુ દેખાડશો નહિ. બને તો અમને એક સાથેજ આ તેલના તવામાં નાંખો. ન બને તો પૃથક્ સ્થાને અમારા દંડની વ્યવસ્થા કરો,—કે જેથી કોઇની યાતના કોઇ દેખી શકે નહિ. કોઇનો ચિત્કાર કોઇ સાંભળી શકે નહિ. અમે તમને આશીર્વાદ આપતાં મરીશું.

સામન્દેશ—વારૂ, પણ પહેલાં કહે કે તું મારા જીવનનું શું જાણે છે?

આબન—હું કહીશ નહિ.

સામન્દેશ—ત્યારે હું પણ તારી વાસના પૂર્ણ કરીશ નહિ.

આબન—વારૂ. ત્યારે બીજી વાસના સાંભળો. હું મૃત્યુકાળે કંઇક ઉપકાર કરી જવા ઇચ્છું છું.

સામન્દેશ—મારા ઉપર ઉપકાર? તું કરીશ?

આબન—હાં તમારા ઉપર ઉપકાર. હું કરીશ. આશ્ચર્ય થાય છે શું?

સામન્દેશ—ધન્યવાદ. હું તારી પાસે કંઇ ઉપકારની પ્રત્યાશા રાખતો નથી. પૃથ્વીમાં મારે કંઇ પ્રાર્થનીય નથી.

આબન—સામન્દેશ, વિચારી જુઓ. સારી રીતે વિચારી જુઓ. પૃથ્વીમાં શું કંઇજ તમારૂં પ્રાર્થનીય નથી? એવું શું કંઇજ નથી કે જેને પામવાથી તમે અહિંજ સ્વર્ગ મેળવો?

સામન્દેશ—જે પામવાથી હું અહિં જસ્વર્ગ મેળવું?—તેથી તું—તું કોણ—ના—આબન, આબન, તું શું કહે છે?

આબન—હું ઠીક કહું છું.-જેને પામવાથી તમે અહિંજ સ્વર્ગ મેળવો. સારી રીતે વિચારી જુઓ, એવું શું કશુંજ નથી ?

સામન્દેશ—રક્ષકગણ, તમે થોડીકવાર માટે બીજે સ્થાને જાઓ. પાસેજ રહેજો, જેથી બોલાવી શકાય.

૧. રક્ષક—જેવી આજ્ઞા પ્રભુ.

(રક્ષકગણનું પ્રસ્થાન.)

સામન્દેશ-કહે આબન, તું શું કહેતો હતો ?

આબન-સામન્દેશ, તમે કાફ્રીઓ તરફ આટલી ઘૃણા કરો છો શા માટે ? તમે પોતેજ કાફ્રી. ક્રીતદાસીના સન્તાન માટે?

સામન્દેશ-સાવધાન જંગલી. બીજી વખત જો આ વાત ઉચ્ચારી તો હું તારી જીભ ખેંચી કાઢીશ.

આબન-તેથી મને તો વિશેષ કંઇ હાનિ નથી. હાનિ થશે તમને. આજ હું તમને જે આપવા ઇચ્છું છું, તે તમે જીવથી પણ મેળવી શકશો નહિ. મારા શિવાય બીજો કોઇ તે આપી શકશે નહિ.

સામન્દેશ-આબન, આબન, તું કોણ ?

આબન-હું એક જંગલી કાફ્રી. બોલો, સામન્દેશ, પૃથ્વીમાં તમારે કંઈપણ પ્રાર્થનીય છે કે નહિ ?

સામન્દેશ-હેં—હેં—છે. મારે—ના ના, તું કહે. તું મને શું આપવા ઇચ્છે છે ?

આબન-સામન્દેશ, હું મરવા બેઠો છું. તોપણ તમે મારી એક ક્ષુદ્ર વાસના પણ પૂર્ણ કરી નહિ; જે કરવાથી પૃથ્વીમાં કોઇને કંઇપણ હાનિ હતી નહિ. તેટલુંય હૃદય તમારામાં નથી. હવે એક કાફ્રીનું હૃદય જુઓ. તમે મારે અને મારી કન્યા માટે ભીષણ મૃત્યુદંડ ઉચ્ચારણ કર્યો છે. તેના બદલામાં હું તમને એવું કંઇક આપી જવા ઇચ્છું છું, કે જે તમે સ્વપ્નમાંયે કોઇ પાસેથી પામવાની આશા રાખી નહિ હોય.

સામન્દેશ-આબન, આબન, હું હવે ધૈર્ય રાખી શકતો નથી. બોલ તું મને શું આપવા માગે છે ?

આબન—ના, તમે બોલો. તમારે શું જોઇએ છે ? તમારા મુખમાંથી હું તમારી પ્રાર્થના સાંભળવા ઇચ્છું છું.

સામન્દેશ—હું-હું ? મારી-પત્ની અને કન્યા-ના ના, હું નથી કહી શકતો; તું કહે. તું મને શું આપવા માગે છે.

આબન—તમારી પત્ની જીવતી નથી. તેને હવે પૃથ્વીમાં જોઇ શકશો નહિ. તેની આશાનો ત્યાગ કરો.

સામન્દેશ—મારી કન્યા ?-તે બે વર્ષનું બાળક, સ્વર્ગનું દેવદૂત ?—કહે આબન, તે શું જીવિત છે ? કયાં તે ? કેમ કરી તેને મેળવું ? કહે. કહે આબન, વાર લગાડ નહિ. એક ક્ષણ પણ મને શતાબ્દી જેવી લાગે છે.

આબન—સામન્દેશ, અધીર થાઓ નહિ. અધીર થવાથી તેને મેળવી શકશો નહિ. અત્યારે તમે પ્રાર્થી, હું દાતા. તમારી પ્રાર્થના પૂર્ણ કરવી ન કરવી તે મારી ઇચ્છા. સાંભળો હું જે કહેવા માગું છું તે તમારા બાલ્યકાળની વાતો. યાદ છે ?

સામન્દેશ—છે. પણ તું કોણ ? મારા બાલ્યકાલના સંબંધમાં તું શું જાણે ? કેવી રીતે જાણે ?

આબન—તમે મેમફિસ નગરમાં વિશ્વવિદિત જ્ઞાની નૂટેના ઘરમાં એક કાફ્રી ક્રીતદાસીના પેટે જન્મ લીધો હતો-ખરૂં ને ?

સામન્દેશ—આશ્ચર્ય ! તે બહુ દિવસોની વાત વિસ્મૃતિના અતળ જળે ડુબી ગઇ છે. આજ આ મિસરમાં તે વાત કોઇ જાણતું નથી. તેં તે શી રીતે જાણી ?

આબન—શિશુ કાળમાંજ તમારી માતાનું મૃત્યુ થયું. તમે જ્યારે વીશ વર્ષના થયા, ત્યારે પિતાનું પણ મૃત્યુ થયું. સંસારમાં તમે, તમારો નાનો ભાઇ જીરાફ, ભગિની નેરા, એજ બાકી હતાં. કેમ ખરૂં ને ?

સામન્દેશ—આબન, હું તને ફરીથી પૂછું છું કે તું કોણ ? કહે, મિસરનો પ્રધાન પુરોહિત સામન્દેશ, હુકમ કરે છે, તારે તે કહેવું પડશે.

આબન—કહીશ નહિ. મારી ખુશી. તમે મને શું કરશો ? તમારી પાસે હું કંઇપણ આશા રાખતો નથી-તમારી પાસે મને

ભય પણ નથી. તમારી ઇચ્છા ન હોય તો મારી વાત સાંભળશો નહિ. હું બોલીશ નહિ.

સામન્દેશ—ના, હું સાંભળીશ. તું કહે.

આબન-ત્યાર પછી સાંભળો. તમારી ભગિની નોરાએ ટિટાસ નામના એક કાફ્રી યુવકની સાથે વિવાહ કર્યો. તે અપરાધે તમે તેને ગૃહમાંથી કાઢી મૂકી. તમારા અત્યાચારથી તમારા નાનાભાઈને પણ દેશ છોડી જવાની ફરજ પડી. તે આજ કેટલા કાળની વાત સામન્દેશ?

સામન્દેશ-બહુકાળ. ધારૂં છું કે લગભગ પચાશ વર્ષ થયાં હશે. ત્યાર પછી, બોલ. બોલ, આબન તેઓનું શું થયું? તેઓ શું આજપણ જીવતાં છે?

આબન-તમારો ભાઈ નાસીને સિરિયામાં ગયો હતો. તે સ્થાનેથી નામાંચો ચિકિત્સક થઇ દેશમાં પાછો આવ્યો. તે આજ પણ જીવતો છે. કાદેશમાં તેનું નામ આબાલ, વૃદ્ધ, સ્ત્રીપુરૂષ સૈનું પરિચિત છે; પરંતુ તે હવે જિરાફ નામથી નહિ, પણ બીજા નામથી ઓળખાય છે. તેને શોધી લેજો. સામન્દેશ!

સામન્દેશ-મારી ભગિની નોરા કયાં છે? તે શું આજ પણ જીવતી છે?

આબન-ના તે આગમાં બળી મરી છે. જે આગમાં તમારી પત્નીનું મૃત્યુ થયું, તે આગમાં તે પણ બળી મરી છે.

સામન્દેશ-આબન! તું કોણ તે હું જાણતો નથી. પણ તું મારી બાલ્ય કહાણી જાણતો દેખાય છે; પરંતુ તારી વાતમાં વિશ્વાસ શો? તેં પણ કદાચ મેમફિસમાં જન્મ ગ્રહણ કર્યો હોય અને તેથી અમારા સંસારની બધી વાતો જાણતો હોય. તેને માટે તું જે કહીશ તેમાં વિશ્વાસ કેમ કરાય? બોલ આબન, હું વિનંતિ કરૂં છું. કહે તું કોણ?

આબન-હાઃ હાઃ હાઃ!—હું કોણ? તમે અન્ધ. બરાબર અન્ધ. હું કહીશ નહિ. તમારી આંખો ઉઘાડીશ નહિ મારી ખુશી. બને તો ઓળખી લો.

સામન્દેશ-સાંભળ આબન, મારે તારો પરિચય જોઇએ છીએ. જો તું પરિચય આપવાનો અસ્વીકાર કરીશ, તો સમજજે કે તારી છેલ્લી ઇચ્છા બધી મિથ્યા છે. તેમ કરીશ તો આજ હાથે તારી કન્યાને આ તેલના તવામાં નાખીશ. જો કન્યાની પ્રતિ તારે કંઇપણ મમતા હોય તો કહે, તું કોણ છે?

આબન-હું કહીશ નહિ, નહિ ને નહિજ. બોલાવો તમારા રક્ષકગણને તેઓ આજ વખતે નાહકનિને તેલના તવામાં નાખી દે. મને દુઃખ નથી; પરંતુ એકવાત ધ્યાનમાં રાખજો કે,-તમારી કન્યા હજુપણ જીવતી છે.

સામન્દેશ-ના ના, મારી ભુલ થઇ છે. બોલ આબન, તે કયાં છે? તેને માટે જો પૃથ્વીનાં એક છેડાથી બીજા છેડા સુધી જવું પડે તો ત્યાં પણ હું જઇશ. બોલ, બોલ આબન, કયાં જાઉં તો તેને મેળવી શકું?

આબન-સાંભળો સામન્દેશ, જે દિવસે ફારાઓ આમિનોફિસના હુકમથી થિબ્સ નગરી ભસ્મીભૂત થતી હતી, ત્યારે હું મારી અર્ધાંગનાને તેજ આગમાં નાખી દઇ, પાગલની માફક રાજપંથે દોડતો જતો હતો. જતાં જતાં જોયું કે તમારૂં ઘર ભડ ભડ કરતું બળે છે. જોયું તો સંધ્યાનો અન્ધકાર ગાઢ થતો આવે છે. તે થોડાક અન્ધકારમાં તમારા ઘરની દીપશિખા નૈશ આકાશે રાક્ષસીની મશાલ માફક અસ્ફુટ પ્રકાશ રેખા ફેંકે છે. તે જોઇ જરાક ઉભો રહ્યા વિના રહી શકયો નહિ. સહસા મારા પગ પાસે એક બાળક મા મા કરી રડી ઉઠયું. જોયું તો એક મિસર-રમણીનો અર્ધદગ્ધ મૃત દેહ, તેની છાતી ઉપર ભીની શાલમાં વીંટળાએલું એક બે વર્ષનું બાળક હતું. સામન્દેશ, તે જોઇ આ તુચ્છ કાફીને દયા આવી. તેને છાતીએ ઉપાડી લીધી. તેજ તમારી કન્યા. સામન્દેશ, મેં તેને બચાવી છે,-તે આજ પણ જીવતી છે.

સામન્દેશ-આબન, કહે તે કયાં છે?

આબન-કહીશ નહિ. બધું થશે; પણ એટલું થશે નહિ. હું કંઇપણ કહીશ નહિ.

સામન્દેશ–કહીશ નહિ? વારૂ, હું શોધી લઇશ. પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી શોધીશ. મારા જીવનના શેષ દિવસો પર્યન્ત શોધીશ.

આબન–હાઃ હાઃ હાઃ!–સામન્દેશ, તમે પાગલ છો. ક્યાંથી તમે તેને શોધી શકવાના હતા ? તે તમને ઓળખતી નથી. તમે તેને ઓળખતા નથી. જંગલી કાફ્રી ન ઓળખાવે ત્યાંસુધી તમે કોઇ કોઇને ઓળખી શકશો નહિ.

સામન્દેશ–(ઘુંટણે પડીને) આબન, આબન તારે પગે પડું છું. કહે આજ મિસરનું સર્વોચ્ચ શિર તારી સંમુખ નમે છે. જેની મિસરના ફારાઓ પર્યન્ત દેવતાની માફક પુજા કરે છે, તે આજ ઘુંટણે પડીને તારી દયાભિક્ષા માગે છે. દયા કર આબન, કહે મારી કન્યા ક્યાં છે?

આબન–હાઃ હાઃ હાઃ કેવી મજા! કેવા ચાબુક પડે છે! કેમ આવી રીતે કોઇ ક્યારેય વેર લઈ શક્યું છે? સામન્દેશ, હવે મને દુઃખ નથી.

સામન્દેશ–આબન, કહે તું મારી કન્યાના વિનિમયમાં શું માગે છે? ધન, ઐશ્વર્ય, માન, રાજપ્રાસાદ, અપ્રતિહત સત્તા–શું ઇચ્છે છે ? જે માગીશ તે આપીશ. હું સામન્દેશ, પ્રતિજ્ઞા કરૂં છું. મિસરનો પુરોહિત કોઇ વખતે, મિથ્યાવાત બોલતો નથી. કહે આબન, શું જોઇએ છીએ ?

આબન–કંઇ નહિ. તમે મને પ્રાપ્ય દંડ દો. અમારે તમારી પાસેથી કંઇજ જોઇતું નથી. તે અસહાય શિશુ પ્રતિ મને દયા આવી હતી, પરંતુ તમારા પ્રતિ મને કંઇપણ દયા આવતી નથી. અપત્ય સ્નેહ શું તે તમે સારી રીતે સમજો અને હવે આમરણ
૫ તલ તલ થઈ, હિમતૃષાની આગમાં બળી મરો. એજ મારે જોઇએ છીએ.

સામન્દેશ–તું કહીશ નહિ?

આબન–ના.

સામન્દેશ–કહીશ નહિ?

આબન–ના, ના, ના.

સામન્દેશ-ત્યારે તો કાફી—કુતરા, તારી આટલી બધી સ્પર્ધા! મિસરનો મોલવી સામન્દેશ, તારી પાસે આટલો બધો તુચ્છ? હું તને બોલવાની ફરજ પાડીશ,—તારી સંમુખ તારી કન્યાની આંખ ફોડી નાખીશ, તેનાં શરીરનું ચામડું ઉખેડી લઇશ, સર્વાંગ ક્ષત કરી મીઠું ભરીશ, જોઇશ કેમ તું કહેતો નથી. હું તને આ છેલ્લી વખત પુછુંછું, કહે મારી કન્યા કયાં છે.—

આબન-હું કહીશ નહિ. તમારી જેમ મરજી હોય તેમ કરો.

સામન્દેશ-એમ કે? રક્ષકગણુ?

આબન-શાન્ત થાઓ. વારૂ, હું કહું છું. પરંતુ તેની પહેલાં એક પ્રતિજ્ઞા કરો.

સામન્દેશ-શું?

આબન-એવી પ્રતિજ્ઞા કરો કે જે વખતે હું કહી રહું, જે મુહૂર્તે મારી વાત પૂરી થાય, તેજ વખતે તમારા બીજા હુકમની જરા પણ વિલંબ કર્યા વિના તમારા માણસો મારી કન્યાને આ તેલના તવામાં ફેંકી દે.

સામન્દેશ-તે શું? આબન, તું શું પાગલ થયો છે?

આબન-હા. તમે પ્રતિજ્ઞા કરો—આ ઇષ્ટ દેવતા સૂર્ય-દેવતાને સાક્ષી રાખી પ્રતિજ્ઞા કરો. નહિંતો હું કંઇ પણ કહીશ નહિ.

સામન્દેશ-આબન, આબન, મારો દોષ નથી. તું મને ફરજ પાડે છે.—

આબન-હા, તમે અંગીકાર કરો.

સામન્દેશ-ત્યારે તેમ થાઓ. હું સ્વીકાર કરૂં છું. રક્ષક-ગણુ! (રક્ષકગણુનો પ્રવેશ.)—આ માણસ મને એક વાત કહેશે. જે વખતે એની વાત પૂરી થાય તેજ વખતે તમે બીજા હુકમની રાહ ન જોતાં તરતજ આ બાલિકાને તેલના તવામાં ફેંકી દેજો.

૧. રક્ષક-જેવી આજ્ઞા. પ્રભુ.

સામન્દેશ-હવે કહે આબન, મારી કન્યા કયાં છે?

આબન-(નાહરિનને બતાવીને) આજ તમારી કન્યા. (નાહ-રિન મુગ્ધની માફક એકવાર આબન પ્રતિ અને એક વાર સામન્દેશ

પ્રતિ દૃષ્ટિ કરે છે. જાણે પૂર્વોક્ત વાતનો અર્થ કંઇ ધ્યાનમાંજ ન હોય–સામન્દેશ તેને આલિંગન કરવા માટે દોડે છે. આબન તે અટકાવે છે.)–

આબન–બસ. સામન્દેશ, તમારી પ્રતિજ્ઞાનું પાલન કરો.

સામન્દેશ–તારી વાત સત્ય છે, તેનું કંઇ પ્રમાણ ?

આબન–પ્રમાણ ? પ્રમાણ તમારાજ પોતાના હાથની આંકેલુ તમારૂં નામાંકિત આ કવચ. (નાહરિનના હાથનું કવચ દેખાડે છે.)

સામન્દેશ–(નાહરિનને છાતીએ દાબી લઇને) આબન, આબન.

આબન–સામન્દેશ, તમારી પ્રતિજ્ઞાની રક્ષા કરો. રક્ષકગણુ તમારૂં કર્તવ્ય પાલન કરો.

સામન્દેશ–તેમ તો થાય નહિ આબન.

આબન–હવે 'તેમ થાય નહિ આબન.' શા માટે થાય નહિ ? થવુંજ જોઇએ. જ્યાં સુધી મારી કન્યા છે એમ જાણતા હતા, ત્યાં સુધી તો બધુંય થતું હતું. હવે તમારી કન્યા છે એમ જાણ્યું. ત્યારે તેમ થાય નહિ. શા માટે ? ના હું તે સાંભળીશ નહિ. તમે દેવતાને નામે સોગંદ લીધા છે. સોગંદની રક્ષા કરો. મિસરનો પુરોહિત સામન્દેશ મિથ્યા વાત બોલે નહિ.

સામન્દેશ–આબન દયા કર. મને ક્ષમા કર.

આબન–હવે દયા કર, ક્ષમા કર, પૃથ્વીમાં જે કંઇ છે તે બધું કર. મારે માટે મારી કન્યાને માટે કોઇનું પ્રયોજન હતું નહિ. અત્યારે તમારે માટે તમારી કન્યાને માટે, બધાનું પ્રયોજન છે. કેમ યાદ નથી, મેં કહ્યું હતું કે એક દિવસ દયાનું પ્રયોજન તમારે પણ પડશે ?

(જિનો, ખારેબ, ગુલા અને કાકાતુયાનો પ્રવેશ.)

જિનો–ભાઇ, તમે મને ઓળખતા નથી. હું તમારો નાનો ભાઇ જિરાફ. ભાઇ, આ તમે શું કરો છો ? આ તો આપણા ટિટાસ. હતભાગિની નોરાનો સ્વામી. અમે ભાઇ બ્હેન હુલામણામાં એમને આબન કહી બોલાવતાં. તમે તેને ટિટાસ તરીકે ઓળખતા. ભાઇ, હતભાગિની નોરાને નામે હું તમને અનુરોધ કરૂં છું, ટિટાસ અને તેની કન્યાને જીવતદાન આપો.

સામન્દેશ-જિરાફ ! જિરાફ ! ભાઈ ! (આલિંગન,) હું મહા પાપી. તમે બધા મને ક્ષમા કરો. આ નાહરિન ટિટાસની કન્યા નથી. એ મારી કન્યા છે. ટિટાસે માની માફક જતન કરી તેને જીવતી રાખી છે. તેથી આજ એને ફરી મેળવી શકયો છું.

બુલા-હાઃ હાઃ હાઃ મોટા દાદાનો તો મોટો કાન્ડ ! હેં મોટા દાદા, તમને શું વૃદ્ધાવસ્થામાં ગાંડપણે ઘેર્યા છે ? બુદ્ધિ શુદ્ધિ કંઈ નથી ? હાઃ હાઃ હાઃ—

કાકાતુયા-કોં !

(હારેમહેબ, રામેશિસ અને સાયાનો પ્રવેશ.)

હારેમહેબ-પ્રભુ, પ્રભુ, આ શું સાંભળું છું ?(તેલના તવા તરફ નજર કરી.) આ શું !

સાયા-(નાહરિનને આલિંગન કરી.) ભગિની પાસે હોત તો કોઈરીતે આવી ઘટના થવા દેત નહિ.

સામન્દેશ-સમ્રાટ, મેં તમારી સત્તાનો દુરૂપયોગ કર્યો છે. બને તો તમે મને ક્ષમા કરો. રાજકુમારી, તમે મારી કન્યા તુલ્ય, બને તો તમે પણ આ વૃદ્ધને ક્ષમા કરો.

સાયા-પિતા, આપ આમને આશીર્વાદ આપો.

હારેમહેબ-નાહરિન, અમે બધાં તમને મિસરનાં ભવિષ્ય-સમ્રાજ્ઞી તરીકે પસંદ કરીએ છીએ.

નાહરિન-આપ બધા મને ક્ષમા કરો. હું એ પદને સંપૂર્ણ અયોગ્ય છું. એમાં મારો કંઈ અધિકાર નથી. હું દીન કાફ્રી કન્યા. આ જીવનમાં મારે માટે વધારે પરિચયની જરૂર નથી.

સામન્દેશ-કેમ બેટી, હવે તો તમે—

નાહરિન-મને ક્ષમા કરો, એ વાત આપને સમજાવી શકીશ નહિ. સમ્રાટ, અનુમતિ આપો. આ કાફ્રી-કન્યા તેના પિતાના ગૃહે પાછી જાય. તેના હતભાગ્ય પદદલિત કાફ્રી ભાઈઓની સેવામાં તેના ક્ષુદ્ર જીવનના અવશિષ્ટ દિવસો ગુજારે.

હારેમહેબ—હું તમારા કાફ્રી ભાઈઓને સુખી કરવા માટે શું કંઈ કરી શકું ?

નાહરિન-કરી શકો,—અતિ સહજ છે. આપના એક માત્ર આદેશનીજ અપેક્ષા છે.

હારેમહેબ--શું ? કહે નાહરીન કહે. તને ન આપી શકાય એવું મારે કંઇ નથી.

નાહરિન--મહાનુભાવ ફારાઓ, ત્યારે આદેશ આપો કે આજ પછી આ મિસરમાં કાફ્રી અને મિસરીમાં કંઇપણ ભેદ રહેશે નહિ.

હારેમહેબ—તેમ થાઓ. આજથી બધાની આંખે બધા વિષયોમાં કાફ્રી અને મિસરી બેય સહોદર ભાઇયોની માફક અભેદ થાઓ. અને આ શુભ મીલન જતે દહાડે સદૈવ અતુટ રહે. તેને માટે આ બે દેવી ભવિષ્યના ફારાઓની બે પાસે સજાગ પહેરેગીર માફક વિરાજમાન થાઓ. (રામેશિસની સાથે સાયા અને નાહરિનનો હાથ મેળવી આપે છે.)

સકલ—શુભમ્ ! શુભમ્ ! સાધુ ! સાધુ !

ખારેમ—સમ્રાટ્, હું આપની કાફ્રી પ્રજામાંનો એક, એક દિવસ મેં આપની વિરૂદ્ધ અસ્ત્રધારણ કરવાને કમ્મર બાંધી હતી,—અને તેમાં હું મનુષ્યત્વ સમજતો. પરન્તુ આજ હું મારો ભ્રમ સમજી શકયો છું. સમજ્યો છું કે સ્વતંત્રતાનો અર્થ સ્વેચ્છાચાર નથી. તેથી આજ હું દેવતાને નામે શપથ લઉં છું કે, મારા જીવનના શેષ દિવસો હું રાજ્યસેવામાં અતિવાહિત કરીશ. હું પ્રાર્થના કરૂં છું કે મિસરની પ્રજાશકિત છત્રછાયા તળે ચિરકાળ મનુષત્વનાં ગૌરવે ગૌરવાન્વિત થાઓ.

કાકાતુયા—કૌ.

જવનિકા.